અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ એપ્રિલ ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૪ | અંક : ૨૬૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## નેશનલ અને સ્ટેટ હાઇવે પરના ટોલ ટેક્સમાં ૫ થી ૪૦ રૂપિયાનો વધારો

### અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર કાર અને જીપ જેવા વાહનો માટે હાલના ૧૩૫ના બદલે હવે ૧૪૦ ટોલ ચૂકવવો પડશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ હાઈવે પર ટોલ ટેક્સમાં રૂપિયા પાંચથી ૪૦ સુધીનો વધારો ઝીંકાયો છે. આ ભાવ વધારો પહેલી એપ્રિલથી રાજ્યના વિવિધ ટોલ પ્લાઝા પર લાગૂ કરાશે. આગામી ૧ એપ્રિલથી અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર મુસાફરી કરનારા વાહનચાલકોને હવે વધુ ટોલ ચૂકવવો પડશે. નવા ભાવ મુજબ, કાર અને જીપ જેવા વાહનો માટે હાલના ૧૩૫ના બદલે હવે ૧૪૦ ટોલ ચૂકવવો પડશે. આ જ રીતે, બસ અને ટ્રક જેવા મોટા વાહનો માટે ટોલની કિંમત ૪૬૫થી વધીને ૪૮૦ થશે.

અમદાવાદ-વડોદરા વચ્ચેના નેશનલ હાઈવે ૪૮ પર પણ ટોલના દરમાં વધારો કરવામાં આવ્યો છે. વડોદરાથી આણંદ સુધી કારમાં મુસાફરી કરવા માટે હવે રૂ.૫૦ના બદલે રૂ.૫૫ ટોલ ચૂકવવો પડશે, જ્યારે વડોદરાથી નડિયાદ સુધીનો ટોલ રૂ.૭૦થી વધીને ૭૫ થશે. આ ઉપરાંત, રઘવાણજ ટોલ પ્લાઝા પર કાર અને જીપ માટે ટોલની કિંમત ૧૧૦ થઈ જશે, જ્યારે વાસદથી વડોદરા સુધી કાર અને જીપ માટે હવે ૧૬૦ ટોલ લેવામાં આવશે. ભરથાણા ટોલપ્લાઝા પર પણ કાર અને જીપની ટોલ ફી ૧૫૫થી વધીને ૧૬૦ થઈ જશે.

આમ, ૧ એપ્રિલથી રાજ્યના વિવિધ ટોલ પ્લાઝા પર ટોલના ભાવમાં વધારો થવાથી વાહનચાલકોના મુસાફરી ખર્ચમાં વધારો થશે, જે મોંઘવારીના સમયમાં તેમના માટે વધુ એક બોજ સાબિત થઈ શકે છે. આ નવા ટોલના દર આગામી નાણાકીય વર્ષની શરૂઆત સાથે જ લાગુ થઈ જશે. અમદાવાદ - વડોદરા વચ્ચેના એક્સપ્રેસ વે ટોલ ટેક્સમાં વધારો થતાં હવે કાર-જીપ ચાલકે રૂપિયા ૧૩૫ના બદલે ૧૪૦ રૂપિયા, રિટર્નમાં રૂપિયા ૨૦૫ના બદલે રૂપિયા ૨૧૫, એલસીવીના રૂપિયા ૨૨૦ના બદલે ૨૩૦, રિટર્નમાં રૂપિયા ૩૩૦ના બદલે રૂપિયા ૩૪૫ અને બસ-ટ્રકના ચાલકે રૂપિયા ૪૬૫ના બદલે રૂપિયા ૪૮૦ અને રિટર્નમાં ૭૨૦ના બદલ ૭૬૦ રૂપિયા પડશે. નવસારીના બોરિયાચ ટોલ ટેક્સ પર ટોલમાં પણ વધારો લાગુ થશે. બોરિયાચમાં માત્ર સાડા ચાર મહિના બાદ ફરી ટોલ ટેક્સમાં વધારો થયો છે. લાઈટ મોટર વ્હીકલના ૧૧૫ની જગ્યાએ ૧૨૦ રૂપિયા ચૂકવવાના રહેશે. કોમર્શિયલ વ્હીકલના ૧૯૦ની જગ્યાએ ૧૯૫ રૂપિયા ચૂકવવાના રહેશે.બસ અને ટ્રકના ૩૯૫ની જગ્યાએ ૪૧૦ ચૂકવવાના રહેશે.મલ્ટી એક્સલ વાહનોના ૬૨૦ની જગ્યાએ ૬૪૦ ચૂકવવાના રહેશે, મોટા વાહનોના ૭૫૫ની જગ્યાએ ૭૮૦ ચૂકવવાના રહેશે. કરનાલના ઘરૌંડા ટોલ પ્લાઝાની. અહીં ટોલના ભાવમાં ૫ રૂપિયાથી લઈને ૪૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે.



#### જમ્મુ-કાશ્મીર તરફ જતા વાહનોને સીધી અસર થશે

**નવા દર મુજબ, હવે કાર, જીપ અને વેન માટે એક તરફનો ટોલ ૧૯૫ રૂપિયા હશે, જ્યારે આવવા-જવાનો ટોલ ૨૯૦ રૂપિયા રહેશે. આ ઉપરાંત, માસિક પાસ માટે તમારે હવે ૬૪૨૫ રૂપિયા ચૂકવવા પડશે. ઘરૌંડા ટોલના દરમાં વધારો થવાથી દિલ્હીથી ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર તરફ જતા વાહનોને સીધી અસર થશે. ફરિદાબાદ અને પલવલ વચ્ચે આવેલા ગદપુરી ટોલ પ્લાઝા પર પણ ટોલના દરમાં ૫ રૂપિયાથી લઈને ૨૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. હાલમાં કાર દ્વારા એક તરફનો ટોલ ૧૨૦ રૂપિયા વસૂલવામાં આવે છે, જે આજથી ૫ રૂપિયા વધીને ૧૨૫ રૂપિયા થશે. તે જ સમયે, આવવા-જવા માટે તમારે ૧૮૦ રૂપિયાના બદલે ૧૮૫ રૂપિયા ચૂકવવા પડશે. વ્યાપારી વાહનો માટે એક તરફનો ટોલ ૧૯૦ રૂપિયાથી વધીને ૧૯૫ રૂપિયા અને બંને તરફનો ટોલ ૨૮૦ રૂપિયાથી વધીને ૨૯૦ રૂપિયા થશે.**

#### હાલમાં ખટકર ટોલ પર કાર, જીપ અને વાન માટે એક તરફનો ટોલ ૧૨૦ રૂપિયા અને બંને તરફનો ટોલ ૧૮૦ રૂપિયા છે

**ગુરુગ્રામમાં આવેલા ખેડકી દૌલા ટોલ પર પણ વાહનચાલકોને હવે ૫ રૂપિયા વધુ ચૂકવવા પડશે. અહીં ખાનગી કાર, જીપ અને વેન માટે ટોલ ૮૫ રૂપિયા, લાઇટ મોટર વ્હીકલ અને મીની બસ માટે ૧૨૫ રૂપિયા અને બસ તથા ટ્રક (2XL) માટે ૨૫૫ રૂપિયા રહેશે. વ્યાપારી કાર, જીપ અને વાન માટે માસિક પાસ ૧૨૫૫ રૂપિયા, લાઇટ મોટર વ્હીકલ અને મીની બસ માટે ૧૮૫૦ રૂપિયા અને બસ તથા ટ્રક (2XL) માટે ૩૭૭૦ રૂપિયા રહેશે. મહેન્દ્રગઢમાં હાઇવે નંબર 148B પર સિરોહી બહાલી નંગલ ચૌધરી અને હાઇવે નંબર 152D પર નારનૌલમાં જાટ ગુવાના ખાતેના ટોલના દરોમાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.દિલ્હી-પટિયાલા નેશનલ હાઈવે પર જીંદમાં આવેલા ખટકર ટોલ પ્લાઝા પર પણ ટોલના ભાવમાં ૫ રૂપિયાથી લઈને ૨૫ રૂપિયા સુધીનો વધારો થયો છે. હાલમાં ખટકર ટોલ પર કાર, જીપ અને વાન માટે એક તરફનો ટોલ ૧૨૦ રૂપિયા અને બંને તરફનો ટોલ ૧૮૦ રૂપિયા છે. આજથી કાર, જીપ અને વાન માટે એક તરફનો ટોલ ૧૨૫ રૂપિયા અને બંને તરફનો ટોલ પણ ૧૮૫ રૂપિયા થશે.**

---

### સોનિયા ગાંધીએ શિક્ષણ નીતિ પર સરકારને ઘેરી

## હજારો શાળાઓ બંધ અને સિલેબસનું સાંપ્રદાયિકરણ

### મોદી સરકાર રાજ્ય સરકારોને મહત્ત્વપૂર્ણ નીતિગત નિર્ણયોથી દૂર રાખી શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડી રહી છે : કોંગ્રેસ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**



કોંગ્રેસની પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ભારતની શિક્ષણ નીતિને લઈને મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ટીકા કરતા કહ્યું કે, મોદી સરકાર સંઘીય શિક્ષણ માળખાને નબળું પાડી રહી છે. તે 3C (Centralisation, commercialisation and communalisation) એજન્ડાને આગળ વધારી રહી છે અને તેના કારણે સંઘીય શિક્ષણ માળખું નબળું પડી રહ્યું છે. દેશના અગ્રણી અખબારના એક લેખમાં સોનિયા ગાંધીએ લખ્યું છે કે, છેલ્લા એક દાયકામાં કેન્દ્ર સરકારનો ટ્રેક રેકોર્ડ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે શિક્ષણમાં ત્રણ મુખ્ય એજન્ડાને આગળ વધારી રહી છે આ જ કારણે હું ચિંતિત છું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શિક્ષણનું કેન્દ્રિયકરણ, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિકીકરણ કરે છે. જેના કારણે સંઘીય શિક્ષણ માળખું નબળું પડી રહ્યું છે. મોદી સરકાર રાજ્ય સરકારોને મહત્ત્વપૂર્ણ નીતિગત નિર્ણયોથી દૂર રાખીને શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડી રહી છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષમાં આ સરકારના માત્ર સત્તા પર કબજો કરવાનું કામ કરી રહી છે. જેના શિક્ષણક્ષેત્રે નુકસાનકારક પરિણામો જોવા મળી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના શિક્ષણ મંત્રીઓની કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડની સાથેની બેઠક છેલ્લે સપ્ટેમ્બર ૨૦૧૯ બાદ એકવાર પણ નથી થઈ.

કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષએ વધુમાં કહ્યું કે, NEP ૨૦૨૦ દ્વારા શિક્ષણમાં આમૂલ પરિવર્તનો અપનાવતી વખતે અને તેનો અમલ કરતી વખતે પણ કેન્દ્ર સરકારે આ નીતિઓના અમલીકરણ અંગે એક વખત પણ રાજ્ય સરકારો સાથે સલાહ લેવાનું યોગ્ય ન માન્યું. આ એ વાતનો પુરાવો છે કે તે પોતાના સિવાય કોઈનો અવાજ સાંભળતી નથી, આ સિવાય જે વિષય ભારતીય બંધારણની સમવર્તી યાદીમાં છે તેમાં પણ કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર સાથે કોઈ ચર્ચા કરતી નથી. ઉચ્ચ શિક્ષણ તરફ ઈશારો કરતા સોનિયા ગાંધીએ કહ્યું છે કે, કેન્દ્ર સરકારે યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોની નિમણૂકમાં રાજ્ય સરકારોના અધિકારો પણ હટાવી દીધા છે. સમવર્તી યાદીમાં વિષયને પાછલા બારણેથી કેન્દ્ર સરકાર હેઠળ લાવવાનો આ પ્રયાસ છે અને સંઘવાદ પર હુમલો છે. લેખમાં સોનિયા ગાંધીએ શિક્ષણ વ્યવસ્થા પર સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, ખાનગીકરણના પ્રોત્સાહનને કારણે ૨૦૧૪ થી લગભગ ૮૯,૪૪૧ સરકારી શાળાઓ બંધ કરવામાં આવી હતી અને લગભગ ૪૨,૯૪૪ ખાનગી શાળાઓ ખોલવામાં આવી હતી. આપણી શિક્ષણ વ્યવસ્થામાં ભ્રષ્ટાચારનો વધતો વ્યાપ વેપારીકરણનું પરિણામ છે. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC)ના લાંચ કૌભાંડથી લઈને અસમર્થ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) સુધી, જાહેર શિક્ષણ વ્યવસ્થા અને એજન્સીઓ નાણાકીય ભ્રષ્ટાચાર માટે સતત સમાચારોમાં રહે છે.

કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષએ કહ્યું કે, કેન્દ્ર સરકાર આરએસએસ અને ભાજપના વૈચારિક એજન્ડાને પૂરા કરવા માટે સાંપ્રદાયિકરણ પર ભાર આપી રહી છે. મહાત્મા ગાંધીની હત્યા અને મુઘલ કાળને ઈતિહાસના અભ્યાસક્રમમાંથી હટાવી દેવામાં આવ્યો છે. મહત્ત્વની શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકો અને ડિરેક્ટરોની નિમણૂંકમાં મેરિટ સાથે ચેડા કરીમાં આવી રહ્યા છે. સોનિયા ગાંધી કહ્યું કે, કેન્દ્રીકરણ, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિકરણની આ કોશિશના પરિણામો સીધા આપણા વિદ્યાર્થીઓ પર પડ્યા છે.

---

### દંતેવાડા એન્કાઉન્ટરમાં ૨૫ લાખની ઈનામી મહિલા માઓવાદી ઠાર

**। (એજન્સી) છત્તીસગઢ, તા. ૩૧ ।**

છત્તીસગઢમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે, સોમવારે દંતેવાડા જિલ્લામાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ એક્રાઉન્ટરમાં એક મહિલા માઓવાદીનું મૃત્યું થયું હતું, જેના પર ૨૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. માઓવાદી પાસેથી એક ઈન્સાસ રાઈફલ અને દારૂગોળો મળી આવ્યો છે. દંતેવાડા એસપી ગૌરવ રાયે જણાવ્યું કે એક્રાઉન્ટર હજુ ચાલુ છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે દંતેવાડા અને બીજાપુર જિલ્લાના સરહદી વિસ્તારમાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચેની અથડામણમાં એક મહિલા માઓવાદીનું મૃત્યુ થયું છે.

---

### કરાચીમાં અજાણ્યા લોકોએ ગોળી મારી દીધી

## કરાચીમાં હાફિઝ સઈદનો વધુ એક સાથીદાર ઠાર

### લશ્કર-એ-તૈયબા માટે ભંડોળ એકત્ર કરી રહેલા અબ્દુલ રહેમાન પર અજાણ્યા બંદૂકધારીઓએ ગોળીબાર કર્યો

**। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩૧ ।**

પાકિસ્તાનમાં એક પછી એક અનેક આતંકીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે. હવે કરાચીમાં હાફિઝ સઈદના વધુ એક નજીકના મિત્રની હત્યા કરવામાં આવી છે. લશ્કર-એ-તૈયબા માટે ભંડોળ એકત્ર કરી રહેલા અબ્દુલ રહેમાન પર અજાણ્યા બંદૂકધારીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં તેણે જીવ ગુમાવ્યો હતો. મળતી માહિતી મુજબ અબ્દુલ રહેમાન અહલ-એ-સુન્નત વાલ જમાતનો સ્થાનિક નેતા હતો. તે કરાચીમાં લશ્કર માટે ફંડ એકઠું કરતો હતો. તેના એજન્ટો આખા વિસ્તારમાંથી ફંડ લાવીને તેની પાસે જમા કરાવતા હતા, ત્યારબાદ તે હાફિઝ સઈદને ફંડ પહોંચાડતો હતો. હાફિઝ સઈદના નજીકના મિત્ર પર આ હુમલો ત્યારે થયો જ્યારે તે તેના પિતા અને અન્ય લોકો સાથે હતો. આ હુમલામાં તેના પિતા સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાં અબ્દુલ રહેમાનનું ઘટનાસ્થળે જ અવસાન થયું હતું. પાકિસ્તાન છેલ્લા કેટલાક સમયથી આતંકવાદથી પીડિત છે. એક તરફ BLA અને તહરીક-એ-તાલિબાન બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સેનાને નિશાન બનાવી રહ્યા છે. બીજી તરફ એક પછી એક આતંકીઓને ઠાર કરવામાં આવી રહ્યા છે. હાફિઝ સઈદના નજીકના મિત્રને નિશાન બનાવનાર વ્યક્તિને ન તો કોઈએ જોયો છે અને ન તો ઓળખ્યો છે. તાજેતરમાં જ જમીયત-ઉલેમા-એ-ઈસ્લામના મુફ્તી અબ્દુલ બાકી નૂરઝાઈની ક્વેટામાં અજાણ્યા હુમલાખોરો દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

---

### રશિયાએ યુક્રેનના ખાર્કિવ ખાતે મિલિટરી હોસ્પિટલ પર ડ્રોન હુમલો કર્યો હતો

## યુએસએ રશિયાનાં તમામ ઉત્પાદનો પર પ્રતિબંધની ચીમકી આપી

### યુદ્ધ વિરામનો અમલ કરવાના બદલે રશિયાએ યુક્રેન પર રાજકીય અને લશ્કરી હુમલાની શરૂઆત કરી દીધી છે

**। (એજન્સી) કિવ, તા.૩૧ ।**



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થીમાં યુક્રેન અને રશિયાએ યુદ્ધ વિરામ માટે સંમતિ દર્શાવી હતી. યુદ્ધ વિરામનો અમલ કરવાના બદલે રશિયાએ યુક્રેન પર રાજકીય અને લશ્કરી હુમલાની શરૂઆત કરી દીધી છે. રશિયાના પ્રમુખ પુતિને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીની સરકારને ગેરકાયદેસર ગણાવી હતી. ત્યારબાદ રશિયાએ યુક્રેનના ખાર્કિવ ખાતે મિલિટરી હોસ્પિટલ પર ડ્રોન હુમલો કર્યો હતો, જેમાં બે વ્યક્તિનાં મોત થયા હતા અને ડઝનથી વધુ ઘાયલ થયા હતા. રશિયાના આ પગલાથી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે ભરાયા છે અને રશિયાના તમામ પર ઉત્પાદન પર પ્રતિબંધની ચીમકી ઉચ્ચારી છે. રશિયાએ યુક્રેનના ખાર્કિવ ખાતે મિલિટરી હોસ્પિટલ પર ડ્રોન હુમલો કર્યો હતો. યુક્રેન એરફોર્સના જણાવ્યા મુજબ, રશિયાએ ૧૧૧ ડ્રોનથી રવિવારે રાત્રે હુમલા કર્યા હતા. તેમાંથી ૬૫ ડ્રોનને આંતરવામાં સફળતા મળી હતી અને ૩૫ છટકી ગયા હતા. આ હુમલામાં હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા ૬૫ વર્ષીય પુરુષ અને ૭૦ વર્ષીય મહિલાનું મોત થયુ હતું. યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, છેલ્લા એક સપ્તાહમાં યુક્રેનના મોટાભાગના વિસ્તારો પર રશિયાએ હુમલા કર્યા છે. ૧૩૧૦ ગાઈડેડ એરિયલ બોમ્બ અને હજારથી વધુ ડ્રોન્સ સાથે રશિયાએ હુમલા કર્યા હતા. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને આક્ષેપ કર્યો હતો કે, યુક્રેનના બંધારણ મુજબ ઝેલેન્સ્કીની મુદત ગત વર્ષે પૂરી થઈ છે અને યુદ્ધ વિરામની સંધિ પર સહી કરવા તેઓ અધિકૃત નથી.રશિયાએ યુક્રેન પર બે મોરચે પ્રહાર શરૂ કરતાં ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે ભરાયા છે. પુતિને ઝેલેન્સ્કીની વિશ્વસનીયતા અને સત્તા અંગે કરેલી ટિપ્પણીને વખોડતા ટ્રમ્પે કહ્યું હતું કે, તેઓ રશિયા પર ખૂબ ગુસ્સે ભરાયા છે અને પુતિનથી કંટાળી ગયા છે. યુદ્ધ વિરામના કરાર ન થાય તો તેના માટે રશિયા જ જવાબદાર હશે. રશિયા ન સુધરે તો ટ્રમ્પે રશિયા પાસેથી ઓઈલ સહિતની તમામ વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવાની ચીમકી આપી હતી. રશિયાની ધમકી આપતી વખતે પણ ટ્રમ્પે પુતિન સાથે ખૂબ સારા સંબંધ હોવાનો દાવો કર્યો હતો.

---

### યુપીમાં સ્વતંત્રતા સેનાનીની જમીન નીચે તેલનો ભંડાર

**। (એજન્સી) લખનૌ, તા.૩૧ ।**

દેશનું સૌથી મોટું રાજ્ય ઉત્તર પ્રદેશ છેલ્લા ઘણા દિવસોથી સમાચારોમાં છે. યુપીમાં તેલનો ભંડાર મળી આવ્યો હોવાના અહેવાલ હતા. હવે ONGCએ આ સમાચારોને મંજૂરી આપી દીધી છે. રિપોર્ટ અનુસાર, સ્વતંત્રતા સેનાની ચિટ્ટુ પાંડેની જમીન નીચેથી જંગી માત્રામાં તેલનો ભંડાર મળી આવ્યો છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) એ આ શોધની પુષ્ટિ કરી છે.

---

### સરકારની નવો નિયમ બનાવવાની તૈયારી

## વારંવાર મેમો છતાં દંડ ન ભરતાં વાહનચાલકોની હવે ખેર નહીં

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

ટ્રાફિકના ભંગ બદલ મળતો ઈ-મેમો હવે જારી થયાના ત્રણ મહિનાની અંદર ચૂકવવામાં નહીં આવે તો ડ્રાઈવિંગ લાયસન્સ રદ થઈ શકે છે. વધુમાં કાયદા અમલીકરણ એજન્સીઓ એક નાણાકીય વર્ષમાં ખરાબ ડ્રાઈવિંગ, ટ્રાફિક સિગ્નલનો ભંગ જેવા નિયમોનો ત્રણ વખત ભંગ કરશે તો તેમનું લાયસન્સ ઓછામાં ઓછા ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર માર્ગ અકસ્માત અટકાવવા તેમજ મેમો પ્રત્યે નાગરિકોની બેદરકારીને ધ્યાનમાં લેતાં આ પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું કે, ઘણા રાજ્યોમાં મોટાપાયે ટ્રાફિક મેમો ચૂકવવામાં આવી રહ્યા નથી. જેના લીધે મેમોના માધ્યમથી ખરાબ ડ્રાઈવિંગ અને ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાનો ઉદ્દેશ સફળ થઈ રહ્યો નથી. જેથી સરકાર લાયસન્સ જપ્ત કરવાનું વિચારી રહી છે. વધુમાં જે લોકો પર ઓછામાં ઓછા બે ઈ-મેમો પેન્ડિંગ હોય તો તેમના વાહન પર ઈન્સ્યોરન્સ પ્રીમિયમ વધારી દેવામાં આવશે.

---

### પ્રશાંત કિશોર પણ ઉતર્યા સમર્થનમાં

## કામરાને મળી રાહત, આગોતરા જામીન મંજૂર

**। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।**

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અને શિવસેના પ્રમુખ એકનાથ શિંદે મુદ્દે વિવાદોમાં ફસાયેલા કોમેડિયન કુણાલ કામરાને કોર્ટે રાહત આપી છે. કામરાની મદ્રાસ હાઈકોર્ટમાં આગોતરા જામીનની અરજી સ્વીકારી લેવામાં આવી છે. જેથી કામરાની સાત એપ્રિલ સુધી ધરપકડ કરવામાં આવશે નહીં. પોલીસે તેને ૩૧ માર્ચ સુધીમાં હાજર થવા સમન્સ પાઠવ્યા હતા. જનસુરાજ પાર્ટીના પ્રમુખ પ્રશાંત કિશોર કુણાલના સમર્થનમાં ઉતર્યા છે. તેમણે કુણાલનો પક્ષ લેતાં કહ્યું કે, કુણાલ રાજનીતિ નથી કરતો. કોમેડિયન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમની વિરૂદ્ધ કટાક્ષ કરતી પૅરોડી બનાવ્યા બાદ રાજકારણમાં હોબાળો મચ્યો હતો. શિવસેના, ભાજપ સહિતના પક્ષોએ કામરાની ટીકા કરી હતી. પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. જો કે, કામરાએ માફી માગવાનો ઈનકાર કરતાં વધુ એક પૅરોડી બનાવી સરકાર પર પ્રહાર કર્યા હતા. આટલેથી ન અટકતાં કામરાએ દેશના નાણા મંત્રી નિર્મલા સીતારમણ પર પણ ટીખળ કરી હતી. પ્રશાંત કિશોરે કહ્યું કે, કામરા રાજનીતિ કરી રહ્યો નથી. તે કોઈ ખોટો ઈરાદો ધરાવતો નથી. જ્યાં સુધી હું કામરાને જાણું છું, તેને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તે મારો સારો મિત્ર છે. તેણે અમુક એવી વાતો કહી જેના લીધે વિવાદ થયો. પરંતુ કામરા કોઈ ખોટી ભાવના સાથે બોલ્યો નથી. કુર્ણાલ ઓર્ગેનિક ફાર્મિંગ કરવાની સાથે સ્ટેન્ડઅપ કોમેડી પણ કરે છે.

---

### AAP સાંસદ સંજયસિંહનો દાવો

## વક્ફ બિલ આવ્યું તો પડી જશે મોદી સરકાર, નીતિશ-નાયડુ ખેંચી લેશે ટેકો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।**

વક્ફ બિલ પર દેશમાં રાજકીય નિવેદનબાજી ચાલુ છે. આ દરમિયાન છઠ્ઠ સાંસદ સંજય સિંહે રવિવારે (૩૦મી માર્ચ) દાવો કર્યો હતો કે, જો ભાજપ વક્ફ બિલ લાવશે તો મોદી સરકાર પડી જશે. તેમણે કહ્યું કે, ચંદ્રબાબુ નાયડુ, નીતિશ કુમાર, ચિરાગ પાસવાન અને જયંત ચૌધરી બધાએ મળીને અલ્ટીમેટમ આપ્યું છે. લખનઉમાં પાર્ટીના કાર્યાલયમાં આપ સાંસદ સંજય સિંહે કહ્યું કે, વર્ષ ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. જેમાં મોદી સરકારે કહ્યું કે અમારી પાસે ૯૯ ટકા મિલકતોના દસ્તાવેજો છે. બધી મિલકતો માન્ય છે. બિલમાં એવું લખેલું છે કે જો કોઈ વ્યક્તિ પાંચ વર્ષ સુધી મુસ્લિમ રહે છે, તો જ તે મસ્જિદ કે મદરેસામાં દાન કરી શકે છે. દુનિયાનો કોઈ એવો કાયદો જણાવો જેમાં દાન આપવા માટે ધાર્મિક રીતરિવાજોનું પાલન કરવું જરૂરી હોય. નાસ્તિક પણ દાન કરી શકે છે. જે કોઈ પણ ધર્મમાં માનતો નથી. શું તમે આવો કોઈ કાયદો બનાવ્યો છે?

# ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષથી વાર્ષિક બજેટની વિગતો છૂપાવાતાં વિવાદ

## અત્યાર સુધી સેનેટની બેઠકમાં બજેટ પસાર કરીને સાર્વત્રિક કરાતું પણ કોમન એક્ટ પછી બજેટની એકપણ વિગતો જાહેર કરવામાં આવી નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

ગુજરાત યુનિવર્સિટીમાં સળંગ બીજા વર્ષે સત્તાવાર બજેટની કોઈ આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવી નથી. સરકાર દ્વારા વિધાનસભામાં સત્તાવાર બજેટ જાહેર કરવામાં આવતું હોય ત્યારે યુનિવર્સિટી સત્તાધીશો સળંગ બે વર્ષથી કયા કારણોસર બજેટની વિગતો છુપાવી રહ્યા છે તેની ચર્ચા શરૂ થઈ છે. આશ્ચર્યની વાત એ કે, પૂર્વ અને વર્તમાન રજિસ્ટ્રાર પણ બજેટની વિગતો અંગે અજાણ હોવાનું બહાર આવી રહ્યું છે.યુનિવર્સિટીમાં દરવર્ષે માર્ચ મહિના સુધીમાં વાર્ષિક બજેટ જાહેર કરવામાં આવતું હોય છે. આ બજેટમાં યુનિવર્સિટીને કેટલી આવક થશે, કયાંથી આવક થશે તેની સામે કેટલો ખર્ચ થશે, વિદ્યાર્થીઓની ફીમાંથી કેટલી રકમ આવશે, ભાડાની કેટલી આવક થઈ, અધ્યાપકો પાછળ કેટલો ખર્ચ થયો, યુનિવર્સિટી કાર્યાલય પાછળ કેટલો ખર્ચ થયો તે સહિતની નાનામાં નાની વિગતો વાર્ષિક બજેટમા જાહેર કરવામાં આવતી હોય છે. ભૂતકાળમાં દરવર્ષે ૨૯-૩૦ માર્ચના રોજ સેનેટની બેઠક બોલાવીને તેમાં સત્તાવાર રીતે બજેટને મંજુરી આપવાની પ્રક્રિયા કરવામાં આવતી હતી. જોકે, કોમન એક્ટ અને નવી એજ્યુકેશન પોલીસી આવ્યા બાદ સત્તામંડળોમાં ફેરફાર કરવા ઉપરાંત સેનેટની વ્યવસ્થા જ કાઢી નાંખવામાં આવી છે. આ સ્થિતિમાં સિન્ડીકેટની બેઠકમાં વાર્ષિક બજેટ રજૂ કરવાનું હોય છે. આ મુદ્દે યુનિવર્સિટીના સત્તાધીશો કહે છે કે અગાઉ મળેલી સિન્ડીકેટની બેઠકમાં બજેટને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી પરંતુ કેટલા કરોડનું બજેટ હતુ તેની કોઈ વિગતો નથી. વર્તમાન રજિસ્ટ્રાર પાસે પણ બજેટની લગતી કોઈ જાણકારી કે બજેટની કોપી પણ ઉપલબ્ધ નથી. મહત્વની વાત એ કે, રાજય સરકાર દ્વારા વિધાનસભામાં બજેટ જાહેર કરવામાં આવે છે અને આ બજેટ સામાન્ય વ્યક્તિની સમજણમાં આવે તે પ્રકારની વ્યવસ્થા પણ કરવામાં આવતી હોય છે. એટલું જ નહી સરકાર દ્વારા કેટલા કરોડનું બજેટ છે તેની સત્તાવાર જાહેરાત પણ કરાતી હોય છે. આમ, હાલની સ્થિતિમાં સરકાર કરતાં પણ ગુજરાત યુનિવર્સિટી મોટી હોય અને મહત્વની હોય તેવી રીતે છેલ્લા બે વર્ષથી બજેટનો આંકડો જ જાહેર કરવામાં આવતો નથી. ગૂજરાત વિદ્યાપીઠ અને જીટીયુ દ્વારા પણ તાજેતરમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. પરંતુ યુનિવર્સિટીના સત્તાધીશો બજેટના મુદ્દે કુલડીમાં ગોળ ભાંગતા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષથી બજેટની કોઈ વિગતો જાહેર કરાતી નથી. આ મુદ્દે યુનિવર્સિટી સાથે જોડાયેલા તજજ્ઞો કહે છે કે, વર્તમાન કુલપતિ આવ્યા બાદ એસ્ટેટ ડીપાર્ટમેન્ટ, એકાઉન્ટન્ટ અને જીયુસેક સહિતના અનેક મહત્વના વિભાગોમાં ઓએનજીસીમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓને દોઢ લાખ રૂપિયાથી લઈને ૫ લાખ રૂપિયા સુધીના તોતિંગ પગારથી નિયુક્ત કરવામાં આવ્યા છે. ખાલી પડનારી જગ્યા પર હવે ઓએનજીસીમાંથી જ અધિકારીઓ આવી રહ્યા છે ત્યારે તેમને ચુકવવામાં આવતાં પગારને લઈને વિવાદ થઈ ચુક્યો છે. આ ઉપરાંત વિદેશ પ્રવાસ સહિતના અનેક ખર્ચા બજેટમાં દર્શાવવા પડે તેમ હોવાથી બજેટની આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવતી નહોવાની ચર્ચા યુનિવર્સિટીમાં શરૂ થઈ છે.

# ઝાલોદ નગરની અગ્રવાલ સમાજની મહિલાઓ દ્વારા ગીતા મંદિરેથી ગણગૌર માતાની શોભાયાત્રા કાઢી રામસાગર ખાતે વિદાય આપી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

ગણગૌર એ એક હિન્દુ તહેવાર છે. આ તહેવાર રાજસ્થાનનો સૌથી મોટો તહેવાર મનાય છે સમય જતાં આ તહેવારે મોટું રૂપ ધારણ કરતા તે અન્ય રાજ્યોમાં પણ ઉજવવામાં આવે છે. આ ઉત્સવ ચૈત્ર મહિનામાં આવે છે. આ ઉત્સવ વૈવાહિક આશીર્વાદ, સંતાન પ્રાપ્તિ માટે નવ પરિણીત મહિલા રાખતી હોય છે તેમજ અપરિણીત મહિલાઓ સારા પતિની આશામાં આ વ્રત કરતી હોય છે. આ વ્રત હોળી પછી ચૈત્ર મહિનામાં શુક્લ પક્ષ ત્રીજના રોજ થી આ તહેવાર ઉજવાતો હોય છે.

આ દિવસે કુવાંરી કન્યાઓ તેમજ નવ પરિણીત મહિલાઓ શિવ (ગણ) અને પાર્વતી (ગૌર)ની પૂજા અર્ચના કરતી હોય છે. રાજસ્થાનમાં ગણગૌર નિમિતે ઉજવાતા આ ઉત્સવમાં શિવ જી ને ઈસરજી અને પાર્વતી માતાને ગૌરી તરીકે માની દુબથી પાણીનો છંટકાવ કરી પૌરાણિક રાજસ્થાની ગીતો ગાઈ પૂજા અર્ચના કરવામાં આવે છે. તેમજ ગણગૌર માતાને રોજ નવા નવા વસ્ત્રો થી સજાવી પૂજા અર્ચના કરે છે. પૌરાણિક માન્યતા પ્રમાણે પાર્વતી માતા લગ્ન પછી પહેલી હોળી પર અઢાર દિવસ પોતાના પિયરમાં રોકાયા હતા તે માન્યતા મુજબ નવ પરિણીત મહિલાઓ પહેલી હોળી પછી અઢાર દિવસ સુધી પિયરમાં રોકાઈ ગણગૌર માતા માટી થી બનાવી કુવાંરી કન્યાઓને સાથે રાખી રોજ પૂજા અર્ચના કરતી હોય છે. ઝાલોદ નગરમાં વસતા અગ્રવાલ સમાજ જે રાજસ્થાનની સંસ્કૃતિ થી જોડાયેલ છે તે તેમજ બીજા રાજ્યોમાંથી આવેલ જેઓ આ ઉત્સવમાં આસ્થા ધરાવે છે તે તમામ લોકો આ ઉત્સવને ઉજવતા હોય છે. ઝાલોદ નગરની નવ પરિણીત મહિલાઓ દરરોજ નવા નવા વસ્ત્રો થી સજીને જ્યાં જ્યાં ગણગૌર લઈ જાય છે ત્યા જઈ પૂજા અર્ચના કરે છે તેમજ દરરોજ ફરવા પણ જતી હોય છે.ઝાલોદ નગરની અગ્રવાલ સમાજની નવ પરિણીત મહિલાઓ અઢાર દિવસ સુધી ગણગૌર માતાનું પૂજન કરે છે તેમજ નવ પરિણીત મહિલાઓના શિવ (ઈસર) તેઓને આ ઉત્સવના સમાપન પર લેવા આવતા હોય છે. તેમજ વાજતે ગાજતે ચૈત્ર શુક્લ તૃતીયાને દિવસે ગણગૌર માતાની વિદાય થતી હોય છે.

# ઝાલોદ નગર સિંધી સમાજ દ્વારા હર્ષોલ્લાસ સાથે ચેંટીચંદની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

આજરોજ ૩૦-૦૩-૨૦૨૫ રવિવારના રોજ ઝૂલેલાલ મંદિર પર સિંધી સમાજના સહુ લોકો ચેંટીચંદ પર્વ નિમિતે ઉપસ્થિત રહેલ હતા. ચેંટીચંદ સિંધી સમાજ દ્વારા ઉજવાતો લોકપ્રિય ઉત્સવ છે તેઓના ઈષ્ટ દેવતા ભગવાન ઝુલેલાલનો આજે જન્મોત્સવનો દિવસ છે. ભગવાન ઝુલેલાલને જળ અને જ્યોતિના અવતારના રૂપે માનવામાં આવે છે. ભગવાન ઝુલેલાલે સદભાવના, ભાઈચારો અને ધર્મની રક્ષા માટે જન્મ લીધો હતો. ચેંટીચંદના દિવસે ભક્તો લાકડાનું મંદિર બનાવી તેમાં એક જળ પાત્ર સ્થાપિત કરી જ્યોતિ પ્રગટાવી આ મંદિરને મસ્તક પર ધારણ કરે છે જેને બહિરાણા સાહેબ પણ કહેવામાં આવે છે. આજે ચૈત્ર સુદ એકમ ચેંટીચંદના પવિત્ર દિવસ નિમિતે ઝાલોદ સિંધી સમાજના ઝુલેલાલ મંદિરને ખૂબ જ સુંદર રીતે સજાવવા આવેલ હતું. મંદિરનો શણગાર તેમજ ઝુલેલાલ ભગવાનનો શણગાર આંખોને વળગે એવો લાગતો હતો. સિંધી સમાજ દ્વારા આજના પવિત્ર દિવસે વિવિધ ધાર્મિક તેમજ મનોરંજન પ્રોગ્રામોનુ આયોજન કરવામાંઆવ્યુ હતું. ૨૯-૦૩-૨૦૨૫ ના દિવસે બાળકો માટેની ઈવેન્ટ તેમજ ભજન સત્સંગ રાખવામાં આવેલ હતા. ત્યારબાદ ૩૦-૦૩-૨૦૨૫ રવિવારના રોજ સવારના પૂજા અર્ચના, મહાઆરતી , ધૂન, ભજન સત્સંગ રાખવામાં આવેલ હતા ત્યારબાદ સવારે ૧૧ વાગે ઝુલેલાલ મંદિરે ધ્વજાની પૂજા અર્ચના કરી ધ્વજા આરોહણ કરવામાં આવી હતી. ત્યારબાદ સમાજના વિવિધ મનોરંજન કાર્યક્રમો રાખવામાં આવેલ હતા. સાંજના સમયે ઝુલેલાલ ભાગવાની શોભાયાત્રા નગરના માર્ગો પર વાજતે ગાજતે કાઢવામાં આવી હતી. સિંધી સમાજના સહુ લોકો સિંધી ભજન પર નાચતા ઝૂમતા જોવા મળતા હતા. શોભાયાત્રા દરમિયાન નગરના રાજમાર્ગો આયોલાલ ઝુલેલાલના નાદ થી ગુંજી ઉઠયું હતું. નગરના સિંધી સમાજના સહુ લોકો પોતાના વ્યાપાર રોજગાર બંધ રાખી સમાજના ઉત્સવમાં જોડાયા હતા. નગરમાં સિંધી સમાજ દ્વારા યોજવામાં આવેલ શોભાયાત્રામાં સમાજના મોટા પ્રમાણમાં લોકો ઉપસ્થિત રહેતા સામાજિક એકતા જોવા મળી હતી. છેલ્લે સમાજના સહુ લોકો મંદિરે મહાઆરતી કરી મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

### ઝાલોદ મુસ્લિમ સમાજના

# નવ વર્ષના બાળકે રોજા રાખી સમાજમાં પ્રેરણારૂપ બન્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।



ઝાલોદમાં રહેતા મુસ્લિમ સમાજના ૯ વર્ષનો બાળક પવિત્ર રમજાન માસ નિમિત્તે રાખવામાં આવતા રોજા રાખી અને રમઝાન માસમાં અન્ય લોકોને તેમજ ખાસ કરીને મોટા વડીલોને પણ પ્રેરણા મળે તેવું કાર્ય કરી અને રોજા રાખ્યા હતા. ઝાલોદ શહેરના આ નાના બાળક દ્વારા પવિત્ર રમજાન માસ નિમિત્તે મુસ્લિમ સમાજના લોકો જે રીતે રોજા રાખે છે અને રોજા ખોલે છે તે મુજબ વહેલી સવારે રોજા રાખ્યા હતા અને સાંજના સમયે રોજા ખોલી અલ્લાહની ઈબાદત કરી દુઆઓ કરી હતી.

વર્તમાન સમયની અંદર મુસ્લિમ સમાજનો પવિત્ર રમજાન માસ ચાલી રહ્યો છે. આ રમજાન માસ નિમિત્તે મુસ્લિમ સૌ કોઈ લોકો રોજા રાખી અને દુઆ કરતા હોય છે. રમજાન દરમિયાન રોઝા રાખનાર વ્યક્તિઓ વહેલી સવારથી નિશ્ચિત સમયે રોજો રાખી દે છે અને સાંજના સમયે તેમના નિશ્ચિત સમયે રોજો ખોલી નાખતા હોય છે. પરિવારથી પ્રભાવિત થઈ અને ઝાલોદ શહેરના મુસ્લિમ સમાજના સાઈબ સાજિદભાઈ નો ૯ વર્ષના છોકરાએ આજ સુધી રમજાન માસના બધા રોજા રાખી આ રમઝાન માસ હાલની પરિસ્થિતિમાં ઉનાળા માસ દરમિયાન આવ્યો છે. ઉનાળામાં લોકો પાણી વગર પણ નથી રહી શકતા ત્યારે આવા સમયે આ આવા નાના ફૂલ જેવા દીકરા દીકરીઓ રોજા રાખી સૌ કોઈ મોટા વ્યક્તિઓને પણ પ્રેરણા સ્વરૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### ખાનગી હોસ્પિટલોએ બાંયો ચડાવી

# ગુજરાતમાં આયુષ્માન કાર્ડ હશે તો પણ નહીં મળે હૃદય રોગની સારવાર

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ સહિત ગુજરાતભરની ખાનગી હોસ્પિટલોમાં આગામી ૧ થી ૭ એપ્રિલ દરમિયાન આયુષ્યમાન ભારત યોજના હેઠળ કાર્ડિયોલોજી સેવાઓ અસ્થાયી ધોરણે બંધ કરવાની ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ્સ ફોરમ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

તેમની માગણી છે કે કાર્ડિયોલોજી સારવાર માટે મળતા વળતરના દરો હાલની આર્થિક પરિસ્થિતિઓ મુજબ નથી. છેલ્લાં દાયકા દરમિયાન સારવાર ખર્ચ સતત વધ્યો છે. પરંતુ, પેકેજના દરોમાં તે પ્રમાણે વધારો નથી થયો, જે દર્દીઓ માટે ગુણવત્તાસભર સારવારમાં અવરોધ ઊભો કરે છે.ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલાજિસ્ટ્સ ફોરમે એક યાદીમાં જણાવ્યું છે કે, ‘PMJAY નો હેતુ આરોગ્યસંભાળ સુલભ બનાવવાનો છે. પરંતુ આર્થિક વાસ્તવિક્તાઓ-સારવાર ખર્ચની હકીકતને અવગણીને નક્કી કરાયેલા દર અવરોધરૂપ છે. PCI અને અન્ય પેકેજમાં પૂરતો વધારો નહીં થવાથી PMJAY હેઠળ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી સેવા આપવી મુશ્કેલ બની રહી છે. જો યોગ્ય સુધારો નહીં કરવામાં આવે તો પહેલી એપ્રિલથી ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી માટે PMJAY હેઠળ સેવાઓ બંધ કરવા ફરજ પડશે. આ અંગે વિવિધ રજૂઆતો સાથેનું આવેદનપત્ર ગુજરાતના જિલ્લા કલેક્ટરોને આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગુજરાત રાજ્ય આરોગ્ય એજન્સી અને PMJAYના સત્તાધીશોને પણ રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ફોરમ દ્વારા કહેવાયું છે કે, હાલના દરો એટલા ઓછા છે કે હોસ્પિટલો અને કાર્ડિયોલોજીસ્ટ ગુણવત્તાસભર સારવાર આપવામાં નિષ્ફળ જાય છે. આ ઉપરાંત સ્થળ પર કાર્ડિયો થોરાસિક અને વેસ્ક્યુલર સર્જરીની ફરજિયાત હાજરીનો નિયમ પણ અવાસ્તવિક-અવ્યવહારુ છે.

### ધ્વજા આરોહણ, અખંડ દિપ પ્રાગટ્ય, મહાઆરતી, રાસ ગરબાનુ આયોજન કરાયું

# ઝાલોદ ખોડીયાર માતા મંદિર ખાતે નવરાત્રિ પાવન પર્વ નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

૩૦-૦૩-૨૦૨૫ ચૈત્ર સુદ એકમ એટલે નવરાત્રિ પ્રારંભ. આજના પાવન પર્વ નિમિતે ખોડિયાર માતા મંદિરે ભાવિક ભક્તો મંદિરે દર્શનાર્થે ઉમટી પડેલ હતા. આજે વહેલી સવારથી જ માતાના મંદિરે ભાવિક ભક્તોનો ઘસારો જોવા મળતો હતો.

ખોડીયાર માતા મંદિર સમિતિ દ્વારા ઢોલ નગારા સાથે વાજતે ગાજતે સવારે ૮ કલાકે ધ્વજા આરોહણ કરવામાં આવી હતી ત્યારબાદ નવરાત્રિ પર્વ નિમિતે અખંડ દિપ પ્રાગટ્ય, મહાઆરતી કરવામાં આવી હતી ત્યારબાદ ઢોલ નગારા સાથે મંદિરના પ્રાંગણમાં નવરાત્રીના પાવન અવસરે રાસ ગરબાની રમઝટ પર ભાવિક ભક્તો ગરબે ઘૂમ્યા હતા. નવરાત્રીના નવ દિવસ દરમ્યાન સવારે ૮:૩૦ કલાકે અને સાંજે ૭:૧૫ આરતી કરવામાં આવનાર છે. તેમજ ૫-૦૪-૨૦૨૫ શનિવારના રોજ અષ્ટમી નિમિતે સવારે ૧૧ વાગ્યાથી હવન પૂજા તેમજ સાંજે ૬ કલાકે હવનની પૂર્ણાહુતિ થનાર છે. આજના દિવસે આવનાર ભક્તો દ્વારા બોલ મારી અંબે જય જય અંબેના જયકાર સાથે મંદિર પ્રાંગણ ભાવિક ભક્તોના નાદ થી ગુંજી ઉઠયું હતું.

# કડકાઇ વચ્ચે પણ અમેરિકામાં ઘૂસણખોરીનો પ્રયાસ કરાવતો કલોલનો એજન્ટ ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા અને ઘૂસણખોરી કરનાર સામે ત્યાંની સરકારે લાલઆંખ કરી છે. આટલું જ નહીં, દુનિયાભરના ઘૂસણખોરોને પરત તેમના વતન મોકલવામાં આવી રહ્યા છે. ગુજરાતના ૭૪ સહિત સાડા ૩૫૦થી વધુ ભારતીયોને પણ પરત ભારત ડિપોર્ટ કરી દેવાયા છે. આવી પરિસ્થિતિમાં પણ કેનેડાથી અમેરિકામાં ઘૂસણખોરી કરાવનાર કલોલના એક એજન્ટ જિતુ પટેલની સેન્ટ્રલ એજન્સીએ અટકાયત કરીને તેની પૂછપરછ કરી હોવાનું જાણી શકાયું છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે પ્રેસિડેન્ટ તરીકેનો સંભાળ્યો ત્યારથી જ અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી પર બ્રેક લાગી ગઈ છે. તમામ બોર્ડર સીલ કરી દેવામાં આવી છે. ઉપરાંત, અમેરિકામાં ઘૂસણખોરી કરીને રહેતા હજારો લોકોની યાદી તૈયાર કરી તેમને પણ પરત તેમના દેશમાં રવાના કરવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી કબૂતરબાજી કરતા એજન્ટો મેક્સિકોના ડંકી રૂટથી લોકોને અમેરિકામાં ઘૂસાડતા હતા. ટ્રમ્પ સરકારે મેક્સિકો બોર્ડર પર કડક તપાસ શરૂ કરી દેતાં હાલ મેક્સિકોથી થતી ઘૂસણખોરી અટકી ગઈ છે. આવી પરિસ્થિતિમાં પણ કલોલના જિતુ પટેલ નામના એજન્ટે પોતાના ક્લાયન્ટને કેનેડા બોર્ડર પરથી ઘૂસણખોરી કરાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘૂસણખોરી કરતા ઝડપાયેલા લોકોએ આ વ્યવસ્થા કલોલના જિતુ પટેલે કરી આપી હોવાની વિગતો રજૂ કરી હતી.

### અશ્વોની પાટીદોડ અને મોટી રેવાલ ચાલમાં વિજેતા અશ્વોના માલિકોને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા

# ઉદ્યોગમંત્રી બળવંતસિહ રાજપૂતની ગરિમામય ઉપસ્થિતિમાં વિરમગામના ઓગાણ ગામે અશ્વ હરીફાઈ યોજાઇ

। (માહિતી) અમદાવાદ ।



વિરમગામ તાલુકાના ઓગાણ ગામે રુદ્રાક્ષ અશ્વ ગ્રૂપ દ્વારા આયોજિત અશ્વ હરીફાઈમાં ઉપસ્થિત ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે અશ્વ હરીફાઈ એ ભારતીય સંસ્કૃતિ અને તેના વારસાને જાળવી રાખવાનું અનોખું અભિયાન છે. તેમણે ઉમેર્યું હતું કે આવી સ્પર્ધાઓ અને કાર્યક્રમો થકી ઐતિહાસિક યુદ્ધકળા, શૌર્ય અને અશ્વસંવર્ધનનું પ્રતિબિંબ જોવા મળે છે.

શ્રી રાજપૂતે વધુમાં કહ્યું કે શિસ્ત, સમર્પણ, આત્મ વિશ્વાસનો સંદેશ આપતાં આ પ્રકારના કાર્યક્રમો આપણી પરંપરાના જિવંત પ્રતીક હોવાની સાથે શોર્યનો મહોત્સવ પણ છે. તેમણે ઉમેર્યું કે સાણંદ ખાતે એક તરફ, સેમિકન્ડકટર્સ ચિપ ઉત્પાદનનાં મહત્ત્વનાં એકમો છે, તો બીજી તરફ, અશ્વ હરીફાઈ જેવા આયોજનો થકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘વિરાસત ભી, વિકાસ ભી’ના અભિગમનો સમન્વય એક સાથે જોઈ શકાય છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત જ઼૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા માટેનો ગુજરાતનો રોડમેપ તૈયાર છે. જેના થકી ભારત વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે અને રાજ્યના છેવાડાના માનવીનો વિકાસ થાય, તે દિશામાં આગળ આવવા સૌને સાથ અને સહકારથી કામ કરવા મંત્રી શ્રી રાજપૂતે અપીલ કરી હતી. આ તકે ઉપસ્થિત વિરમગામના ધારાસભ્યશ્રી હાર્દિક પટેલે જણાવ્યું કે અશ્વ ગ્રૂપ દ્વારા અશ્વ હરીફાઈના આયોજનથી નવીન શક્તિનો સંચાર અને લોકોને એક સાથે જોડીને આપણી સાંસ્કૃતિક ધરોહરને જોડવાનું કામ થયું છે. તેમણે રાજપૂત યુવા ગ્રૂપના સહયોગ થકી નવતર કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને આવનારા સમયમાં આ વિસ્તારમાં વિકાસનાં અનેક કામો થવાનાં છે તેવો વિશ્વાસ અપાવ્યો હતો. જ્યારે ગૌ ભક્ત ચૈતન્યશંભુ મહારાજે પૌરાણિક કાળથી અશ્વોની વિવિધ નસલ અને તેના મહત્ત્વ વિશે માહિતી આપી, સમગ્ર કાર્યક્રમના આયોજન બદલ રુદ્રાક્ષ ગ્રૂપને અભિનંદન અને આશીવર્ચન પાઠવ્યા હતા. આ અશ્વ હરીફાઈમાં મોટી રેવાલ ચાલ અને પાટી દોડનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રેષ્ઠ ત્રણ અશ્વો અને તેના માલિકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનારને અનુક્રમે રૂ. એક લાખ, રૂ. ૫૧ હજાર અને રૂ. ૩૧ હજારનું ઈનામ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, શ્રી કનુભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી કમાભાઈ રાઠોડ, વિરમગામ એપીએમસીના ચેરમેન ભરતસિંહ સિંધવ, અગ્રણીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, અગ્રણી શ્રી શૈલેષભાઈ દાવડા, સાણંદ-વિરમગામ તાલુકા અને અમદાવાદ જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, ચેરમેનશ્રીઓ, રૂદ્રાક્ષ અશ્વ ગ્રૂપ સાણંદ-વિરમગામના હોદેદારો, સભ્યશ્રીઓ, અશ્વધારકો અને અશ્વચાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





જબલપુરમાં 'ગદા યાત્રા'ના ભાગ રૂપે હિન્દુ સેવા પરિષદના કાર્યકરો ચૈત્ર નવરાત્રી શોભાયાત્રામાં ભાગ લેતા શ્રદ્ધાળુઓ.

## ન્યૂઝ બ્રિફ

### અર્જુન સાથે બ્રેકઅપ બાદ પૂર્વ ક્રિકેટર સાથે દેખાઈ મલાઇકા

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

મલાઈકા અરોરા, અર્જુન કપૂરથી બ્રેકઅપ બાદ મૂવ ઓન કરી રહી છે. તેને શો, ઈવેન્ટ્સ અને અન્ય એક્ટિવિટીઝમાં ભાગ લેતાં જોઈ શકાયછે. તે અત્યારે હિપહોપ ઈન્ડિયા ૨ માં રેમો ડિસોઝા સાથે જજ તરીકે કામ કરી રહી છે. આ દરમિયાન તે રવિવારે રમાયેલી આઈપીએલ ૨૦૨૫ની ચેન્નઈ સુપરકિંગ્સ અને રાજસ્થાન રોયલ્સની મેચને જોવા પહોંચી. તે આ મેચને એન્જોય કરી રહી હતી પરંતુ તે એકલી આ મેચને એન્જોય કરી રહી નહોતી. તેની સાથે શ્રીલંકાનો પૂર્વ ક્રિકેટર અને રાજસ્થાન રોયલ્સનો પૂર્વ કોચ કુમાર સંગકારા પણ જોવા મળ્યો. મલાઈકા અરોરાએ આ દરમિયાન રાજસ્થાન રોયલ્સની ટી-શર્ટ પણ પહેરેલી હતી. તે કુમાર સંગકારા સાથે રાજસ્થાનને સપોર્ટ કરી રહી હતી. ટીવી સ્ક્રીન પર જ્યારે લોકોએ તેને કુમાર સાથે જોઈ તો આશ્ચર્ય વ્યક્ત કર્યું. બંનેની ડેટિંગની વાતો થવા લાગી. મલાઈકા અને કુમારની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર શેર થવા લાગ્યા. તસવીરો અને વીડિયો પર કમેન્ટ કરતાં લોકો જાત-ભાતની અટકળો લગાવી રહ્યાં છે. રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપરકિંગ્સની વચ્ચે આ મેચ ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં થઈ હતી, જેમાં મલાઈકા અરોરા અને કુમાર સંગકારા સાથે રાજસ્થાન રોયલ્સના ડગ આઉટમાં જોવા મળી. એક યુઝરે બંનેની સાથેની તસવીર શેર કરતાં લખ્યું,

### પાકિસ્તાનના પૂર્વ PM ઈમરાન ખાનને મળશે શાંતિ નોબલ પુરસ્કાર?

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩૧ ।

જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને શાંતિ નોબલ પુરસ્કાર આપવાની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. પાકિસ્તાન વર્લ્ડ એલાયન્સ (PWA) અને નોર્વેજિયમ રાજકીય પાર્ટી સેન્ટ્રમ (CPN) એ માનવાધિકારો અને લોકશાહી પ્રત્યે યોગદાન બદલ ઈરમરાનનું નામ પુરસ્કાર માટે નોમિનેટ કર્યું છે. પાકિસ્તાન વર્લ્ડ એલાયન્સ એક વકીલાત જૂથ છે અને તેની સ્થાપના ડિસેમ્બર-૨૦૨૩માં કરવામાં આવી હતી. આ સંગઠન નોર્વેની રાજકીય પાર્ટી સેન્ટ્રલ સાથે જોડાયેલું છે. સેન્ટ્રલ પાર્ટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પુરસ્કાર અંગે પુષ્ટી કરી છે. પાર્ટીએ કહ્યું કે, ઈમરાન ખાને માનવાધિકારો અને લોકશાહીમાં શ્રેષ્ઠ કાર્યો કર્યા હોવાનું તેમને નોમિનેટ કરવામાં આવ્યા છે. ઈમરાન ખાને અગાઉ દક્ષિણ એશિયામાં શાંતિ સ્થાપવાની દિશામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું, જેના કારણે તેમને ૨૦૧૯માં શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરાયા હતા. ઉલ્લેખનીય છે કે, નોર્વેજિયમ નોબેલ સમિતિને દર વર્ષે સેંકડો નોમિનેશન મળે છે. ત્યારબાદ આઠ મહિનાની લાંબી પ્રક્રિયા બાદ વિજેતાનો નિર્ણય, પછી ઓક્ટોબરમાં પુરસ્કારની જાહેરાત અને ડિસેમ્બર-૨૦૨૫માં પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના સ્થાપક ઈમરાન ખાન ઓગસ્ટ-૨૦૨૩થી જેલમાં બંધ છે.

### મ્યાનમાર ભૂકંપમાં મૃત્યુઆંક ૨,૦૦૦ની નજીક પહોંચ્યો

# લોકોને બચાવવા હજુ પણ ચાલી રહ્યું છે રેસ્ક્યૂ ઓપરેશન

### ચીન, ભારત અને થાઇલેન્ડે મ્યાનમારમાં રાહત સામગ્રી અને ટીમો મોકલી

। (એજન્સી) મ્યાનમાર, તા.૩૧ ।

મ્યાનમારમાં આવેલા ભયાનક ભૂકંપમાં અત્યાર સુધી લગભગ ૨૦૦૦ લોકો માર્યા ગયા છે. ચીની મીડિયાના અહેવાલ અનુસાર, મ્યાનમારમાં ભૂકંપમાં ધરાશાયી થયેલી ઈમારતોમાં ફસાયેલા ચાર લોકોને બચાવી લેવામાં આવ્યા છે. મ્યાનમાર અને થાઈલેન્ડમાં રાહત બચાવકર્મીઓ ફસાયેલ જીવિત લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. ન્યૂઝ એજન્સી સિન્હુઆએ કહ્યું હતું કે સોમવારે વહેલી સવારે માંડલેમાં કાટમાળમાંથી બચાવાયેલા લોકોમાં એક ગર્ભવતી મહિલા અને એક છોકરીનો સમાવેશ થાય છે. માંડલે શુક્રવારે આવેલા ૭.૭ ની તીવ્રતાના ભૂકંપના કેન્દ્રબિંદુની નજીક છે. ભૂકંપે મ્યાનમારમાં મોટા પાયે વિનાશ વેર્યો હતો અને પાડોશી થાઈલેન્ડમાં પણ ભૂકંપના કારણે કેટલાક લોકોના મોત થયા છે. ચીન, ભારત અને થાઈલેન્ડે મ્યાનમારમાં રાહત સામગ્રી અને ટીમો મોકલી છે. સાથે સાથે મલેશિયા, સિંગાપોર અને રશિયાએ રાહત સામગ્રી અને બચાવકર્મીઓ મોકલ્યા છે. સિન્હુઆએ કહ્યું હતું કે ચીન સર્ચ એન્ડ રેસ્ક્યૂ ટીમના પ્રથમ ટીમના વડા યૂ શિને કહ્યું હતું કે તેનાથી કોઈ ફરક નથી પડતો કે અમે કેટલા સમય સુધી કામ કરીએ છીએ. સૌથી મહત્વની બાબત એ છે કે આપણે સ્થાનિક લોકોમાં આશા લાવી શકીએ છીએ. થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં સોમવારે ક્રેન અને ડોગ સ્નિફર્સનો ઉપયોગ કરીને કટોકટીના ક્રૂએ ઈમારતના કાટમાળ નીચે દટાયેલા માનવામાં આવતા ૭૬ લોકોની શોધ ચાલુ રાખી હતી. બેંગકોકના ગવર્નર Chadchart Sittipuntએ જણાવ્યું હતું કે લોકોને જીવતા શોધવા માટે બચાવકર્તાઓ ખૂબ મહેનત કરી રહ્યા છે. સર્ચ ઓપરેશન ૭૨ કલાક પછી પણ ચાલુ રહેશે કારણ



કે તુર્કીમાં એક અઠવાડિયાથી ફસાયેલા લોકો બચી ગયા છે. તેમણે કહ્યું કે કાટમાળના મશીન સ્કેનથી જાણવા મળ્યું છે કે હજુ પણ લોકો નીચે જીવિત હોઈ શકે છે અને તેમના સ્થાનો શોધવા માટે સ્નિફર ડોગની મદદ લેવામાં આવી રહી છે. રવિવારે થાઈલેન્ડનો સત્તાવાર મૃત્યુઆંક ૧૮ હતો, પરંતુ ધરાશાયી થયેલી ઈમારતના સ્થળે વધુ બચાવ કામગીરી ન થાય તો તે વધી શકે છે. મ્યાનમારમાં રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે રવિવાર સુધીમાં ઓછામાં ઓછા ૧૭૦૦ લોકોના મૃત્યુની પુષ્ટી કરવામાં આવી છે. વોલ સ્ટ્રીટ જર્નલે લશ્કરી શાસકને ટાંકીને અહેવાલ આપ્યો છે કે મ્યાનમારમાં મૃત્યુઆંક ૨,૦૨૮ પર પહોંચી ગયો છે. રોઈટર્સ તાત્કાલિક નવા મૃત્યુઆંકની પુષ્ટી કરી શક્યું નથી. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું કે તે મધ્ય મ્યાનમારમાં બચી ગયેલા લોકો માટે રાહત પુરવઠો પહોંચાડી રહ્યું છે. અમેરિકાએ "મ્યાનમાર સ્થિત માનવતાવાદી સહાય સંસ્થાઓ દ્વારા" ૨ મિલિયન ડોલરની સહાયનું વચન આપ્યું છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ વહીવટ હેઠળ મોટા પાયે કાપ મુકી રહેલા USAID ની એક ટીમ મ્યાનમારમાં તૈનાત કરવામાં આવી રહી છે.

### દિલ્હી પોલીસે રેપ કેસમાં ધરપકડ કરી

# ડાયરેક્ટર સનોજ મિશ્રાની દિલ્હી પોલીસે ધરપકડ કરી

### સનોજ મિશ્રા પર ઝાંસીની એક યુવતીનું ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપીને જાતીય શોષણનો આરોપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

પ્રયાગરાજ મહાકુંભ મેળામાં માળા વેચનારી વાઈરલ ગર્લ મોનાલીસાને ફિલ્મમાં કામ આપવાની ઓફર આપનારા ડાયરેક્ટર સનોજ મિશ્રાની દિલ્હી પોલીસે રેપ કેસમાં ધરપકડ કરી છે. દિલ્હી હાઈકોર્ટ દ્વારા તેની જામીન અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ નબી કરીમ પોલીસ સ્ટેશને આ કાર્યવાહી કરી હતી. સનોજ મિશ્રા પર ઝાંસીની એક યુવતીનું ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપીને જાતીય શોષણનો આરોપ, સનોજ મિશ્રા પર ઝાંસીની એક યુવતીનું ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપીને જાતીય શોષણ કર્યુ અને પછી ધમકીઓ આપીને તેને ચૂપ રાખવાનો આરોપ છે. પીડિતાએ જણાવ્યું કે, સનોજ મિશ્રા સાથે મારી મુલાકાત ૨૦૨૦માં ટિકટોક અને ઈન્સ્ટાગ્રામ દ્વારા થઈ હતી. તે સમયે હું ઝાંસીમાં રહેતી હતી. થોડા સમય સુધી ચેટ અને વાતચીત બાદ ૧૭ જૂન, ૨૦૨૧ના રોજ સનોજે મને ફોન કરીને કહ્યું કે હું ઝાંસી રેલવે સ્ટેશન પર પહોંચી ગયો છું. સામાજિક દબાણનો હવાલો આપીને મેં તેને મળવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ સનોજે આત્મહત્યા કરવાની ધમકી આપી હતી. ડરના કારણે હું તેને મળવા ગઈ. બીજા દિવસે ૧૮ જૂન, ૨૦૨૧ના રોજ સનોજે ફરીથી મને આત્મહત્યા કરવાની ધમકી આપીને રેલવે સ્ટેશન પર બોલાવી અને ત્યાંથી મને એક રિસોર્ટમાં લઈ ગયો જ્યાં તેણે મને માદક પદાર્થ ખવડાવીને મારી સાથે દુષ્કર્મ આચર્યું. પીડિતાએ પોતાની FIRમાં જણાવ્યું કે, સનોજે મારા વાંધાજનક ફોટોગ્રાફ્સ અને વીડિયો બનાવ્યા હતા અને જો હું તેનો વિરોધ કરું તો તેને જાહેર કરી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ લગ્નની લાલચ આપી સનોજે મને ઘણી વખત અલગ-અલગ જગ્યાએ



બોલાવી અને મારી સાથે શારીરિક સંબંધો બાંધ્યા અને ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપી. આ જ આશા સાથે હું મુંબઈ જતી રહી અને સનોજ સાથે રહેવા લાગી. ત્યાં પણ સનોજે મારું શોષણ કરવાનું ચાલુ રાખ્યું અને ઘણી વખત મારપીટ કરી. પીડિતાએ આરોપ લગાવ્યો છે કે, સનોજે ત્રણ વાર બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવી દીધું. ફેબ્રુઆરી ૨૦૨૫માં સનોજે મને છોડી દીધી અને ધમકી આપી કે જો હું ફરિયાદ કરીશ તો મારા અશ્લીલ ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ કરી દઈશ. દિલ્હી પોલીસે પીડિતાની ફરિયાદ પર સનોજ મિશ્રા વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. તપાસ બાદ તેની ધરપકડ કરવામાં આવી છે. સનોજે જામીન માટે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ કોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી. આ પછી પોલીસે તેને કસ્ટડીમાં લીધો છે. આ મામલો ત્યારે વધુ ચર્ચામાં આવ્યો જ્યારે સનોજનું નામ મહાકુંભ મેળાની વાઈરલ ગર્લ મોનાલીસા સાથે જોડાયું, જેને તેણે પોતાની ફિલ્મ 'ધ મણિપુર ડાયરી'માં કાસ્ટ કરવાનો દાવો કર્યો હતો. પોલીસ હવે આ મામલાની તપાસ કરી રહી છે.

### IPLએ જાહેર કર્યું સત્તાવાર નિવેદન

# રાજસ્થાનની પ્રથમ જીત પણ કેપ્ટન રિયાન પરાગને મળી સજા

### રિયાન પરાગની ટીમ રાજસ્થાન રોયલ્સે પોતાની ઓવરો સમયસર પૂરી કરી ન હતી, આ કારણે દંડ ફટકારાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

રાજસ્થાન રોયલ્સ ટીમે રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવીને ૨૦૨૫ સીઝનની પ્રથમ જીત નોંધાવી હતી. રિયાન પરાગની કેપ્ટન્સીમાં ટીમે પ્રથમ વખત જીત મેળવી હતી. આ જીત બાદ રિયાન પરાગને મોટું નુકસાન થયું છે. રિયાન પરાગ IPLની પ્રથમ ત્રણ મેચોમાં રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન હતો કારણ કે નિયમિત કેપ્ટન સંજુ સેમસનને આંગળીની સર્જરી પછી BCCI દ્વારા વિકેટકીપિંગ કરવાની મનાઈ કરવામાં આવી હતી. તેથી તે આ મેચોમાં માત્ર બેટ્સમેન તરીકે રમ્યો હતો. મુંબઈમાં ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ મેચ દરમિયાન સેમસંગની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું, જે બાદ તેને નાની સર્જરી કરાવવી પડી હતી. તેને બેટિંગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. કેપ્ટન તરીકે પ્રથમ જીત બાદ રિયાન પરાગને IPL દ્વારા સજા આપવામાં આવી છે. રિયાન





પરાગની ટીમ રાજસ્થાન રોયલ્સે પોતાની ઓવરો સમયસર પૂરી કરી ન હતી. આ કારણે હવે તેને IPL દ્વારા દંડ ફટકારવામાં આવ્યો છે. IPLએ તેના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, આઈપીએલ આચાર સંહિતાની કલમ ૨.૨૨ હેઠળ આ તેની ટીમનો સીઝનનો પ્રથમ ગુનો હતો, જે ન્યૂનતમ ઓવર-રેટના અપરાધો સાથે સંબંધિત છે, તેથી પરાગને રૂપિયા ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

### ઘટનાના ત્રણ વર્ષ બાદ ચોંકાવનારો ખુલાસો

# શેન વોર્નના મૃત્યુ બાદ રૂમમાંથી સેક્સ ડ્રગ્સ હટાવવામાં આવી હતી

। (એજન્સી) સિડની, તા.૩૧ ।

ઓસ્ટ્રેલિયાના મહાન લેગ સ્પિનર શેન વોર્નના મૃત્યુના ત્રણ વર્ષ બાદ એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. ૩ વર્ષ પછી આ ઘટસ્ફોટથી આખી દુનિયા ચોંકી ગઈ છે. તમને જણાવી દઈએ કે ત્રણ વર્ષ પહેલા શેન વોર્નના મૃત્યુએ આખી દુનિયાને ચોંકાવી દીધી હતી. ટેસ્ટ ક્રિકેટમાં રેકોર્ડ ૭૦૮ વિકેટ લેનાર આ દિગ્ગજ ખેલાડીનું ૪ માર્ચ, ૨૦૨૨ના રોજ અચાનક હાર્ટ એટેકથી અવસાન થયું. આ સમાચાર ચાહકો માટે આઘાતજનક હતા કારણ કે શેન વોર્ન તે સમયે માત્ર ૫૨ વર્ષનો હતો અને તે ક્રિકેટ કોમેન્ટ્રીમાં પણ ઘણો સક્રિય હતો. શેન વોર્નના મૃત્યુની તપાસમાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. ડેઈલી મેઈલના એક અહેવાલમાં ખુલાસો થયો છે કે શેન વોર્નના થાઈલેન્ડ વિલાના એક રૂમમાંથી સેક્સ ડ્રગ્સ હટાવવામાં આવી હતી, જ્યાં તે મૃત હાલતમાં મળી આવ્યો હતો. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઘટનાસ્થળ પર હાજર એક વરિષ્ઠ પોલીસ અધિકારીને કામગરા ધરાવતી ગોળીઓની બોટલ દૂર કરવાનો



આદેશ આપવામાં આવ્યો હતો, જે ઈરેક્ટાઈલ ડિસફંક્શનની સારવારમાં ઉપયોગમાં લેવાતી દવા હતી. આ દવામાં સિલ્ડેનાફિલ સાઈટ્રેટ હોય છે, જે વાયગ્રામાં જોવા મળતું સમાન ઘટક છે. નામ જાહેર ન કરવાની શરતે ડેઈલી મેઈલ સાથે વાત કરતા પોલીસ અધિકારીએ કહ્યું કે તેમને વરિષ્ઠ અધિકારીઓ દ્વારા ડ્રગ્સ દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે આ મામલો છુપાવવામાં ઓસ્ટ્રેલિયાના વરિષ્ઠ અધિકારીઓ પણ સામેલ હોઈ શકે છે. પોલીસ અધિકારીએ કહ્યું કે આ મામલો હાલમાં સંવેદનશીલ વિષય છે. તેમણે કહ્યું કે, અમને અમારા ઉપરી અધિકારીઓએ બોટલ દૂર કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશો ઉપરથી આવી રહ્યા હતા.

### બંધારણ બદલવા મુદ્દે કહ્યું હું ગંભીર છું

# ત્રીજી વખત પ્રમુખ બનવા ડોનાલ્ડ ટ્રમ્પના અભરખા



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।

ડોનાલ્ડ ટ્રમ્પ ત્રીજી વખત અમેરિકાના પ્રમુખ બનવા માગે છે. જેના માટે તેઓ અમેરિકાના બંધારણમાં ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યા હોવાની માહિતી તેમણે પોતે જ આપી છે. ટ્રમ્પે અગાઉ પણ અનેક વખત પોતાની પ્રમુખ બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. હાલમાં જ એક મીડિયા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે, હું પ્રમુખ તરીકે ત્રીજો કાર્યકાળ સંભાળવા વિચારી રહ્યો છું. તેના માટે બંધારણમાં ફેરફારો કરવાનું વિચારી રહ્યો છું. બંધારણમાં ત્રીજી વખત રાષ્ટ્રપ્રમુખ બનવા માટેની રીત ઉપલબ્ધ છે. અને તેના માટે હું ગંભીરપણે વિચારી રહ્યો છું. ટ્રમ્પને ત્રીજી વખત પ્રમુખ બનવા માટેના માર્ગ વિશે પૂછવામાં આવતાં ટ્રમ્પે કહ્યું કે, એવાં ઘણા માર્ગો છે, જેનાથી તમે આ શક્ય બનાવી શકો છો. બાદમાં ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે, શું જેડી વેન્સ પ્રમુખ પદ માટે ચૂંટણી લડશે અને ચૂંટણી જીત્યા બાદ ટ્રમ્પને પ્રમુખની ખુરશી સોંપી દેશે? ટ્રમ્પે તેના પર તુરંત જવાબ આપ્યો કે, આ એક કારગર ઉપાય છે. પરંતુ તેના સિવાય અન્ય ઘણા માર્ગો છો. જેના માટે બંધારણમાં સુધારા શક્ય છે. ઉલ્લેખનીય છે, અમેરિકામાં કોઈપણ નેતા બે વખત જ પ્રમુખ તરીકેનું પદ સંભાળી શકે છે. જો ટ્રમ્પ ત્રીજી વખત પ્રમુખ બનવાનો પ્રયાસ કરે છે, તો તેના માટે બંધારણમાં સુધારા કરવાની જરૂર પડશે. આ સુધારા માટે અમેરિકાના સાંસદો અને રાજ્યોના સમર્થનની પણ જરૂર પડશે. ટ્રમ્પે અનેક વખત ત્રીજી વખત પ્રમુખની ચૂંટણી લડવાની વાત કહી છે. જાન્યુઆરીમાં બીજી વખત પ્રમુખ તરીકેનો કાર્યકાળ સંભાળતાંની સાથે ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીના સાંસદ એન્ડી ઓગલ્સે એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ટ્રમ્પને ત્રીજી વખત પ્રમુખ બનાવવાની મંજૂરી આપવા માટે સંસદના નીચલા સદનની પ્રતિનિધિ સભામાં આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવમાં નોંધવામાં આવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ સતત બે વખત પ્રમુખ બને છે.

# પંજાબમાં ડો. આંબેડકરની પ્રતિમા પર ખાલિસ્તાની નારા

### પંજાબમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પર ખાલિસ્તાની સૂત્રો લખવાની ઘટના પ્રકાશમાં આવી છે

। (એજન્સી) જલંધર, તા.૩૧ ।

પંજાબમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પર ખાલિસ્તાની સૂત્રો લખવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટના જલંધરના ફિલૌર વિસ્તારમાં બની હતી. અમેરિકામાં રહેતા શીખ ફોર જસ્ટિસના આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ આની જવાબદારી લીધી છે. પન્નુએ આ અંગે એક વીડિયો બહાર પાડ્યો છે. જેમાં તે કહેતો જોવા મળે છે કે, ફિલૌરના નાંગલમાં બનેલી બાબા સાહેબની પ્રતિમા પર ખાલિસ્તાની





સૂત્ર તેમણે લખેલું હતું. વીડિયોમાં પન્નુ કહી રહ્યો છે કે, ૧૪ એપ્રિલે બાબા સાહેબના જન્મદિવસ નિમિત્તે આખા પંજાબમાંથી મૂર્તિઓ હટાવી દેવી જોઈએ. આ ઘટના બાદથી BSPએ વિરોધ વ્યક્ત કર્યો છે. પ્રતિમા પર શીખ હિન્દુ નથી અને SFJ ખાલિસ્તાન ઝિંદાબાદ જેવા નારા લખેલા છે. બાબા સાહેબની પ્રતિમા પર લખેલા ખાલિસ્તાની સૂત્રોચ્ચારની બસપાએ સખત નિંદા કરી અને કહ્યું કે, જો બાબા સાહેબની પ્રતિમાનું આ રીતે અપમાન થતું રહેશે, તો આગામી દિવસોમાં બસપા પંજાબના તમામ જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શન કરશે. પાર્ટીના પ્રવક્તાએ કહ્યું કે, આજે ઈદ છે. આવી સ્થિતિમાં, બધા મુસ્લિમ ભાઈઓને ઈદ મુબારક. બીજી તરફ, આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ મામલે પોલીસને કડક કાર્યવાહી કરવા કહેવામાં આવ્યું છે. આ મામલે પોલીસ તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી. પન્નુનો વીડિયો સામે આવ્યા બાદ, પોલીસ તે સ્થાનની શોધી રહી છે. જણાવી દઈએ કે, જાન્યુઆરી મહિનામાં પણ અમૃતસરના હેરિટેજ સ્ટ્રીટ પર સ્થિત બાબા સાહેબની પ્રતિમાને નુકસાન પહોંચાડવાની ઘટના બની હતી. આ પછી, ભાજપે કાયદો અને વ્યવસ્થાના મુદ્દા પર છછૅં સરકારની આકરી નિંદા કરી હતી.

## તંત્રી લેખ...

# વકફ બિલ મુદ્દે વિપક્ષ પર ભડક્યા કિરેન રિજિજુ

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ વકફ બિલ મુદ્દે વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા છે, તેમણે કહ્યું કે, 'કેટલાક પક્ષો અને સંગઠનના લોકો ગેરમાર્ગે દોરી રહ્યા છે. કંઈપણ બોલ્યા પહેલા બિલને વાંચો અને પછી તર્ક આપો. ખોટું બોલીને સમાજને ગેરમાર્ગે ન દોરો, અમે બિલ લાવવાની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.' રિજિજુએ વકફ બિલ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરી કહ્યું કે, 'વકફ બિલ મુદ્દે કેટલાક પક્ષો અને સંગઠનો ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેઓએ બિલ અંગે ખોટું ન બોલવું જોઈએ. તેમણે પહેલા બિલ વાંચવું જોઈએ અને પછી તર્ક આપવો જોઈએ. તેઓ ખોટું બોલીને સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે.' તેમણે કહ્યું કે, 'અમે બિલ લાવવાની તમામ તૈયારી કરી લીધી છે. અમે તે ક્યારે લાવશું, તે તમને જણાવી દઈશું. અમે બિલના નામે તણાવ ઉભો કરનારા સંગઠનોની ઓળખ કરી છે. ઈદ પર પટ્ટી બાંધીને નમાજ અદા કરવાનું કહેનારા સંગઠનો ખોટું કરી રહ્યા છે. મસ્જિદ, કબ્રસ્તાન અથવા મુસ્લિમની જમીન છીનવી લેવાની વાત કહી ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.' રિજિજુએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'વકફ એક્ટને ગેરબંધારણીય કહેવું એ સૌથી મોટું જૂઠ છે. આપણે કોઈની જમીન કેવી રીતે છીનવી શકીએ? વકફ અંગે ખોટી માહિતી ફેલાવનારાઓ આ લોકો કોણ છે? હું મીડિયાને પણ વિનંતી કરું છું કે, તેઓ ખોટી સૂચના ફેલાવનારાઓની ઓળખ કરે. કોઈપણ બિલમાં આવા સ્તરની ચર્ચા કરાઈ નથી.' તેમણે કહ્યું કે, 'જ્યારે ઝછછ કાયદો લવાયો હતો, ત્યારે પણ આ લોકોએ વિરોધ કર્યો હતો. હું ફરીથી કહું છું કે, જો તમને કોઈ વાંધો હોય તો મહેરબાની કરીને આ મુદ્દે ગૃહમાં ચર્ચા કરો. આજે ઈદનો પવિત્ર દિવસ છે, ખોટું ન ફેલાવવું જોઈએ. ઈદના દિવસે જે લોકો ખોટું બોલે છે, તેઓ નકલી વ્યક્તિ છે. અસદુદ્દીન ઓવૈસી ખૂબ જ સમજદાર છે. તેમને ખબર છે કે, તેઓ શું કરી રહ્યા છે, તેઓ ખોટું બોલી રહ્યા છે. આ બિલ પાસ થયા બાદ ઓવૈસી જેવા લોકો રાજકીય રીતે કેવી રીતે ટકી શકશે.'

# WAVES બજાર વિશિષ્ટ શોકેસ અને વ્યૂહાત્મક ભાગીદારી સાથે વૈશ્વિક પહોંચ વિસ્તૃત કરે છે

મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ (M&E) ઉદ્યોગ માટે અગ્રણી વૈશ્વિક ઈ-માર્કેટપ્લેસ વેવ્સ બજાર, ૧-૪ મે, ૨૦૨૫ દરમિયાન જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર, મુંબઈ ખાતે યોજાનારી તેની ઉદ્ઘાટન આવૃત્તિમાં શક્તિશાળી પ્રભાવ પાડવાની તૈયારીમાં છે. વેવ્સ ૨૦૨૫ના મુખ્ય ઘટક તરીકે, માર્કેટપ્લેસ ફિલ્મ, ટીવી અને એવીજીસી (એનિમેશન, વીએફએક્સ, ગેમિંગ અને કોમિક્સ) ક્ષેત્રોના ઉદ્યોગના અગ્રણીઓને એક સાથે લાવશે, જે સહયોગ, સામગ્રી પ્રદર્શન અને વ્યવસાયિક વિસ્તરણ માટે અપ્રતિમ તકો પૂરી પાડશે. ભારતને વૈશ્વિક કન્ટેન્ટ હબ તરીકે સ્થાપિત કરવાના મહત્વાકાંક્ષી વિઝન સાથે વેવ્સ બજારમાં વ્યુઈંગ રૂમ, માર્કેટ સ્ક્રિનિંગ્સ, બાયર એન્ડ સેલર મીટિંગ્સ અને ડાયનેમિક પિચરૂમ સહિત વિવિધ વિશિષ્ટ સેગમેન્ટ્સ રજૂ કરવામાં આવશે, જે અર્થપૂર્ણ જોડાણોની સુવિધા આપશે અને સરહદ પારની ભાગીદારીને આગળ વધારશે. રૂમ અને માર્કેટ સ્ક્રીનિંગ જુઓ: નવી સામગ્રીની ક્ષિતિજોને અનલૉક કરવી, વેવ્સ બજાર ફિલ્મો, શ્રેણીઓ અને એવીજીસી પ્રોજેક્ટ્સની ક્યુરેટેડ સ્ક્રીનિંગનું આયોજન કરશે, જે ખરીદદારો, સેલ્સ એજન્ટો અને વિતરકોને તાજી અને આકર્ષક સામગ્રીની વિશિષ્ટ એક્સેસ પ્રદાન કરશે. વ્યુઈંગ રૂમ ઉદ્યોગના વ્યાવસાયિકોને નવા ટાઇટલ શોધવા અને પ્રાપ્ત કરવા માટે સમર્પિત જગ્યા પ્રદાન કરશે, જ્યારે માર્કેટ સ્ક્રીનિંગ્સ વૈશ્વિક પ્રેક્ષકો સમક્ષ પસંદગીના પ્રોજેક્ટ્સ પ્રસ્તુત કરશે, જે કન્ટેન્ટ વિતરણ, લાઈસન્સિંગ અને સિન્ડિકેશન સોદાઓ માટે તકો ઉભી કરશે. ખરીદનાર અને વેચાણકર્તા બેઠકો: વૈશ્વિક સહયોગને પ્રોત્સાહન આપવું, ફિક્કી ફ્રેમ્સ કન્ટેન્ટ માર્કેટપ્લેસ સાથે જોડાણમાં વેવ્સ બજાર માળખાગત બાયર એન્ડ સેલર સેગમેન્ટ ઓફર કરશે, જે ઉત્પાદકો, સ્ટુડિયો, બ્રોડકાસ્ટર્સ અને પ્લેટફોર્મ સહિત મુખ્ય હિતધારકો વચ્ચે વન-ઓન-વન બેઠકોને સક્ષમ બનાવશે. આ લક્ષિત બીરબી (B2B) ક્રિયાપ્રતિક્રિયાઓનો ઉદ્દેશ સોદાની રચના, સહ-નિર્માણ અને કન્ટેન્ટ એક્વિઝિશનને વેગ આપવાનો, આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવાનો અને ઔદ્યોગિક સંબંધોને મજબૂત કરવાનો છે. પિચરૂમ: જ્યાં રોકાણકારોને વિચારો મળે છે, આ પિચરૂમ સર્જકો, ફિલ્મ નિર્માતાઓ અને કન્ટેન્ટ ઈનોવેટર્સ માટે રોકાણકારો, નિર્માતાઓ અને કમિશનિંગ એડિટર્સ સમક્ષ તેમના સૌથી આશાસ્પદ ખ્યાલો પ્રસ્તુત કરવા માટે એક ઉચ્ચ-ઊર્જા પ્લેટફોર્મ પ્રદાન કરશે. ઉભરતી પ્રતિભાઓ અને નવીન પ્રોજેક્ટ્સને સ્પોટલાઈટ કરવા માટે રચાયેલ, પિચરૂમ નવા કન્ટેન્ટ સાહસો અને સંભવિત સહ-પ્રોડક્શન્સ માટે લોન્ચપેડ તરીકે સેવા આપશે, જે ઉદ્યોગના નિર્ણય લેનારાઓ માટે તેને આવશ્યક-હાજરી આપશે. ઉદ્યોગના અગ્રણીઓ વેવ્સ બજારને સમર્થન આપે છે, અગ્રણી ઉદ્યોગના ખેલાડીઓએ સામગ્રી વેપાર અને ભાગીદારીમાં પરિવર્તન લાવવાની સંભાવના માટે વેવ્સ બજારની પ્રશંસા કરી છે. પેનોરમા સ્ટુડિયોઝના ચીફ બિઝનેસ ઓફિસર શ્રી મુરલીધર છટવાણી અને ફિલ્મ એક્વિઝિશન એન્ડ સિન્ડિકેશનના વડા શ્રી રજત ગોસ્વામીએ જણાવ્યું હતું કે, "અમે વિવિધ સેગમેન્ટમાં વેવ્સ બજારમાં ભાગ લેવા માટે ઉત્સાહિત છીએ." "આ માર્કેટપ્લેસ અમારા પ્રોજેક્ટ્સને પ્રદર્શિત કરવા, અર્થપૂર્ણ સહયોગ સુરક્ષિત કરવા અને મનોરંજન ઉદ્યોગમાં અમારી વૈશ્વિક પહોંચને વિસ્તૃત કરવા માટે એક અતુલ્ય પ્લેટફોર્મ પ્રદાન કરે છે." વૈશ્વિક સામગ્રી અને વ્યૂહાત્મક જોડાણોનું પ્રવેશદ્વાર, વેવ્સ બાઝાર કન્ટેન્ટ ક્રિએટર્સ, ખરીદદારો અને રોકાણકારો માટે ગેમ-ચેન્જર બનવાની તૈયારીમાં છે, જે નવી કન્ટેન્ટ શોધવા, ભાગીદારી રચવા અને વિતરણ અને સહ-ઉત્પાદનની તકો શોધવા માટે એક પ્રભાવશાળી પ્લેટફોર્મ ઓફર કરે છે. આ કાર્યક્રમમાં ખરીદદારો, વેચાણકર્તાઓ, રોકાણકારો અને એમએન્ડઈ વ્યાવસાયિકોને વ્યૂહાત્મક વૃદ્ધિ અને આંતરરાષ્ટ્રીય સહયોગ માટે વેવ્સ બાઝારમાં ભાગ લેવા અને તેનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. રજિસ્ટ્રેશન અને વધુ માહિતી માટે, મુલાકાત લો: **Waves Bazaar, WAVES** વિશે, પ્રથમ વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (WAVES), મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ (M&E) ક્ષેત્ર માટે એક સીમાચિહ્નરૂપ ઈવેન્ટ છે, જેનું આયોજન ભારત સરકાર દ્વારા ૧ થી ૪ મે, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવશે.

**માનવજીવનની છેલ્લી પરીક્ષા મૃત્યુ છે, જેનું જીવન સુધરે છે એનું મૃત્યુ સુધરે છે, જેનું મૃત્યુ બગડયું એનું જીવન બગડયું**


# આજે ચૈત્રી ચોથું નોરતું, સર્વે ભવનતું સુખીનઃ સર્વે સંતુ નિરામયા! સર્વે ભદ્રાણી પશ્યન્તુ મા કશ્ચિત દુઃખ ભાગભવેત્!!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભગવાન વિચારવા લાગ્યા, ડોસો ચતુર છે, કેવું સરસ બોલે છે! આ જીવ ઠાકોરજીને કાંઇક અર્પણ કરે છે, ત્યારે ભગવાન પ્રસન્ન થાય છે, ભીષ્મ કહે છે, મને યુદ્ધના સમયની પ્રભુની એ વિરલ છબી યાદ આવે છે, તેમના મુખ ઉપર લહેરાતી વાળની લટો થોડાઓના પગથી ઊડતી ધૂળથી મેલી થઈ હતી અને પસીનાનાં નાનાં નાનાં બિંદુઓ શોભી રહ્યા હતાં, મારા તીક્ષ્ણ બાણો વડે હું તેમની ચામડીને વીંધી રહ્યો હતો.**

ચૈત્રી નવરાત્રી ચોથું નોરતું આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો વાણી અને પાણીની સાથે વૃક્ષો, અનાજનો પણ વિવેક પૂર્વક ઉપયોગ કરી એક ઉમદા જીવનનો રાહ ચિતરવા પ્રયત્ન કરીએ અને મૌજમાં રહીએ બસ આજ જીવનનો ઉમદા સંકલ્પ બનાવવો જોઇએ યુદ્ધ ભૂકંપની આંટીઘૂંટીમાં ફસાયેલ દેશોને ધ્યાનમાં રાખી લોકોએ જીઓ અને જીવવા દોની ભાવના રાખીએ ભોજનની જેમ ભજનમાં પણ નિયમ રાખવો જોઈએ. બાર વર્ષ નિયમ પૂર્વક સત્કર્મ કરો. તે પછી અનુભવ થશે ગમે તે હોય ભગવાનનું ભજન નિયમિત કરો.તે પછી ભીષ્મપિતા ભગવાનની સ્તુતિ કરે છે. દર્શન કરતાં ભીષ્મ પિતા કહે છે કે, પ્રભુ, હું તમને શું ભેટ અર્પણ કરું?હે નાથ, મારા મન, બુદ્ધિ આજે તમારાં ચરણમાં અર્પણ કરું છું. આ જીવ લુચ્ચો છે. કાંઇક મુશ્કેલી આવે ત્યારે રણછોડરાયનાં દર્શન કરવા જાય છે. રણછોડરાયજીને અગિયાર રૂપિયા ભેટમાં મૂકે છે અને કહે છે કે, મેં કોર્ટમાં મારા ભાઈ ઉપર દાવો કર્યો છે.મારું ધ્યાન રાખજો વકીલને રૂપિયા ૩૦૦ આપે અને ઠાકોરજીને અગિયારમા પતાવે છે. અર્પણ કરવું જ હોય તો ભગવાનને મન, તમારી બુદ્ધિ અર્પણ કરો. ભીષ્મ સ્તુતિનો પાઠ કરતા એમ લાગે છે કે, ભક્તિ જ મરણ સુધારે છે. જ્ઞાન ઉપર ભરોસો રાખશો નહીં કેટલીક વખત જ્ઞાન મરણ બગાડે છે.ભીષ્મપિતા જ્ઞાન ઉપર ભરોસો રાખતા નથી. ભગવાનને શરણે આવ્યા છે. ભીષ્મપિતા કહે છે, હું આપને શરણે આવ્યો છું. એવું બોલતા નથી કે, હું બ્રહ્મરૂપ છું. કહે છે કે,હું તમારો છું. તમારા શરણે આવ્યો છું. ભગવાન સહેજ ઠપકો આપે છે કે, તમે તો અર્જુનને મારા ભક્તને બાણ માર્યા છે તે કેમ ભૂલાય? ભીષ્મ કહે છે, તે વખતે મારું શરીર કૌરવ પક્ષમાં હતું. પણ મારું મન પાંડવ પક્ષમાં હતું. બાણ છોડતો ત્યારે પાંડવોનો જય થાઓ!એવું બોલીને હુંબાણ છોડતો હતો. શ્રીકૃષ્ણ કહે છે, જો એમ જ હતું જો તમારું મન પાંડવ પક્ષમાં હતું, તો તન પણ ત્યાં કેમ ન રાખ્યું? ત્યારે ભીષ્મ કહે છે કે, મેં વિચાર કર્યો કે હું જો પાંડવ પક્ષમાં રહીશ તો અર્જુનના રથ ઉપર વિરાજેલા પાર્થસારથિનાં મને દર્શન કેમથશે? એટલે તમારાં દર્શન કરવામાટેહુંસામાપક્ષમાંજઇનેઊભોહતો.પાંડવપક્ષમાં રહીને લડું તો તમારાં સ્વરૂપનાં દર્શન મને બરાબર ન થાય.કૌરવ પક્ષમાં રહું,તો તમારી સામે ઊભા રહીને લડવું પડે એટલે તમારાં દર્શનનો પૂર્ણ લાભ મળે. આમ કહી ભીષ્મ શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે જેમનું શરીર ત્રિભુવન સુંદર અને નીલા તમાલ ના જેવું નીલવર્ણ છે,જેના ઉપર સૂર્ય કિરણો સમાન શ્રેષ્ઠ પિતાંબર ફરફરી રહ્યું છે અને મુખ ઉપર કમળ સમાન ગૂંચવાયેલી લટો લટકી રહી છે એવા અર્જુન સખા શ્રીકૃષ્ણમાં મારી નિષ્કપટ પ્રીતિ થાઓ! એવા પાર્થસારથીના મને રોજ દર્શન થાઓ! હે શ્રીકૃષ્ણ મારા ઇન્દ્રિયોરૂપી ઘોડા હું આપને સોંપું છું. શરીર રથ છે, ઇન્દ્રિયો ઘોડા છે. મારી બુદ્ધિ અને મન આપને અર્પણ કરું છું.હવે શું રહ્યું મન અને બુદ્ધિ દેવાઈ ગયાં. ભગવાન એ જ માગે છે ને? ભગવાન વિચારવા લાગ્યા, ડોસો ચતુર છે, કેવું સરસ બોલે છે!આ જીવ ઠાકોરજીને કાંઇક અર્પણ કરે છે, ત્યારે ભગવાન પ્રસન્ન થાય છે. ભીષ્મ કહે છે, મને યુદ્ધના સમયની પ્રભુની એ વિરલ છબી યાદ આવે છે. તેમના મુખ ઉપર લહેરાતી વાળની લટો થોડાઓના પગથી ઊડતી ધૂળથી મેલી થઈ હતી અને પસીનાનાં નાનાં નાનાં બિંદુઓ શોભી રહ્યા હતાં.મારા તીક્ષ્ણ બાણો વડે હું તેમની ચામડીને વીંધી રહ્યો હતો.એવા સુંદર કવચ ધારી શ્રીકૃષ્ણ પ્રતિ મારું શરીર, અંતઃકરણ અને આત્મા સમર્પિત થઈ જાઓ! આપણે પણ પ્રાર્થના કરીએ કે, આપ મારા શરીરરથ ઉપર વિરાજો મારા ઈન્દ્રિયોરૂપી ઘોડા ઓ કાબૂ બહાર જાય તો તેને અટકાવજો. મેં મારા શરીર રથની લગામ તમારા હાથમાં સોંપી છે. મારી ઈન્દ્રિયોને કબજે રાખો.મારો રથ સહીસલામત પાર ઉતારો! ભીષ્મ કહે, હે નાથ,જગતમાં તમે મારી કેટલી પ્રતિષ્ઠા વધારી? મને કેટલું માન આપ્યું?મારી પ્રતિજ્ઞા સત્ય કરવા તમે તમારી પ્રતિજ્ઞા જતી કરી! શ્રીકૃષ્ણે મહાભારત યુદ્ધમાં કોઈ અસ્ત્રશસ્ત્ર હાથમાં ન લેવાની પ્રતિજ્ઞા કરેલી. ભીષ્મે કહેલું, હું એવું લડીશ કે શ્રીકૃષ્ણને હાથમાં શસ્ત્ર લેવું જ પડશે. હું શ્રીકૃષ્ણ પાસે શસ્ત્ર લેવડાવીશ. ભીષ્મનાં બાણોથી અર્જુનને મૂર્છા આવી ગઈ. શ્રીકૃષ્ણે વિચાર્યું,આ ડોસો મારા અર્જુનને મારી નાખશે તો અનર્થ થશે.મારી પ્રતિજ્ઞા ગઈ ખાડામાં! ભગવાન રથ ઉપરથી કૂદી પડ્યા અને હાથમાં રથનું પૈડું લઈ ભિષ્મ તરફ દોડયા. ભીષ્મે તે વખતે નમન કર્યું. ભગવાનનો જય જયકાર કર્યો. ભગવાન કેવા દયાળુ છે? ભક્તોની પ્રતિજ્ઞા સત્ય કરવા તે પોતાની પ્રતિજ્ઞા જતી કરે છે.ઠાકોરજીની આ લીલા છે. ભગવાન ભક્તોને ખૂબ માન આપે છે. મારી હાર, પણ મારા ભક્તોની જીત. ભીષ્મ કહે છે કે, મારી પ્રતિજ્ઞા પણ સાચી અને શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞા પણ સાચી. તે વખતે મને શ્રીકૃષ્ણનાં બે સ્વરૂપો દેખાયાં હતાં.એક સ્વરૂપે તે રથમાં બિરાજલાં હતા અને બીજા સ્વરૂપે તે રથમાં કૂદી પડ્યા હતા. અર્જુન મૂર્છામાં છે. આ ઘોડાઓ રથને ખાડામાં લઈ જાય તો અર્જુનને શું થાય?તેથી એક સ્વરૂપે રથમાં રહ્યા. જે સ્વરૂપે રથમાં હતા તે સ્વરૂપે અસ્ત્રશસ્ત્ર લીધું નથી. ભીષ્મ એટલે ભયંકર.ભયંકર કોણ? મનએ ભયંકર છે. ભીષ્મ એટલે મન. અર્જુનએ જીવાત્મા છે. મન આવેશમાં આવે ત્યારે સંકલ્પ-વિકલ્પરૂપી બાણ મારે છે. એટલે જીવ-અર્જુન ઘાયલ થાય છે. તેને મૂર્છા આવે છે. પછી ભગવાન સુદર્શન ચક્ર લઈને મનને મારવા જાય છે ત્યારે મન શાંત થાય છે. એટલે કે આ જીવ પરમાત્માને શરણે જાય ત્યારે પરમાત્મા આ મનને શાંત કરે છે. મન સંકલ્પ-વિકલ્પ ન કરે તો તે મન આત્મ સ્વરૂપમાં મળી જાય છે, ત્યારે જીવને શાંતિ મળે છે. ભીષ્મે કરેલી સ્તુતિ અનુપમ છે. તે કંઠસ્થ કરવા જેવી છે. એને ભીષ્મ સ્તવરાજ સ્તોત્ર પણ કહે છે.તે પછી ભીષ્મ ઉત્તરાયણમાં દેહ છોડે છે. ભીષ્માચાર્ય ભાગવત સ્વરૂપમાં લીન થાય છે. ઉત્તરાયણ મરણ એટલે જ્ઞાનની અથવા ભક્તિની ઉત્તરાવસ્થામાં પરિપક્વ દશામાં મરણ. બાકી ઘણા પાપીઓ ઉત્તરાયણમાં મરણ પામે છે. તેઓ સદગતિ પામતા નથી.ઘણા યોગીઓ દક્ષિણાયણમાં મરણ પામે છે તેઓની દુર્ગતિ થતી નથી.દક્ષિણ દિશામાં યમપુરી છે, નરક લોક છે. નરક લોક એટલે અંધકાર. પરમાત્માનું જેને અજ્ઞાન છે, પરમાત્માનો અનુભવ કર્યા વગર જે મરે છે તેનું દક્ષિણાયણમાં મરણ થયું કહેવાય. સંતોનો જન્મ આપણી જેમ સાધારણ હોય છે પણ મૃત્યુ મંગલમય હોય છે. ભીષ્મ મહાજ્ઞાની હતા તેમ છતાં પ્રભુ પ્રેમમાં તન્મય થઈને માર્યા છે તે બતાવે છે કે ભક્તિ શ્રેષ્ઠ છે. મરણ કોનું સુધાર્યું? જેના મરણ વખતે દેવો વાજાં વગાડે તેનું. ભીષ્મના પ્રયાણ વખતે દેવો વાજાં વગાડે છે. માટે કરણી એવી કરો કે તમે આવ્યા ત્યારે દુનિયા હસી હતીને તમે રોયા હતા, પણ તમે જાઓ ત્યારે તમે હસોને દુનિયા રડે! માનવજીવનની છેલ્લી પરીક્ષા મૃત્યુ છે. જેનું જીવન સુધરે છે એનું મૃત્યુ સુધરે છે. જેનું મૃત્યુ બગડયું એનું જીવન બગડયું. પ્રતિક્ષણનો જે સદુપયોગ કરશે તેનું મૃત્યુ સુધરશે. કણનો અને ક્ષણનો દુરુપયોગ ન કરો. કણનો દુરુપયોગ કરે એ દરિદ્ર થાય છે અને ક્ષણનો દુરુપયોગ કરે તેનું જીવન બગડે છે.પ્રતિદિન સંયમને વધારો.સંયમ વધારી પ્રભુના સતત સ્મરણની આદત પડે તો મરણ સુધરે.અંતકાળનો સમય બહુ કઠણ છે. આખું જીવન જેની પાછળ જશે તે જ અંતકાળે યાદ આવશે.મનુષ્ય પ્રયત્ન વિનાઈશ્વર કૃપા કરતા નથી. આખું જીવન જે ભાગવત સ્મરણ કરશે, તે કદાચ અંતકાળે ભગવાનને ભૂલી જાય, તો પણ ભગવાન તેને યાદ કરશે. સત્કર્મ વ્યર્થ જવાનું નથી.મારો ભક્ત મને ભૂલે પણ હું નહીં ભૂલું એ ભગવાનનો કોલ છે. ભીષ્મદાદાના મરણથી યુધિષ્ઠિરને દુઃખ થયું,પરંતુ દાદાને સદગતિ મળી તેથી તેમને આનંદ થયો. ધર્મરાજા યુધિષ્ઠિર ગાદી ઉપર વિરાજ્યા છે. ધર્મ રાજાના રાજ્યમાં દુકાળ નથી, અતિવૃષ્ટિ નથી,અના વૃષ્ટિ નથી. ધર્મરાજાના પવિત્ર રાજ્યમાં કોઈ મૂર્ખ નથી, કોઇને રોગ નથી. બધા ધર્મની મર્યાદાનું પાલન કરે છે.અનેક જન્મોની ભોગ વાસના મનમાં છે. તેનો જલ્દી ત્યાગ થઈ શકતો નથી પરંતુ વિવેકભોગ ભોગવે તો અંત કાળ સુધી ઈન્દ્રિય સાજી રહે. ધર્મની મર્યાદામાં રહી મનુષ્ય અર્થ કામ ભોગવે તો દુઃખી થાય નહીં. સદાચાર અને સંયમ નહીં વધારો, તો સંપત્તિ પણ આનંદ નહીં આપે મનને એકદમ સંકલ્પ રહિત કરવું કઠણ છે, માટે પવિત્ર સંકલ્પ કરો અને પરમાત્માના ચરણનો દ્રઢ આશ્રય કરો. વાચક ચાહક મિત્રો, આપણે ચૈત્રી નવલાં નોરતાંની ઉપાસના આરાધના કરી રહ્યા છીએ આજે ચૈત્રી ચોથું નોરતું તો ઈસ્લામ ધર્મ ના અનુયાયીઓએ રમજાનની એક મહિના સુધી રોઝા રાખી ગઈકાલે રમજાન ઈદની ઉજવણી કરી.ધર્મ એ વાદવિવાદનું નહીં જીવન જીવવાનું સ્વરૂપ કળા છે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી હદય મનમાં ગરમી હળવી સવારની ઠંડીમાં શાંતી મેળવવા પ્રયત્ન કરીએ છીએ.



**પૂર્વ જન્મના દુઃખ સુખની સ્મૃતિ તેની સાથે જોડાયેલી હોય છે, અને એને કારણે તે પીડિત કે અસ્વસ્થ છે, એમ કહી શકાય**

# સ્વ સંયમ દ્વારા જાતને પવિત્ર કરવાની હોવાથી સ્વાધિષ્ઠાન ચક્રને પવિત્ર ચક્ર પણ કહે છે!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જે કોઈ સિદ્ધ મુની યોગ પ્રકિયાના મુખ્ય અંગ ધ્યાનથી આ સમગ્ર અનુભૂતિ સુધી પહોંચી શકે તેમને વંદન, પણ આપણું એ કામ નથી! માટે આપણે આનો સહજ અર્થ કરી અને ઉપર ઉઠવાનું છે, એટલે જાગરણ કરવાનું છે, કહેવાય છે ગર્ભ વિભાવના સમયે જીવ સાત કે તેથી વધુ જન્મોના સંસ્કાર સાથે આવ્યો હોય છે.**

ચૈત્રીય નવરાત્રિના ત્રીજે દિવસે મા ચંદ્રઘંટાને નમન કરી, સિદ્ધિ માટે નહીં પણ શુદ્ધી માટે કંઈક થાય એવાં આશીર્વાદ આપજો. પરંતુ આ સુંદર સિદ્ધિ યોગ પ્રાપ્ત કરનારા દિવસોમાં આપણે પણ કુંડલીની જાગરણ વિશે થોડી સાત્વિક તાત્વિક વાતો કરી રહ્યા છીએ. સર્વપ્રથમ તો કુંડલીની જાગરણ એ શબ્દ સાંભળતા જ આખા શરીરમાં એક આલ્હાદક શક્તિનો અનુભવ થાય છે, અને પછી સંસારી જીવ મનોમન વિચારે છે, કે આ તો આપણાં બસની વાત નથી, અને એને વિષેનું આપણું જ્ઞાન માત્ર જાણકારી બનીને રહી જાય છે. મૂળભૂત રીતે પંચ પ્રાણ, સાત શરીર, સાત ચક્ર અને સાત જન્મોમાં આરક્ષિત શક્તિને છૂટી પાડીને સાત લોક કે પછી બ્રહ્માંડના કણ કણમાં સંમેલિત કરવાની આ ક્રિયાને કુંડલીની જાગરણ કહેવાય છે, અને કુંડલીની જાગરણ એ એક યોગ પ્રક્રિયા તરીકે બહુ પ્રસિદ્ધ છે. આપણે સૌએ એના ચિત્રો જોયા છે, અને એમાં દરેક ચક્ર અને એમાંથી છૂટી પડતી શક્તિ ઉર્ધ્વગમન કરતી બતાવાઈ છે, અને એ શક્તિને પ્રકાશમય બતાવી છે. એટલે કે પ્રકાશ કે ઉષ્ણ ઉર્જા તરીકે એ શક્તિ શરીરના સાતે સાત ચક્રોમાંથી પસાર થઈ ઉપર સુધી પહોંચે છે, એક મેગ્નેટિક વિદ્યુત પ્રવાહ જેમ જ તે આંતર શરીરમાં પ્રકાશ ઉર્જા ભરે છે. સંસારી અને ભોગી જીવનું શરીરની મલિનતા તરફ ધ્યાન જતાં એ સંયમ દ્વારા મલિનતાનું નિવારણ કરીને પવિત્ર થાય છે. આપણે ત્યાં જ્ઞાનનું અજવાળું એવો શબ્દ પ્રયોગ પણ થતો હોય છે, એટલે કે આ બધી જ જાણકારી જ્યારે આપણો અનુભવ બને, ત્યારે તે જ્ઞાન થયું એમ કહેવાય, અને એ જ્ઞાન આંતર અજવાળા ફેલાવે છે, જેનાથી આંતર શરીરમાં શારીરિક અને માનસિક રીતે ભેગો થયેલો કચરો સાફ કરવાનો છે, અને એ રીતે આપણે પવિત્ર થતા જવાનું છે, જેનાથી પ્રકૃતિમાં ચિદ્ વિલાસ કરતી ચૈતન્ય શક્તિ સાથે આ શક્તિનું તાદાત્મ્ય થાય. મુલાધાર ચક્રની વાત કરી ત્યારે આપણે તેનું સ્થાન જોયું હતું, અને ત્યાં પૃથ્વી તત્વ પાસેથી ગંધ સ્વરૂપે આપણે ધૈર્ય અને સ્થિરતા પ્રાપ્ત કરીને હવે શક્તિ આગળ વધી અને સ્વાધિષ્ઠાન ચક્ર પર આવી, જ્યાં જીવના મૂળ આધારનું બિંદુ છે. સ્વાદિષ્ટાન એટલે સ્વયંમ નું સ્થાન, ત્યાં આપણી એટલે કે માનવીય ચેતનાનું કેન્દ્ર છે. સ્વાધિષ્ઠાન ચક્રને પેટનું ચક્ર કે પછી પવિત્ર ચક્ર પણ કહેવાય છે. આ ચક્ર કરોડરજ્જુના નીચલા છેડા પાસે ત્રિકોણાકાર હાડકામાં અને પ્રજનન અવયવો પાસે દર્શાવાયું છે, એટલે કે નાભિની બે ઈંચ નીચે દર્શાવેલ છે. તે છ કમળની પાંખડી ધરાવે છે, અને તેનો રંગ નારંગી છે, અને બીજ મંત્ર "વં" છે. સ્વાધિષ્ઠાન ચક્રનું તત્વ પાણી છે, અને દેવ વિષ્ણુ છે, જે ઘેરો વાદળી રંગ અને પીળી ધોતી ધરાવે છે. તેની પાસે શંખ, ગદા ચક્ર અને કમળ છે. તે શ્રીવત્સ ચિહ્ન અને કૌસ્તુભ રત્ન ધારણ કરે છે. તે કાં તો ગુલાબી કમળ પર અથવા દિવ્ય ગરુડ પર બિરાજમાન છે. આ કમળની એક એક પાંખડી છ નકારાત્મક ગુણોનુ નિવારણ કરે છે, અને આમ ત્યાં જાગરણથી એ દરેક પાંખડીની નકારાત્મકતા દૂર થાય છે. આ પાંખડી માં માતૃકા એટલે કે દૈવીય શક્તિ હોય છે, અને એની તીવ્રતા કેન્દ્ર થી શરૂ કરી વધતી જાય છે, એટલે કે રસતન્માત્રા, અપજલ તત્વ, સ્વાદેન્દ્રિય અને હાથની કર્મેન્દ્રિય પર સંયમ આવે છે અને એનો વિલય થાય છે. આ થઈ એને વિશેની શાસ્ત્રીય વાત. જે કોઈ સિદ્ધ મુની યોગ પ્રકિયાના મુખ્ય અંગ ધ્યાનથી આ સમગ્ર અનુભૂતિ સુધી પહોંચી શકે તેમને વંદન, પણ આપણું એ કામ નથી! માટે આપણે આનો સહજ અર્થ કરી અને ઉપર ઉઠવાનું છે, એટલે જાગરણ કરવાનું છે. કહેવાય છે ગર્ભ વિભાવના સમયે જીવ સાત કે તેથી વધુ જન્મોના સંસ્કાર સાથે આવ્યો હોય છે. પૂર્વ જન્મના દુઃખ સુખની સ્મૃતિ તેની સાથે જોડાયેલી હોય છે, અને એને કારણે તે પીડિત કે અસ્વસ્થ છે, એમ કહી શકાય. આ તમામ પ્રકારોની સ્મૃતિ કે સંસ્કાર ત્યજીને તેને ઉપર ઉઠવાનું છે, અને ત્યારે જ તે પોતાના જન્મનું કારણ માત્ર કામ નહીં પણ બે આત્માનું મિલન એટલે કે પ્રેમ છે, એવું સહજ જ્ઞાન પ્રાપ્ત કરી શકે, અને તો એનું ધ્યાન સ્વયં નાં સ્થાન પર કેન્દ્રિત થાય! કે હું એક શુદ્ધ અને પવિત્ર ચેતનાનો ધસમસતો પ્રવાહ છું! અને મારી સાથે જોડાયેલા આ અપવિત્ર મલિન તત્વોનો ત્યાગ કરી મારે એ દિવ્ય ચેતના સાથે જોડાવાનું છે. યોગની પરિકલ્પનાં મુજબ તો અસ્તિત્વમાં વિહાર કરતી એ પરમ શક્તિ સાથે તાદમ્ય કેળવવાનું છે. પરંતુ દરેકે દરેક જીવમાં આત્મા તરીકે એ જ શક્તિનો અંશ છે, એ સત્ય પણ સ્વયં યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણનાં મુખે ભગવત ગીતામાં ઉદઘોષિત થયેલું છે. અસ્તિત્વમાં ચિદ વિલાસ કરતી ચૈતન્ય શક્તિના રહસ્યોને આપણે ઘણીવાર સમજી ન શકવાને કારણે એ તત્વ કે સત્વ ને એટલું આત્મસાત કરી શકાતું નથી, જ્યારે આપણી આસપાસના જગતમાં જીવતા જીવમાં એ શક્તિનો અનુભવ કરવાથી ત્યાં તાદાત્મ્ય કેળવવું એ વધુ સહેલું અને આમ જુવો તો અનિવાર્ય પણ છે. અહીં સુધી કુંડલીની જાગરણ થયું છે કે નહીં તેની પ્રતીતિ આપણી વૈચારિકતાનું ચિંતન કરવાથી પ્રાપ્ત થાય છે. જાગરણ એટલે ઉપર ઉઠવું, એટલે કે મૂલાધાર ના કે સ્વાધિષ્ઠાન ચક્રનાં મૂળમાં પડેલા મળમૂત્ર જેવા પૂર્વ જન્મના સંસ્કાર કે પછી આ જન્મ માટે જવાબદાર વાસના કે વિકૃતિ એ આપણાં જન્મનું કારણ નથી, પણ ઈશ્વરીય શક્તિ સંકેત છે. સમયે ભોગ ને સમયે યોગ! આ સમયક્તા, સંયમની મહત્તા, તેમજ આપણને આવતા દરેક વિચાર કે ઈચ્છા શક્તિ પર વિવેકથી પ્રભુત્વ પ્રાપ્ત થાય, તો સમજવું કે જાગરણ તરફ ડગલાં ભરવાની શરૂઆત થઈ ચૂકી છે. આ ઉપરાંત અન્ય જીવમાં પણ વિકૃતિ કે ભૂલ ન દેખાય, તદ ઉપરાંત એ જીવનાં ગુણનું દર્શન અને સૌ કોઈને આદર આપવાની ભાવના તીવ્ર બને, તેમજ પરિવારજનોનાં આંતરિક સંબંધોને મજબૂત બનાવવા તરફી વિચાર વલણ નમ્ર બને છે. સંબંધોમાં મધુરતા વધે તો સમજવું કે ક્યાંક તો કંઈક સારું થઈ રહ્યું છે, અને સારું જાગરણ વગર ક્યારેય થતું નથી. પણ એ આપણું જાગરણ છે કે સામેવાળાનું તે અવશ્ય ચિંતન કરી લેવું, અને આપણું ન હોય તો ત્યાં આપણું જાગરણ પણ એટલું જ જરૂરી છે, અને એ હજી વધુ પ્રસન્નતા તરફ આપણને તેમજ આપણા પરિવારને આપણા સમાજને અને આપણા દેશને એથી વધુ વિશ્વને શાંતિ તરફ દોરી જશે!: જે આપણું લક્ષ્ય છે. અહમ, આગ્રહ મુક્ત થઈને સહજની સમજ કેળવી શકાય, કે દરેક પરિસ્થિતિ કે સમયમાં પણ સહજ રહી જીવી શકાય તો એ જાગરણનું કારણ છે, અને આપણને એવા જાગરણની જ જરૂર છે, કારણકે અસ્તિત્વની એ શક્તિ સુધી કદાચ આપણે પહોંચી ન શકીએ, પણ આપણી આસપાસ વસતા જીવના હૃદયમાં પ્રેમ શક્તિ સ્વરૂપે પહોંચી એના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી શકીએ, તો પણ ઘણું છે. આવી મૈત્રીની વિભાવનાની કલ્પના કરી, સમસ્ત જગત આંદરોઅંદર પ્રેમ અને લાગણીના સંબંધથી જોડાય, તો એ પણ એક યોગ પ્રક્રિયા જેવું અદભુત પરિણામ આપી શકે તેમ છે. આપણે સૌ કુંડલીની જાગરણનો એવો બૃહદ ફાયદો કરાવતો અર્થ કરી, આ ચૈત્રી અનુષ્ઠાન કરીને, એ પરિણામ સુધી કે લક્ષ્ય સુધી પહોંચી શકીએ! અને રામ તત્વ ને સચ્ચિદાનંદ સ્વરૂપે આપણાં અંતરમાં જન્માવી શકીએ, એ એકમાત્ર અહેતુ હેતું સાથે સદગુરુ કૃપાનું અનન્ય હેત લઈને ચિંતનની આ ધારા વહે છે. જય સીયારામ.



### સૈફ અલી ખાન મુસ્લિમ અને પટૌડીના નવાબ છે

# મુસ્લિમ પિતા-શીખ માતાની દીકરી હોવાનું મને ગૌરવ

સારા અલી ખાનને કેદારનાથ અને અન્ય દેવી-દેવતાઓના મંદિરોમાં જવા બદલ ઘણીવાર યુઝર્સ દ્વારા નિશાન બનાવવામાં આવી છે. લોકો ઘણીવાર તેમની ધાર્મિક સ્વતંત્રતા પર સવાલ ઉઠાવતા હતા અને તેમની ટીકા કરવામાં પણ શરમાતા નહોતા. પણ સારાને તેનાથી કોઈ ફરક પડતો નથી. તેણીએ આ પહેલા પણ કહ્યું છે, અને હવે તેણીએ ફરીથી તેના વિશે વાત કરી છે. સારાએ ખુલાસો કર્યો છે કે તે મળેલા નફરતનો સામનો કેવી રીતે કરે છે. તેણીએ એ પણ જણાવ્યું કે મુસ્લિમ પિતા અને શીખ માતાની પુત્રી હોવું કેવું હોય છે. તેમનું બાળપણ કેવું હતું? સારા અલી ખાનના પિતા સૈફ અલી ખાન મુસ્લિમ અને પટૌડીના નવાબ છે, જ્યારે અમૃતા સિંહ શીખ છે. લગ્ન સમયે અમૃતાએ ઈસ્લામ સ્વીકાર્યો હતો, પરંતુ પોતાનું નામ બદલ્યું ન હતું. આજે પણ, પરિવારમાં હિન્દુ અને મુસ્લિમ બંને ધર્મોનું સન્માન કરવામાં આવે છે અને બધા તહેવારો ઉજવવામાં આવે છે.સારાએ કહ્યું, ‘હું ખૂબ નાની હતી, સ્કૂલમાં ભણતી હતી. અને જ્યારે મારા માતા-પિતાના લગ્ન થયા



અને અમે સાથે વિદેશ જતા, ત્યારે પણ હું હંમેશા વિચારતી... અમૃતા સિંહ, સૈફ પટૌડી, સારા સુલતાના, ઈબ્રાહિમ અલી ખાન, શું ચાલી રહ્યું છે? આપણે કોણ છીએ? અને મને યાદ છે કે મેં મારી મમ્મીને પૂછ્યું હતું કે, હું શું છું? તેણે મને કહ્યું કે તું ભારતીય છે. અને હું આ ક્યારેય નહીં ભૂલીશ. જ્યારે સારાને તેની માતા અમૃતા સિંહની શીખ પૃષ્ઠભૂમિ અને પિતા સૈફના મુસ્લિમ ધર્મ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે કહ્યું, ‘આપણે એક ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છીએ અને મને લાગે છે કે આ બધી વિભાવનાઓ, આ બધી સીમાઓ લોકો દ્વારા બનાવવામાં અને ચાલાકી કરવામાં આવે છે અને હું તેનું પાલન કરતી નથી. સારા અલી ખાને આગળ કહ્યું, ‘હું તેને એટલું મહત્વ આપતી નથી જેટલું કોઈ અન્ય વ્યક્તિ આપી શકે છે.’ મને ટ્રોલથી પરેશાની થાય છે, પણ મેં નકારાત્મકતાને અવગણવાનું શીખી લીધું છે. બીજાઓના વિચાર બદલવાનો પ્રયાસ કરવો એ મૂર્ખામીભર્યું કામ છે. મારે તેને અવગણવું પડશે.

### અભિનેત્રી શ્રદ્ધા કપૂરને કારનો શોખ છે

# શ્રદ્ધા કપૂરે ૨.૯૩ કરોડની રેફ્રિજરેટર સાથેની લકઝરી લેક્સસ કાર લીધી

**તાજેતરમાં, જ્યારે શ્રદ્ધા કપૂર જીમમાંથી બહાર આવતી જોવા મળી, ત્યારે પાપારાઝીઓએ તેને ઘેરી લીધી**

અભિનેત્રી શ્રદ્ધા કપૂરને કારનો શોખ છે અને હવે તેણે એક નવી લકઝરી કાર ખરીદી છે, જેની ખૂબ ચર્ચા થઈ રહી છે. ‘સ્ત્રી ૨’ અભિનેત્રીએ ૪ સીટર અલ્ટ્રા લકઝરી કાર લેક્સસ એલએમ ૩૫૦એચ ખરીદી છે, જે કાળા રંગની છે. શ્રદ્ધા તાજેતરમાં મુંબઈમાં તેની સવારી કરતી જોવા મળી હતી. આ કારની કિંમત ૨.૯૩ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. શ્રદ્ધાની આ કારનો વીડિયો પણ સામે આવ્યો છે.તાજેતરમાં, જ્યારે શ્રદ્ધા કપૂર જીમમાંથી બહાર આવતી જોવા મળી, ત્યારે પાપારાઝીઓએ તેને ઘેરી લીધી. શ્રદ્ધા, સફેદ ટી-શર્ટ અને કાળા ટાઈટ્સ પહેરીને, તેને મળ્યા પછી, તરત જ તેની નવી લેક્સસ કાર તરફ ગઈ અને તેમાં બેસીને નીકળી ગઈ. ખાસ વાત એ છે કે શ્રદ્ધાની નવી કારમાં રિક્લાઈનર સીટ ઉપરાંત રેળિજરેટર પણ છે.શ્રદ્ધા કાર કલેક્શનની વાત કરીએ તો, તેની પાસ પહેલાથી જ ઘણી બીજી લકઝરી કાર છે, જેની કિંમત કરોડોમાં છે. તેમની પાસે લાલ રંગની લેમ્બોર્ગિની હુરાકન ટેકનિકા છે.



આ એક લકઝરી સ્પોર્ટ્સ કાર છે, જેની કિંમત ૪ કરોડ રૂપિયા છે. તેણે તે વર્ષ ૨૦૨૩ માં ખરીદ્યું હતું. આ પછી, વર્ષ ૨૦૨૪ માં, તેણે નવી મારુતિ સુઝુકી સ્વિફ્ટ ખરીદી. આ ઉપરાંત, તેમની પાસે ઔડી ઊ૭, મર્સિડીઝ જીએલએ(રૂ. ૮૭.૯૧ લાખ - રૂ. ૧.૦૫ કરોડ) અનેબીએમ ડબ્લ્યુ ૭ સિરીઝ (રૂ. ૧.૭૦ કરોડ) જેવી કાર પણ છે.કરોડોના કાર કલેક્શન ઉપરાંત, શ્રદ્ધા કપૂર ઘણી મોંઘી વસ્તુઓ અને મિલકતોની માલિક છે. મુંબઈમાં તેમનું દરિયા કિનારે એક ઘર છે, જે તેમના પિતા શક્તિ કપૂરે ૧૯૮૭માં ૭ લાખ રૂપિયામાં ખરીદ્યું હતું.

# ‘સિકંદર’ ફિલ્મનો રેકોર્ડઃ ૫૫૦૦ સ્ક્રિન્સમાં ૨૨,૦૦૦થી વધુ શો

**‘ટાઈગર ૩’ પછી સલમાન ખાનની પહેલી સોલો ફિલ્મે રિલીઝ સાથે જ ધમાલ મચાવી**

સલમાન ખાનની ‘સિકંદર’ રિલીઝ સાથે જ છવાઈ ગઈ છે. લાંબા સમય પછી ભાઈજાનની ફિલ્મ આવી રહી હોવાથી ચાહકોએ પહેલા જ દિવસે બોક્સઓફિસ છલકાવી દીધી હતી. રિલીઝની સાથે જ સલમાનની ફિલ્મે નવો રેકોર્ડ બનાવી દીધો છે. ‘સિકંદર’ને દેશભરના ૫૫૦૦ સ્ક્રિન્સમાં રિલીઝ કરાઈ છે અને તેના કુલ ૨૨૦૦૦થી વધુ શો ચાલી રહ્યા છે. આટલા બધાં સ્ક્રિન અને શો સાથે રિલીઝ થનારી પહેલી બોલિવૂડ ફિલ્મ તરીકે ‘સિકંદર’એ રેકોર્ડ બનાવ્યો છે. સલમાન ખાન અને રશ્મિકા મંદાનાની એક્શન ડ્રામા ૩૦ માર્ચે રવિવારના દિવસે થીયેટરમાં રિલીઝ થઈ છે. એ આર મુરગોદાસના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મને ઈદની રજાઓ ફળી છે. ‘ટાઈગર ૩’ પછી સલમાન ખાનની પહેલી સોલો ફિલ્મ રિલીઝ થઈ છે. વચ્ચે ‘બોબી જોન’ અને ‘સિંઘમ અગેઈન’ જેવી ફિલ્મો આવી હતી, પરંતુ તેમાં સલમાનનો કેમિયો જ હતો. ‘સિકંદર’ને આ રીતે સલમાનની કમબેક ફિલ્મ જ કહી શકાય. ભાઈજાને પોતાના કમબેકને પણ પોતાના સ્વેગ મુજબ દમદાર બનાવ્યું છે અને ‘સિકંદર’ને રિલીઝના દિવસે જ અનોખો રેકોર્ડ મળ્યો છે. રિપોર્ટ્સ મુજબ, સાજિદ નડિયાદવાલા પ્રોડક્શન્સની



આઈ ફિલ્મ દેશની સૌથી મોટી રિલીઝ બનવા જઈ રહી છે. સિકંદરને દેશભરમાં ૫૫૦૦થી વધુ સ્ક્રિન્સ અને ૨૨,૦૦૦થી વધુ શો સાથે રિલીઝ કરાઈ છે. બોલિવૂડ ટાઈટલ માટે આ આંકડો સૌથી વધુ છે. ‘સિકંદર’ના ઓનલાઈન નોંધાયેલા શો ૧૯ હજારથી વધુ છે, જ્યારે ઓનલાઈન બુકિંગ ન હોય તેવા થીયેટરમાં આ ફિલ્મના ૩ હજારથી વધુ શો ચાલી રહ્યા છે. એડવાન્સ બુકિંગમાં ‘સિકંદર’ને ઘણો સારો બિઝનેસ મળ્યો છે. ૨૯ માર્ચે રાત્રે ૮ સુધીમાં આ ફિલ્મ બ્લોક સીટ સિવાય ૩ ત્રણ લાખ ટિકિટ વેચી છે, જેનું મૂલ્ય ૯ કરોડ રૂપિયા જેટલું છે. ‘સિકંદર’નું આ એડવાન્સ બુકિંગ છાવા કરતાં ઘણું ઓછું હોવાનું કહેવાય છે. ‘છાવા’ને પછડાટ આપવામાં ‘સિકંદર’ નિષ્ફળ રહે તો પણ આ વર્ષની બીજી સૌથી મોટી હિટ બનવાનું નિશ્ચિત જણાય છે. સામાન્ય રીતે ફિલ્મોને શુક્રવારે રિલીઝ કરવામાં આવે છે, પરંતુ સલમાને ‘સિકંદર’ માટે રવિવારનો દિવસ પસંદ કર્યો છે. ઈદ અને તે પછીની રજાઓના કારણે ફિલ્મ માટે સમગ્ર પહેલું અઠવાડિયું સારું રહેવાની મેકર્સને આશા છે. ‘સિકંદર’ને સલમાન ખાનની કરિયરની સૌથી મોટી હિટ બનાવવાના ઈરાદા સાથે પ્રમોશન થયું છે.

# વકીલના લુકમાં અનન્યા પાંડેએ ચલાવ્યો જાદુ

**કેસરી ચેપ્ટર-૨ નું ટીઝર થોડા દિવસો પહેલા જ રિલીઝ કરવામાં આવ્યું છે**

કેસરી ચેપ્ટર ૨ નું ટીઝર થોડા દિવસો પહેલા રિલીઝ થયું હતું. તેની મજબૂત વાર્તાને કારણે તેણે લોકોનું ધ્યાન ખેંચ્યું. હવે ફિલ્મના નિર્માતાઓએ અનન્યા પાંડે અને આર માધવન સહિતના કલાકારોના પોસ્ટર રિલીઝ કર્યા છે. ચાહકો જાણવા માટે ઉત્સુક છે કે અનન્યા આ ફિલ્મમાં શું ભૂમિકા ભજવશે. અનન્યા દિલરીત ગિલના પાત્રમાં એક નવા લુકમાં જોવા મળી રહી છે. પોસ્ટરમાં તે પોતાની ભૂમિકામાં ખૂબ જ પ્રભાવશાળી લાગી રહી છે. શુક્રવારે, નિર્માતાઓએ ફિલ્મમાં અનન્યા પાંડેના પાત્રનો એક નવો ટીઝર વીડિયો રિલીઝ કર્યો.ટીઝરમાં, અનન્યા પાંડે સફેદ સાડી પહેરેલી અને હાથમાં ફાઈલ પકડીને બતાવાઈ છે. પોસ્ટરમાં, તે દૃઢ અને આત્મવિશ્વાસુ દેખાય છે, અને તેનો અવાજ કહેતો સાંભળી શકાય છે કે, “આખી દુનિયાને તે દિવસે જલિયાંવાલા બાગમાં શું બન્યું તેનું સત્ય જાણવું જોઈએ.” દરમિયાન, આર. માધવન ફિલ્મમાં નેવિલ મેકિનલીની ભૂમિકા ભજવી રહ્યા છે. વીડિયોના એક ભાગમાં, ન્યાયાધીશ કોર્ટની અંદર અક્ષયને કહે છે, ભૂલશો નહીં કે તું હજુ પણ બ્રિટીશ સામ્રાજ્યનો ગુલામ છે, આ અઠવાડિયાની શરૂઆતમાં, ધર્મા પ્રોડક્શન્સે ફિલ્મનું એક મિનિટ ત્રીસ સેકન્ડથી વધુ લાંબું ટીઝર શેર કર્યું હતું, જેમાં અક્ષય બ્રિટિશ ન્યાયાધીશની આગેવાની હેઠળની કોર્ટમાં એક કઠોર વકીલની ભૂમિકા ભજવતો જોવા મળ્યો હતો. વીડિયોના એક ભાગમાં, ન્યાયાધીશ કોર્ટની અંદર અક્ષયને કહે છે, “ભૂલશો નહીં કે તું હજુ પણ બ્રિટીશ સામ્રાજ્યનો ગુલામ છે. જવાબમાં, અક્ષય તેના પાત્રમાં કહે છે, “ફક યુ.” કેસરી પ્રકરણ



**વીડિયોના એક ભાગમાં, ન્યાયાધીશ કોર્ટની અંદર અક્ષયને કહે છે, ભૂલશો નહીં કે તું હજુ પણ બ્રિટીશ સામ્રાજ્યનો ગુલામ છે**

૨ એ ૨૦૧૯ માં રિલીઝ થયેલી પહેલી ફિલ્મની સિક્વલ છે. તે સારાગઢીના યુદ્ધની ઘટનાઓ દર્શાવે છે. તે બ્રિટિશ ભારતીય સેનાની ૩૬મી શીખ રેજિમેન્ટના ૨૧ શીખ સૈનિકો અને ૧૦,૦૦૦ આળિદી અને ઓરકઝાઈ પશ્તુન આદિવાસીઓ વચ્ચે ૧૮૯૭ માં થયેલા યુદ્ધને દર્શાવે છે. પહેલા પ્રકરણમાં પરિણીતી ચોપરાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કેસરી ચેપ્ટર ૨ ૧૮ એપ્રિલના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

### બ્રેકઅપ પછી વિજયની યુવાનોને સલાહ

# આઈસ્ક્રીમની જેમ સંબંધોનો આનંદ માણો : વિજય વર્મા



**લાંબા સમય સુધી આ બાબતે મૌન રહ્યા બાદ, વિજય વર્માએ હવે એક કાર્યક્રમ દરમિયાન આ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે**

તમન્ના ભાટિયા અને વિજય વર્મા લગભગ બે વર્ષ સુધી એકબીજાને ડેટ કરતા રહ્યા. તે જ સમયે, આ મહિનાની શરૂઆતમાં તેમના બ્રેકઅપના સમાચાર બહાર આવ્યા હતા. જોકે, તેમણે અલગ થવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.બોલિવૂડ અભિનેતા વિજય વર્મા અને અભિનેત્રી તમન્ના ભાટિયા આ દિવસોમાં તેમના બ્રેકઅપના સમાચારને કારણે હેડલાઈન્સમાં છે. તેમના અલગ થવાના સમાચારે તેમના ચાહકોને ખૂબ નિરાશ કર્યા. ચાહકોને તેમની જોડી ખૂબ જ ગમી. લાંબા સમય સુધી આ બાબતે મૌન રહ્યા બાદ, વિજય વર્માએ હવે એક કાર્યક્રમ દરમિયાન આ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. વિજયે કોઈપણ સંબંધમાં દરેક પાસાને સ્વીકારવાની વાત કરી. લાંબા સમય સુધી આ બાબતે મૌન રહ્યા બાદ, વિજય વર્માએ હવે એક કાર્યક્રમ દરમિયાન આ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે હકીકતમાં, વિજય વર્માએ તાજેતરમાં આ સંબંધ વિશે વાત કરી હતી. તેણે કહ્યું, “તમે સંબંધો વિશે વાત કરી રહ્યા છો ને? મને લાગે છે કે જો તમે આઈસ્ક્રીમની જેમ સંબંધનો આનંદ માણશો, તો તમે ઘણા ખુશ રહેશો. આનો અર્થ એ છે કે ગમે તે સ્વાદ આવે, તેને અપનાવો અને તેની સાથે ચાલો. તમન્ના ભાટિયા અને વિજય વર્માએ લગભગ બે વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા. તે જ સમયે, આ મહિનાની શરૂઆતમાં તેમના બ્રેકઅપના સમાચાર બહાર આવ્યા હતા. જોકે, તેમણે અલગ થવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. તાજેતરમાં, બંને રવિના ટંડનની હોળી પાર્ટીમાં અલગથી આનંદ માણતા જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે, આ સમયે તમન્ના અને વાજી બંને પોતપોતાના પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત છે.

### ‘આઓ રાજા’ ગીત પછી સિડક્ટ્રેસ ઘણા રોલ ઠુકરાવ્યા

# ચિત્રાંગદાને ટાઈપકાસ્ટની સમસ્યાઃ એક જ પ્રકારના રોલની તકોના વરસાદથી કંટાળી

ચિત્રાંગદા ફિલ્મોમાં વૈવિધ્યસભર રોલ કરવા માટે જાણીતી છે. તેમ છતાં તેને જોઈએ એટલાં અને એવા રોલ કરવા મળતા નથી. તાજેતરમાં ચિત્રાંગદાએ તેને ઈન્ડસ્ટ્રીમાં જે રીતે ટાઈપકાસ્ટ કરવામાં આવી છે, તે અંગે વાત કરી હતી. તેણે કહ્યું કે ગબ્બરના ‘આઓ રાજા’ ગીતો પછી તેના પર એક જ પ્રકારના રોલ અને તકનો વરસાદ થયો હતો. તેના કારણે તેની સામે સારા રોલની તકો મર્યાદિત થઈ ગઈ હતી. ચિત્રાંગદાએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં મોટા ભાગે કલાકારોને તેમના એક લોકપ્રિય કામના કારણે એક પ્રકારનાં ડબ્બામાં બંધ કરી દેવાતા હોય છે. તેને પણ આ ગીતમાં કામ કર્યા પછી સિડક્ટ્રેસ કે પછી આઈટમ નંબર માટેની ઓફર જ આવવા માંડી હતી. તેથી તેને કામની પસંદગીમાં કાળજીપૂર્વક નિર્ણય લેવાનું મહત્વ સમજાયું, જેથી તે એક કાલાકાર તરીકે પોતાની વિશ્વસનીયતા જાળવી શકે. પરંતુ આ નિર્ણય પછી તેની સામે ના પાડવાના પડકારો હતા. આ અંગે ચિત્રાંગદાએ કહ્યું કે તેની કલાકાર તરીકેની સમજ સાથે મેળ ન બેસતો હોય તેના રોલને ના કહેવાનું કામ સહેલું નહોતું. ચિત્રાંગદાએ એવું પણ કબૂલ્યું કે



જે કલાકારો આ રીતે કામની ના પાડે છે, તેમને લોકો ચૂઝી માની લે છે અથવા તો એવું સમજવા માંડે છે કે, તેમની સાથે કામ કરવું મુશ્કેલ હોય છે. જોકે, તે એવું પણ માને છે કે ગુણવત્તા વિનાનું કામ કરવાથી એક અભિનેતાની કારકિર્દી ટૂંકી પણ થઈ જાય છે અને તેમનો પ્રભાવ પણ ઘટી જાય છે. વિચારપૂર્વક કોઈ રોલ માટે ના પાડી દેવાથી ચિત્રાંગદાએ એક ગંભીર કલાકાર તરીકેની પોતાની ઓળખ બનાવી છે. ચિત્રાંગદાએ કહ્યું હતું કે એક જ પ્રકારનું કામ કર્યા કરવાથી તમારી સારું કામ કરવાની ખરા ક્ષમતા ઢંકાઈ જાય છે અને સમયાંતરે તમારામાંથી દર્શકોનો રસ પણ ઉડી જાય છે. ઈન્ડસ્ટ્રીની કલાકારોને ચોકઠાંમાં બેસાડી દેવાની વિતારસરણી છતાં ચિત્રાંગદા પોતાની કળાને સમર્પિત છે. તે માને છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં માનનીય અને લાંબી કારકિર્દી જાળવી રાખવા માટે અર્થપૂર્ણ અને વૈવિધ્યપૂર્ણ રોલમાં કામ કરવું અગત્યનું છે. તેના મતે કલાકારે તેમની યોગ્ય પ્રતિભા દર્શાવી શકે એવા રોલની રાહ જોઈને ધીરજપૂર્વક અને શાંતિથી ફિલ્મની રાહ જોવી જોઈએ, નહીં કે જે સામે આવે એ ફિલ્મ લઈ લે. તાજેતરમાં જ તેણે ખાકીઃ ધ બેંગાલ ચેપ્ટરમાં એક વિરોધપક્ષના મજબૂત નેતા નંદિની બસાકનો રોલ કર્યો છે. જેમાં તેણે ગ્લેમરના બીબાંમાંથી બહાર આવીને પોતાની પ્રતિભા પુરવાર કરી છે.

# રશ્મિકા અને વિજય લંચ ડેટ પર જોવા મળ્યા

રશ્મિકા મંદાનાની તાજેતરમાં રિલીઝ થયેલી સલમાન ખાન સાથેની ફિલ્મ સિકંદરને લઈને ખૂબ ચર્ચા છે. આ ક્રેઝ વચ્ચે, ચાહકોએ તેને મુંબઈના એક ટોચના રેસ્ટોરન્ટમાં આરામ કરતી જોઈ. શું તે કથિત પ્રેમી વિજય દેવરકોંડા સાથે હતી? રશ્મિકા મંડન્ના હાલમાં નવમા ક્રમે છે. સિકંદર સાથે તેણીએ હેટ્રિક ફટકારી હોય તેવું લાગે છે . સલમાન ખાન મુખ્ય ભૂમિકામાં અભિનય કરતી આ ફિલ્મને ચાહકો અને વિવેચકો તરફથી સકારાત્મક સમીક્ષાઓ મળી છે. એઆર મુરુગાદોસ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ ૩૦ માર્ચે ઈદ પર રિલીઝ થઈ હતી. જ્યારે



એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર અજાયબીઓ કરશે, ત્યારે રશ્મિકા મંડન્ના પહેલેથી જ ઉજવણીના મોડમાં હોય તેવું લાગે છે. સોશિયલ મીડિયા પર એક વિડિઓ વાયરલ થયો છે જેમાં તેણી મુંબઈના એક પોશ રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળતી જોવા મળે છે. આશ્ચર્ય થાય કે નહીં, વિજય દેવરકોંડા પણ તે જ રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળતા જોઈ શકાય છે. ખબર ન હોય તો, રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા કપલ હોવાની અફવાઓ ચાલી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી, એવા અહેવાલો આવી રહ્યા છે કે તેઓ સ્થિર સંબંધમાં છે.

### છેલ્લે સુખી ફિલ્મમાં જોવા મળી હતી

# શિલ્પા શેટ્ટી અને રવિના ટંડન વર્ષો પછી ફરી મળ્યા



૧૯૯૦ ના દાયકાની બોલિવૂડ સુંદરીઓ શિલ્પા શેટ્ટી અને રવિના ટંડન તાજેતરમાં ઈન્ડિયન આઈડોલના સેટની બહાર સાથે જોવા મળ્યા હતા. કલાકારો મજાની વાતચીત કરતા અને કેમેરા માટે સાથે પોઝ આપતા, તેમની સુંદરતાથી મંત્રમુગ્ધ કરતા અને ચાહકોને એક નોસ્ટાલ્જિક રાઈડ પર લઈ જતા જોવા મળ્યા હતા.જ્યારે રવિના પાપારાઝી માટે પોઝ આપી રહી હતી, ત્યારે શિલ્પા ઈન્ડિયન આઈડોલના સેટ પર તેની વેનિટી વાનમાંથી બહાર આવતી જોવા મળી. તેઓ બંને એકબીજાને જોઈને ખૂબ જ ખુશ થયા અને એકબીજાને ગરમ આલિંગન આપીને સ્વાગત કર્યું. પાપારાઝી માટે પોઝ આપતા પહેલા બંને કોઈ વાત પર હસતા અને મજેદાર વાતચીતનો આનંદ માણતા પણ જોવા મળ્યા.ચાહકો તેમની સુંદરતાથી અચંબિત બની ગયા હતા શક્યા અને વ્યક્ત કર્યુ કે તેઓ ૫૦ ના દાયકામાં પણ કેવી રીતે યુવાન દેખાતા હતા. એક ટિપ્પણીમાં લખ્યું હતું કે, “તેઓ બંને ૧૮ વર્ષની લાગે છે.” બીજાએ ટિપ્પણી કરી હતી, “એક ફ્રેમમાં ૯૦ ના દાયકાની સુંદરતા રાણીઓ. રવિના ટંડન અને શિલ્પા શેટ્ટીએ જેકી શ્રોફ અને સંજય દત્ત સાથે જંગ, ગોવિંદા સાથે પરદેસી બાબુ અને અક્ષય કુમાર સાથે મૈં ખિલાડી તુ અનાડી જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યુ હતું.શિલ્પા છેલ્લે સુખી ફિલ્મમાં જોવા મળી હતી, જે દર્શકોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગઈ. તે આગામી કન્નડ એક્શન ડ્રામા કેડી - ધ ડેવિલમાં જોવા મળશે. પ્રેમ દ્વારા દિગ્દર્શિત અને કેવીએન પ્રોડક્શન્સ હેઠળ સુપ્રિત દ્વારા નિર્મિત, આ ફિલ્મમાં ધ્રુવ સરજા, રીશ્મા નાનાયા, વી રવિચંદ્રન, રમેશ અરવિંદ, જીશુ સેનગુપ્તા, નોરા ફતેહી અને સંજય દત્ત મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળ્યા હતા.રવિના છેલ્લે સંજય દત્ત સાથે ઘુડચડી ફિલ્મમાં અને ડિઝની+ હોટસ્ટારની શ્રેણી કર્મા કોલિંગમાં જોવા મળી હતી. અભિનેત્રીએ હજુ સુધી તેના આગામી પ્રોજેક્ટની જાહેરાત કરી નથી.



સમૃદ્ધ ભારતની ભવ્ય તસ્વીર:નવો પંબન બ્રિજ










# તમિલનાડુના બ્લ્યૂ સમુદ્ર પરનો નવો પંબન બ્રિજ

। તમિલનાડુ ।

'રાષ્ટ્રીય સેવા' ને મંત્ર માનીને માનનીય પ્રધાનમંત્રી જી એ તેમના અદ્વિતીય નેતૃત્વ ક્ષમતા,અતૂટ સંકલ્પ અને દૂરંદેશી વિચારસરણી દ્વારા ભારત ની આધારભૂત સંરચનાને નવા શિખર પર પહોંચાડી દીધો છે. પ્રધાનમંત્રીજીની સખત મહેનત, અદમ્ય ઈચ્છાશક્તિ અને રાષ્ટ્ર નિર્માણ ની ભાવના એ દરેક ઐતિહાસિક સ્વપ્નને સાકાર કર્યુ છે. તેમના નેતૃત્વમાં ભારતીય રેલ્વે પણ વિકાસના આકાશમાં ઉંચી ઉડાન ભરી રહી છે. દરરોજ નવા રેકોર્ડ બનાવીને, રેલવે સમૃદ્ધ ભારત ની સફરમાં તેની પર્યાપ્ત ભાગીદારી સુનિશ્ચિત કરી રહી છે.

તમિલનાડુ ના વિશાળ બ્લ્યૂ સમુદ્ર પર નિર્મિત નવો પંબન બ્રિજ પણ રેલ્વે વિસ્તરણ અને એન્જિનિયરિંગ કૌશલ્ય ની એ તસ્વીર છે જેને જોઈને દરેક ભારતવાસી ને ગર્વ ની અનુભૂતિથ થશે. આ ભારતનો પહેલો વર્ટિકલ લિફ્ટ રેલ્વે સી બ્રિજ છે, જે સમુદ્ર ની ઉપરથી પસાર થઈને રામેશ્વરમ ટાપુને તમિલનાડુ ના મંડપમ સાથે જોડે છે. આ પુલ માત્ર બે સ્થળોને જોડવાનું માધ્યમ નથી, પરંતુ નવી ટેકનોલોજી, આત્મનિર્ભર ભારત અને હાઈ-સ્પીડ પરિવહનનું પ્રતીક પણ છે.

નવા પંબન બ્રિજની અનોખી લિફ્ટ સિસ્ટમ મોટા જહાજોને પણ સરળતાથી પસાર થવાની પરવાનગી આપે છે. મન્નાર ની ખાડી પર સ્થિત આ પુલ ટ્રાફિકને સરળ બનાવવાની સાથે તે પોતાની રીતે ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ પણ ધરાવે છે. આધુનિક ટેકનોલોજી થી બનેલો આ પુલ ભારતીય રેલ્વે માટે એક મોટી સિદ્ધિ છે, જે ભવિષ્યમાં દરિયાઈ માર્ગો પર આધારિત પર્યટન અને વેપારને જબરદસ્ત પ્રોત્સાહન મળશે.

પરિવહનના નવા યુગ તરફ

ભારતના પ્રથમ દરિયાઈ પુલ પંબન બ્રિજનું બાંધકામ ૧૯૧૧ માં શરૂ અને ૧૯૧૪ માં તેને ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. તે સમયે તે ભારતનો એકમાત્ર દરિયાઈ પુલ હતો, જે સને ૨૦૧૦ માં બાંદ્રા-વરલી સી લિંક ખોલવામાં આવ્યો ત્યાં સુધી ભારતનો સૌથી લાંબો દરિયાઈ પુલ રહ્યો.

તેના સેવા સમયગાળા દરમિયાન, આ પુલે ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓ જોઈ અને બહાદુરીથી તેનો સામનો કર્યો. ૧૯૬૪ માં આવેલા વાવાઝોડાએ આ પુલને વ્યાપક નુકસાન પહોંચાડ્યું હતું, પરંતુ તેમ છતાં, તે સમુદ્રના મોજા વચ્ચે અડગ રહ્યો અને લગભગ ૧૦૬ વર્ષ સુધી રાષ્ટ્રીય હિત માટે સમર્પિત રહ્યો.

૨૧મી સદી અને બદલાતી ભારતની પરિવહન જરૂરિયાતો એ જૂના પંબન બ્રિજ ની સામે ઘણા નવા પડકારો ઉભા કર્યા હતા. આને ધ્યાનમાં રાખીને, આધુનિક ટ્રેનો અને મોટા દરિયાઈ જહાજોની જરૂરિયાતોને અનુરૂપ નવી રચનાની જરૂરિયાત અનુભવાઈ. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૧૯ માં આ નવા પુલના નિર્માણનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. નવીનતા પ્રત્યેના જુસ્સા અને વિકાસની અભૂતપૂર્વ ગતિને કારણે, સમુદ્ર પરનું આ અદ્ભુત બાંધકામ ફક્ત ૪ વર્ષમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું.

પંબન બ્રિજની વિશેષતાઓ

૨.૦૮ કિલોમીટર નો આ ભવ્ય સંરચના જૂના પંબન બ્રિજ કરતા ૩ મીટર વધુ ઊંચો છે, જેનાથી નાના જહાજો સરળતાથી તેની નીચેથી પસાર થઈ શકે છે. આ આખા બ્રિજ ને બનાવવા માટે ૧૮.૩ મીટરના ૯૯ સ્પાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પુલની મધ્યમાં ૭૨.૫ મીટરનો વર્ટિકલ લિફ્ટ સ્પાન પણ છે જેને જરૂર પડ્યે મોટા જહાજોને સમાવવા માટે ૧૭ મીટર સુધી ઉંચો કરી શકાય છે.

આ બ્રિજ માં ૩૩૩ પાઈલ્સ અને ૧૦૧ પાઈલ કેપ્સનો ઉપયોગ કરીને મજબૂત આધાર સાથે ડબલ રેલ લાઈન માટે ડિડિઝાઈન કરવામાં આવ્યો છે. જેનાપર ભારે ભરખમ માલગાડીઓ ની સાથે વંદે ભારત જેવી ઝડપી ગતિ થી ચાલતી અતિ-આધુનિક સેમી હાઈ સ્પીડ ટ્રેનો પણ ખૂબ જ સરળતાથી પસાર થઈ શકે છે. ઉપરાંત, તેની સપાટીને ૫૮ વર્ષ સુધી સુરક્ષિત રાખવા માટે એક ઉત્તમ સુરક્ષા પ્રણાલી અપનાવવામાં આવી છે.

આ પુલના નિર્માણ દરમિયાન, દરિયાઈ તોફાન, ભારે પવન અને ભરતી જેવી પરિસ્થિતિઓ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. પોલિસિલોક્સેન પેઈન્ટ, સ્ટેનલેસ સ્ટીલ અને ફાઈબર રિઈનફોર્સ્ડ પ્લાસ્ટિક (FRP) નો ઉપયોગ ખારા દરિયાઈ પાણીના સંપર્કમાં હોવા છતાં પણ તેને લાંબા સમય સુધી મજબૂત અને ટકાઉ રાખશે.

નિર્માણની સિદ્ધિઓ

આ પુલ જૂના પુલની સરખામણીમાં વધુ ટકાઉ છે અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો છે. તેનું સબ-સ્ટ્રક્ચર પણ નિર્ધારિત સમયમર્યાદા પહેલાં પૂર્ણ થઈ ગયું હતું, જે તેની મજબૂતાઈ સુનિશ્ચિત કરે છે. ચોકસાઈ અને અદ્ભુત એન્જિનિયરિંગ સાથે, આ પુલમાં એક જ લાઈન માટે ૯૯ સ્પાન બનાવવામાં આવ્યા છે અને શ્રેષ્ઠતા સાથે સ્થાપિત કરવામાં આવ્યા છે. તેની બાંધકામ તકનીકો અને ડિઝાઈન તેને માત્ર દક્ષિણ ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં એક મહત્વપૂર્ણ સંરચના બનાવે છે.

ડિઝાઈન માં ટેકનોલોજીનો સમાવેશ

આ પુલની ડિઝાઈન જહાં આંતરરાષ્ટ્રીય કન્સલ્ટન્ટ TYPSA દ્વારા બનાવવામાં આવી છે, જ્યારે IIT ચેન્નાઈ અને IIT બોમ્બે દ્વારા ડિઝાઈન ચકાસવામાં આવી છે. ઉચ્ચ-ગ્રેડ સામગ્રી અને સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ તેને મજબૂત, સલામત અને ઓછી જાળવણીવાળી સંરચના બનાવી દીધી છે. પુલના મધ્ય ભાગમાં ૭૨.૫-મીટરનો વર્ટિકલ લિફ્ટ સ્પાન છે, જેને જહાજોના કદને અનુરૂપ ઉંચો અને નીચે કરી શકાય છે.

આસ્થા અને પ્રગતિ નો સંગમ

પંબન બ્રિજનો ભગવાન રામ અને ભગવાન શિવ સાથે સીધો સંબંધ છે. આ પુલ જે ટાપુને મુખ્ય ભૂમિ રામેશ્વરમ સાથે જોડે છે, તેને હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર માનવામાં આવે છે. અહીં સ્થિત રામેશ્વરમ મંદિર ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક છે. એવું માનવામાં આવે છે કે જ્યારે ભગવાન શ્રી રામ લંકા પર ચઢાઈ કરવા જઈ રહ્યા હતા ત્યારે તેમણે આ જ્યોતિર્લિંગની સ્થાપના કરી હતી અને ભગવાન શિવની પૂજા કરી હતી.

પંબન બ્રિજ થી પસાર થતો માર્ગ ભગવાન રામની લંકા યાત્રાનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે, જે તેને ધાર્મિક રીતે વધુ ખાસ બનાવે છે. રામાયણ અનુસાર, ભગવાન રામ અને તેમની વાનર સેનાએ લંકા જવા માટે રામ સેતુનું નિર્માણ કર્યુ હતું, જે હાલના પંબન બ્રિજ પાસે સ્થિત છે.

આવી સ્થિતિમાં, નવો પંબન બ્રિજ ભક્તો માટે રામેશ્વરમની યાત્રાને સરળ અને સુરક્ષિત બનાવશે. આ પુલ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો છે જેથી ભક્તો કોઈપણ અવરોધ વિના ભગવાન શિવ અને ભગવાન રામ સાથે સંબંધિત સ્થળોની મુલાકાત લઈ શકે.

એક ગૌરવપૂર્ણ સિદ્ધિ

નવો પંબન બ્રિજ ભારતની નવીનતા ક્ષમતા, અપ્રતિમ ઈજનેરી કૌશલ્ય અને તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા પ્રત્યે આદરનું અદ્ભુત પ્રતીક છે. તે ભારતની ટેકનોલોજીકલ પ્રગતિ, આત્મનિર્ભરતા અને આધુનિકીકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનો જીવંત પુરાવો પણ છે. આ પુલ સમુદ્રના મોજાઓ ઉપર એક દૃઢ વ્યક્તિની જેમ ઉભો છે, જે બે જગ્યાઓને જોડે છે અને ભારતની વધતી જતી વૈશ્વિક હાજરી અને ભવિષ્ય માટે અમર્યાદિત શક્યતાઓ પણ દર્શાવે છે.

૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ રામ નવમીના અવસર પર, સફળ વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેને રાષ્ટ્રને સમર્પિત કરશે. ત્યારબાદ, ટ્રાફિક અને પરિવહનને સરળ બનાવીને, આ પુલ પ્રવાસન, વ્યવસાય અને સાંસ્કૃતિક સંવાદને એક નવું પરિમાણ આપશે, જે ભારતની પ્રગતિ અને સમૃદ્ધિને વધુ વેગ આપશે.

# રામેશ્વરમ ખાતે નવા પંબન બ્રિજના ઉદઘાટન પહેલા સફળ ટ્રાયલ/રિહર્સલ

। તમિલનાડુ, તા.૩૧ ।

પંબન બ્રિજ અને રામેશ્વરમ ખાતે, રેલ્વે, કોસ્ટ ગાર્ડ, રાજ્ય વહીવટીતંત્ર અને પોલીસના અધિકારીઓએ ૨૯ માર્ચ ૨૦૨૫ ના રોજ નવા પંબન બ્રિજના ઉદઘાટનનું રિહર્સલ કર્યુ. કોસ્ટ ગાર્ડ જહાજને પસાર થવા દેવા માટે શેર્ઝર સ્પાન સાથેનો જૂનો પંબન બ્રિજ પણ ખોલવો પડ્યો.

રિહર્સલમાં સમયને સિક્રોનાઈઝ કરવા માટે જૂના અને નવા પમ્બન બ્રિજને ખોલવાનો સમાવેશ થાય છે અને કોસ્ટ ગાર્ડ જહાજને નવા બ્રિજના ખુલેલા લિફ્ટ સ્પાનની નીચે બીજી બાજુ ક્રોસ કરવાની મંજૂરી આપ્યા પછી, સમય જોવા માટે નવા પુલનો ઉપાડેલો ભાગ નીચે ઉતારવામાં આવ્યો હતો. નવા પુલનો લિફ્ટ સ્પાન નીચે કર્યા પછી, સમય ચકાસવા માટે પંબન છેડાથી મંડપમ છેડા સુધી અને મંડપમ છેડાથી પંબન છેડા સુધી પંબન પુલ પર ટ્રેન ચલાવવામાં આવી હતી. અધિકારીઓએ તારણ કાઢ્યું હતું કે પરીક્ષણો સફળ રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કારણ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે.

**કર્ક (ડ,હ) :**

આજે મિત્રો સાથે સાંજ ખુશનુમા રહેશે પણ વધુ પડતા ભોજન અંગે સાવચેત રહેજો. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે. આ તે સારા દિવસો માં નો એક દિવસ છે જયારે તમે કાર્યક્ષેત્ર ઉપર ઘણું સારું અનુભવ કરશો. આજે તમારા સહકર્મી તમારા કામની પ્રશંસા કરશે.

**સિંહ (મ,ટ) :**

આજે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. મિત્રોનો સાથ રાહત આપશે. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધહકારા સાથે સાથે મિલાવશો. હા, તમે પ્રેમમાં છો તેની જ આ નિશાની છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારા આશ્ચર્ય વચ્ચે તમારો ભાઈ તમારી મદદ આવશે. તમારે સહકાર આપી એકબીજાના સહયોગમાં કામ કરી એકમેકને ખુશ કરવાના રહેશે.

**તુલા (ર,ત) :**

આજે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે સુની પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લઈ ને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**મકર (ખ,જ) :**

આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો.સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. રોમાન્સ માટેની તકો દેખીતી છે-પણ તેનું આયુષ્ય ટૂંકું હશે.







દેશભરમાં રમઝાનના પવિત્ર મહિના દરમિયાન ઈદ-ઉલ-ફિત્ર નિમિત્તે મુસ્લિમ શ્રદ્ધાળુઓ 'નમાજ' (પ્રાર્થના) કરી ઉજવણી કરી હતી.

## ગુજરાત સહિત દેશભરમાં બનેલી ૧૦૩ દવાઓના સેમ્પલ ફેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) અને સ્ટેટ ડ્રગ ઓથોરિટીની તપાસમાં દેશભરમાં બનેલી ૧૦૩ દવાઓના સેમ્પલ ફેલ થયા છે. આ સેમ્પલોમાં ઉધરસ, શરદી, એલર્જી, દર્દ નિવારણ, વિટામિન તેમજ હૃદયરોગમાં પ્રયોગ થતી દવાઓના સેમ્પલોનો સમાવેશ થાય છે. સૌથી વધુ હિમાચલ પ્રદેશમાં બનેલી ૩૮ દવાઓ ખરાબ હોવાનું સામે આવ્યું છે. દેશભરમાં દવા ગુણવત્તાની તપાસ કરાયા બાદ સૌથી વધુ હિમાચલ પ્રદેશમાં બનેલી ૩૮ દવાઓના સેમ્પલો ફેલ થયા છે. ત્યારબાદ ઉત્તરાખંડમાં ૧૧, ગુજરાત અને પંજાબમાં ૯-૯ દવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, તેલંગાણા, આસામ, તમિલનાડુના ઉદ્યોગોમાં બનેલી દવાઓના સેમ્પલ પણ ફેલ થયા છે. સીડીએસસીઓના જણાવ્યા મુજબ દેશભરમાંથી ૪૭ દવાઓના સેમ્પલ ફેલ હોવાનું સામે આવ્યું છે, જ્યારે રાજ્ય ડ્રગ ઓથોરિટીની તપાસમાં દેશભરની ૫૬ દવાઓના ગુણવત્તા યોગ્ય મળી આવી નથી. નીચલી ગુણવત્તાની દવાઓ મળી આવ્યા બાદ CDSCOએ તમામ રાજ્યોના ડ્રગ કન્ટ્રોલરને યાદી જાહેર કરી છે અને જ્યાંથી દવાઓ ફેલ થઈ છે, તેમની સામે કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે. દવાઓની ટેસ્ટિંગ દરમિયાન મોટાભાગની દવાઓમાં ધૂળના કણો મળી આવ્યા છે. આ ઉપરાંત મિસ બ્રાન્ડેડ એટલે કે લેવલમાં પણ ભૂલો જોવા મળી છે. જે મુજબ દવાઓ પર માત્રા લખાઈ છે, તેટલી માત્રા પણ દવામાં ન હોવાનું સામે આવ્યું છે. તેમજ કેટલીક નકલી દવાઓ હોવાનો પણ ખુલાસો થયો છે. તપાસમાં હૃદય રોગ અને બ્લડ પ્રેશરને નિયંત્રિત કરતી Telma H 40 mg દવા નકલી હોવાનું સામે આવ્યું છે. આ દવા પર ઉલ્લેખિત ઉદ્યોગની પૂછપરછ કરાતા તેઓએ બેચ અજાણી હોવાનું કહ્યું છે.

### આતંકવાદીઓએ ટ્રેન પર હુમલો કર્યાના ત્રણ સપ્તાહ પછી નિર્ણય

# બલૂચિસ્તાન સરકારે હાઈવેની રાત્રિ યાત્રા પર પ્રતિબંધ મૂક્યો

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૩૧ ।

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં દિન-પ્રતિદિન કાયદાકીય વ્યવસ્થા કથળી રહી છે. આતંકવાદી હુમલાઓમાં નિર્દોષ લોકોની સાથે સૈન્યના જવાનોની પણ હત્યા કરવામાં આવી રહી છે. આ દરમિયાન, બલૂચિસ્તાનની સરકારે કેટલાક મહત્વના નેશનલ હાઈવે પર રાત્રિના સમયે યાત્રા કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રાંતમાં છેલ્લા કેટલાક સમયથી વાહનો પર આતંકવાદી હુમલાઓ વધી ગયા છે. આ અસ્થિર અને અશાંત પ્રાંતમાં વાહનોને ટાર્ગેટ કરવામાં આવે છે. હથિયારધારીઓ હાઈવે પર વાહનોને રોકી નાંખે છે અને યાત્રિઓની ઓળખ કર્યા પછી તેમની હત્યા કરે છે. પંજાબીઓ પર આવા હુમલા વધુ થઈ રહ્યા છે. કાચ્ચી, ઝોબ, ગ્વાદર, નુશ્કી અને મુસાખાઈલ જિલ્લાના જિલ્લા કમિશનરોએ નોટિફિકેશન જાહેર કરીને મુખ્ય નેશનલ હાઈવે પર સાંજે ૬ કલાકથી સવારે ૬ કલાક સુધી યાત્રા પર પ્રતિબંધ મુકી દીધો છે. આ પ્રતિબંધ ક્વેટા-તાફતાન રોડ, લોરલાઈ-ડેરા ગાજી ખાન રોડ, સિબી રોડ, કોસ્ટલ હાઈવે અને ઝોબ-ડેરા ઈસ્માઈલ ખાન રોડ સહિત




કેટલાક હાઈવે પર લાગુ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, લગભગ છેલ્લા બે દાયકાથી બલૂચિસ્તાન પ્રાંત જાતીય બલૂચ બળવાખોર દ્વારા થતી હિંસાનો શિકાર બની ગયો છે, જે પંજાબીઓના સશસ્ત્ર દળો પર હુમલા કરે છે.બલૂચ બળવાખોરોનો આક્ષેપ છે કે સૈન્ય પ્રાંતમાં ખનીજોના ખનનમાં કેન્દ્ર સરકારની મદદ કરી રહ્યું છે.

### બીજી તારીખે ટેરિફ અમલી બનતાં અગાઉ યુએસ પ્રમુખ પીછેહઠના મૂડમાં નથી

# નવા ટેરિફ જાહેર કરવાનો દિવસ અમેરિકા માટે વિદેશી વસ્તુઓથી મુક્તિનો પ્રસંગ બનશે : ટ્રમ્પ

### આપણા દેશમાં વેપાર કરનારા દેશો પાસેથી આપણે ચાર્જ લઈશું અને આપણી રોજગારી, સંપત્તિ જેવી તમામ વસ્તુઓ પરત મેળવીશું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે ટેરિફના નવા દર જાહેર કરવાના છે. આ દિવસ યુએસના ઈતિહાસમાં વિદેશી સામાનમાંથી મુક્તિનો પ્રસંગ બનશે, તેવો વિશ્વાસ ટ્રમ્પે જાહેર કર્યો છે. ટ્રમ્પે નવી ટેરિફ નીતિનો અમલ કરતાં અમેરિકન પરિવારો માટે મોંઘવારી વધવાની અને આવક ઘટવાની આશંકા અર્થશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે. જો કે ટ્રમ્પ પોતાના ઈરાદામાં પીછેહઠ કરવાના મૂડમાં નથી. ટ્રમ્પે આયાતી સામાનના બદલે ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વ્હાઈટ હાઉસ ખાતે અનેક સીઈઓને આમંત્રિત કર્યા છે, જેમાં તેમને નવા ટેરિફથી બચવા માટે અમેરિકામાં જ અબજો ડોલરનું રોકાણ કરવા સંમત કરવામાં આવશે. વ્હાઈટ હાઉસ ખાતે ટોચના સીઈઓ જૂથ સાથેની બેઠકમાં ધાર્યું પરિણામ ન મળે તો ટેરિફમાં 'જેવા સાથે તેવા'ની ટ્રમ્પ નીતિ પડતી મૂકાય તેવી શક્યતા પણ છે. ટ્રમ્પે સીઈઓ સાથેની બેઠકમાં સકારાત્મક પરિણામ મળવાની આશા વ્યક્ત કરી છે. ટ્રમ્પે રેસિપ્રોકલ (જેવા સાથે તેવા) ટેરિફની નીતિ અમલમાં મૂકતા યુરોપિયન દેશો, દક્ષિણ કોરિયા, બ્રાઝિલ અને ભારત સહિત અનેક દેશોમાંથી આવતી વસ્તુઓ મોંઘી બનવાની છે, જેની સીધી અસર સામાન્ય અમેરિકનના ઘરેલુ બજેટ પર થશે. ગત સપ્તાહે ટ્રમ્પે કેનેડા-મેક્સિકો પર ૨૫ ટકા ટેરિફ લાગુ કર્યો હતો.

### અમેરિકી પ્રમુખ ટ્રમ્પના પત્ર પછી ઇરાનની પ્રતિક્રિયા

# અણુ પ્રોગ્રામ અંગે અમેરિકા સાથે સીધી મંત્રણાનો ઇરાનનો ઇનકાર

। (એજન્સી) દુબઈ, તા.૩૧ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના પત્રના જવાબમાં ઈરાનને તેના ઝડપથી વિકસી રહેલા અણુ પ્રોગ્રામ અંગે અમેરિકા સાથે સીધી વાટાઘાટો કરવાનો ઈનકાર કર્યો હતો. ટ્રમ્પે ૧૨ માર્ચે ઈરાનના સર્વોચ્ચ નેતાને પત્ર લખીને મંત્રણાની દરખાસ્ત કરી હતી. આ પત્રનો જવાબ આપતા ઈરાનને આ દરખાસ્તને ફગાવી દીધી છે. ઈરાનના આ વલણથી પરમાણુ કાર્યક્રમના મુદ્દે બંને દેશો વચ્ચેના સંબંધો વધુ ખરાબ બની શકે છે. ટ્રમ્પે ઈરાનના વલણ બાદ વધુ પ્રતિબંધોની સાથે સાથે ટેરિફ લાદવાની ચીમકી આપી છે. તેની સાથે સાથે એવું પણ કહ્યું છે કે જો ઈરાન બે મહિનાની અંદર ન્યૂક્લીયર ડીલ અંગે વાટાઘાટો નહિ કરે તો અત્યારસુધી નહિ જોયા હોય તેવા બોમ્બિંગ માટે તૈયાર રહે. ઈરાનના પ્રેસિડન્ટ મસૂદ પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે ઓમાનના સલ્તનત દ્વારા આપવામાં આવેલા ઈરાનના પ્રતિભાવથી વોશિંગ્ટન સાથે પરોક્ષ વાટાઘાટોનો માર્ગ ખુલ્લો રાખ્યો હતો, ૨૦૧૮માં વિશ્વના શક્તિશાળી દેશો સાથે ઈરાનની અણુ સમજૂતીમાંથી અમેરિકાને દૂર કરવાના ટ્રમ્પના પ્રથમ ટર્મના એકપક્ષીય નિર્ણયને કારણે આવી મંત્રણામાં કોઈ પ્રગતિ થઈ નથી. કેબિનેટ બેઠકમાં પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે અમે વાતચીત ટાળતા નથી, પરંતુ વચનોનો ભંગ જ અત્યાર સુધી અમારા માટે સમસ્યાઓનું કારણ બન્યો છે. તેઓએ સાબિત કરવું પડશે કે તેઓ વિશ્વાસનું ઘડતરી કરી શકે છે. ઈરાનના પ્રેસિડન્ટની આ ટીપ્પણી પછી અમેરિકાની કોઈ પ્રતિક્રિયા આવી ન હતી.

## જીપીએસસીની પરીક્ષાની તારીખમાં ફેરફાર, ૧૯ એપ્રિલે નહીં યોજાય પરીક્ષા

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૧ ।

GPSCની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્ત્વના સમાચાર આવ્યા છે. GPSCની ભરતી પરીક્ષાની (GPSC Exam) તારીખમાં ફેરફાર કરાયો છે. મદદનીશ ઈજનેર સિવિલ વર્ગ-૨ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો છે. હવે, ૧૯મી એપ્રિલની જગ્યાએ ૨૫મી એપ્રિલના રોજ પરીક્ષા યોજાશે. ૨૦ એપ્રિલે પરીક્ષા આપતા ઉમેદવારો પરીક્ષા સ્થળે પહોંચી શકે તે માટે ૧૯ એપ્રિલની પરીક્ષાની તારીખ બદલવી પડી હોવાનું GPSCના ચેરમેન હસમુખ પટેલે જાણકારી આપી છે.

### રેલી છોડીને ભાગ્યા કન્હૈયા કુમાર

# બિહારના અરરિયામાં કોંગ્રેસની યાત્રામાં બબાલ

। (એજન્સી) પટણા, તા.૩૧ ।

બિહારમાં અરરિયા જિલ્લામાં કોંગ્રેસની 'પલાયન રોકો, નૌકરી દો યાત્રા'માં કોંગ્રેસ નેતા કન્હૈયા કુમાર સાથે સેલ્ફી લેવાના ચક્કરમાં ભારે બબાલ થઈ છે. અહીં કેટલાક કાર્યકર્તાઓ કન્હૈયા કુમાર પાસે સેલ્ફી લેવા તેમની નજીક ગયા હતા. આ દરમિયાન તેમના સુરક્ષા કર્મીઓએ અટકાવવાનો પ્રયાસ કરતા કેટલાક કાર્યકર્તાને ધક્કો લાગતા મામલો બિચક્યો. તેથી સુરક્ષા કર્મીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે મારામારી થયાનું પણ કહેવાય છે. બીજી તરફ કોંગ્રેસે પણ રેલીમાંથી નીકળી જવા મુદ્દે કન્હૈયા કુમારનો બચાવ કર્યો છે. પાર્ટીના કાર્યકર્તાના જણાવ્યા અનુસાર, કોંગ્રેસની યાત્રા એસએસબી પરિસર પાસે પહોંચી, ત્યારે કેટલાક કાર્યકર્તાઓ સેલ્ફી લેવા માટે એક-બીજાને ધક્કા મારી રહ્યા હતા. આ દરમિયાન સુરક્ષા કર્મીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે વિવાદ થયો હતો, જેના કારણે કુમારે અધવચ્ચે જ યાત્રા છોડીને જતું રહેવું પડ્યું છે. ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર રવિવારે (૩૦ માર્ચ) વાયરલ થયો છે, જોકે આ વીડિયોની કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.

આ ઘટના અરરિયા સ્થિત એસએસબી પરિસર પાસે બની છે. પશ્ચિમ બંગાળ જિલ્લાના ભિતિહરવા આશ્રમથી ૧૬મી માર્ચે કોંગ્રેસની યાત્રા શરૂ થઈ હતી. આ તે જ જગ્યા છે, ત્યાં મહાત્મા ગાંધીએ ૧૯૧૭માં પ્રસિદ્ધ ચંપારણ સત્યાગ્રહ શરૂ કર્યો હતો. કોંગ્રેસની આ યાત્રાના ૧૫માં દિવસે કુમાર અરરિયા પહોંચ્યા હતા. અરરિયા જિલ્લાના કોંગ્રેસ અધ્યક્ષ જાકિર અનવરે કુમારનો બચાવ કરતા મીડિયાને કહ્યું કે, 'કન્હૈયા કુમારની પાર્ટીના ટોચના નેતા સાથે મહત્ત્વની બેઠક હોવાથી, તેમણે અધવચ્ચે જ યાત્રા છોડીને જવું પડ્યું છે. કન્હૈયા કુમારના ગયા બાદ યાત્રા ચાલુ રહેશે. તેઓ સોમવારે યાત્રામાં જોડાશે.' જાકિર અનવરે કહ્યું કે, 'આ યાત્રા બિહારના યુવાઓના અધિકારો અને રોજગારની લડાઈ માટે યોજાઈ છે. યાત્રા ૨૪ દિવસ સુધી યોજાશે, જે ત્રણ તબક્કામાં આખા રાજ્યભરમાંથી પસાર થશે અને ૧૪ એપ્રિલે બાબાસાહેબ આંબેડકર જયંતીએ યાત્રાનું પટણામાં સમાપન થશે.

### જજ પર વર્ષ ૨૦૦૮માં લાંચ માંગવાના આરોપ મુકાયા હતા

# પંજાબ હાઈકોર્ટના જજ વિરુદ્ધ CBI પૂરતા પુરાવા રજૂ કરી શકી નથીઃ કોર્ટ

### આ મામલામાં લગભગ ૮૯ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા, ૧૨ સાક્ષીઓને બીજીવાર નિવેદન માટે બોલાવવામાં આવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના એક જજ પર વર્ષ ૨૦૦૮માં લાંચ માંગવાના આરોપ મુકાયા હતા. આ મામલામાં સીબીઆઈની સ્પેશિયલ કોર્ટના જજ અલકા મલિકે ભૂતપૂર્વ જસ્ટિસ નિર્મલજીત યાદવને નિર્દોષ જાહેર કર્યા છે. આ અંગે બચાવના પક્ષ વકીલ વિશાલ ગર્ગે જણાવ્યું કે આ મામલામાં કુલ પાંચ આરોપી હતા, જેમાંથી એકનું પહેલા મોત થયું હતું. પૂર્વ જસ્ટિસ અને અન્ય ચારને આજે કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. આ પહેલા સીબીઆઈ કોર્ટે ગત ગુરુવારે પૂર્વ જસ્ટિસ નિર્મલજીત યાદવની સામે સીબીઆઈ તરફથી નોંધાયેલા કેસના મામલામાં અંતિમ દલીલો સાંભળી હતી અને ચુકાદો ૨૯ માર્ચે આપવાનું નક્કી કર્યું હતું. આજના ચુકાદામાં સીબીઆઈની કોર્ટે કહ્યું કે, આરોપો સાબિત કરવા માટે પૂરતા પુરાવા મળ્યા નથી. સાથે જ મુખ્ય સાક્ષીઓ કોર્ટમાં પહેલા દિવસે જ પોતાના નિવેદનથી ફરી ગયા હતા. જેના કારણે કેસ નબળો થઈ ગયો. આ સાથે કોર્ટે એમ પણ કહ્યું કે, સીબીઆઈ એ નક્કર ડિઝિટલ કે દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા નથી. હકીકતમાં, ૧૭ વર્ષ પહેલા ખોટી ડિલીવરીને લીધે લાંચનો સામલો સામે આવ્યો હતો. જસ્ટિસ નિર્મલજીત કૌર ૨૦૦૮માં ફક્ત ૩૩ દિવસ પહેલાં જ હાઈકોર્ટના જજ બન્યા હતા. તેમના ઘરના દરવાજા પર અચાનક નોટોથી ભરેલું બંડલ પહોંચાડવામાં આવ્યું હતું. પરંતુ તેમને આ અંગે કોઈ જાણકારી ન હતી. એવામાં તરત જ તેમણે પોલીસને જાણ કરી અને આ રીતે લાંચના મોટા ષડયંત્રનો ખુલાસો થયો હતો. દરવાજા પર રોકડના મામલાને લઈને કેટલાક સમય પછી નિવૃત્ત થનારી જસ્ટિસ નિર્મલજીત યાદવ પર આક્ષેપ થયા હતા.

## પાકિસ્તાને આતંકવાદી સમજીને સામાન્ય નાગરિકો પર કર્યો ડ્રોન એટેક

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩૧ ।

પાકિસ્તાનની સેનાએ આતંકીઓને ટાર્ગેટ બનાવતાં કરેલા ડ્રોન હુમલામાં સ્થાનિકોએ પણ જીવ ગુમાવ્યા છે. ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલામાં નવ લોકોએ જીવ ગુમાવ્યા છે. સ્થાનિકોનો દાવો છે કે, મૃતકો સ્વાત જિલ્લાના પશુ ચરાવનારા હતા : તેમનો આતંકીઓ સાથે કોઈ સંબંધ નથી. બીજી તરફ પાકિસ્તાની સેનાએ દાવો કર્યો છે, આતંકવાદીઓની છાવણીમાં કરવામાં આવેલા હુમલામાં ૧૨ આતંકીઓ માર્યા ગયા છે. પાકિસ્તાનની સેનાએ શનિવારે સવારે આતંકવાદ વિરોધી અભિયાન હેઠળ મરદાન જિલ્લાના કટલાંગમાં આવેલા સુદૂર પહાડી વિસ્તારમાં આતંકવાદીઓની છાવણી પર હુમલો કર્યો હતો.

### વિનાશક ભૂકંપના પગલે

# મ્યાનમારનું બીજું સૌથી મોટું શહેર મંડાલય સ્મશાનમાં ફેરવાયું

। (એજન્સી) મંડાલય, તા.૩૧ ।

શુક્રવારે આવેલા વિનાશક ભૂકંપ બાદ મ્યાનમારનું બીજું સૌથી મોટું શહેર મંડાલય સ્મશાનમાં ફેરવાઈ ગયું હોય તેવી સ્થિતિ છે. ચારે બાજુ મૃતદેહો અને સ્વજનોના આક્રંદ વચ્ચે રાહત કામગીરી ચાલી રહી છે. વહીવટી તંત્ર અને સ્વયંસેવકો દ્વારા કાટમાળ નીચે દબાયેલા લોકોને ઉગારવા પ્રયાસ થઈ રહ્યા છે. અનેક કિસ્સામાં કાટમાળ નીચે દબાયેલા લોકોના આક્રંદના અવાજ રાહતકર્મીઓને સંભળાય છે અને પીડિતોને બચાવવા તંત્ર મચી પડે છે, પરંતુ રાહત પહોંચે તે પહેલાં અસરગ્રસ્તોનો મોત આંબી ગયું હોય તેવા દૃશ્યો ઠેર-ઠેર જોવા મળે છે. શુક્રવારે મ્યાનમારમાં ૭.૭ મેગ્નિટ્યુટનો ભૂકંપ આવ્યો હતો, જેનું એપિ સેન્ટર મ્યાનમારનું બીજું સૌથી મોટું શહેર મંડાલય હતું. આ શહેરમાં વિશાળકાય ઈમારતો પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈ હતી અને હાઈવે જર્જરિત કપડાની જેમ ચિરાઈ ગયા હતા.

ઘટનાના બે દિવસ બાદ પણ રાહત કામગીરીમાં અપેક્ષા મુજબની સફળતા મળતી નથી. મંડાલય શહેરની ગલીઓમાં અનેક મૃતદેહો રઝળી રહ્યા છે. મૃતદેહોમાંથી આવતી દુર્ગંધની વચ્ચે જીવિત રહેલા લોકોની આંખોમાં પોતાના સ્વજનને ગુમાવ્યાનું દુઃખ છલકાઈ રહ્યું છે. વિનાશકારી ભૂકંપે આ વિસ્તારમાં ૧૬૦૦થી વધુનો ભોગ લીધો છે અને હજુ ઘણાં લોકો કાટમાળ નીચે દટાયેલા છે. મ્યાનમારમા ભૂકંપગ્રસ્તોની સહાય કરી રહેલા સ્વયંસેવક કિઆઉ મીન પોતાના શહેરની વાત કરતાં-કરતા રડી પડ્યા હતા. તેમણે કહ્યું હતું કે, આખું શહેર તબાહ થઈ ગયું છે.

ચારે બાજુ મૃતદેહો છે. અમને કાટમાળ નીચે દબાયેલા લોકોના આક્રંદ સંભળાય છે, પરંતુ અમે તેમના સુધી સમયસર પહોંચી શકતા નથી. ભૂકંપ પહેલા અને તે પછીના મ્યાનમારની સેટેલાઈટ તસવીરો મનને હચમચાવી નાખે તેવી છે. મૃત્યુનો સત્તાવાર આંકડો ૧૬૦૦ને આંબી ગયો છે અને ૩,૪૦૮ લોકો ઘાયલ છે. કાટમાળ નીચેથી સતત મૃતદેહો મળી રહ્યા છે, જેના લીધે મૃત્યુ આંક વધવાનું નિશ્ચિત છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મધ્યપ્રદેશના ભોપાલમાં સદકાળ ગુજરાત કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો

| અમદાવાદ, તા.૩૧ |

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં સદાકાળ ગુજરાત કાર્યક્રમનું ઉદઘાટન કરતાં કહ્યું કે, ગુજરાત એ માત્ર ચાર અક્ષરનો શબ્દ ન રહેતા સર્વાંગી વિકાસનો પર્યાય બની ગયો છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે રીન્યુએબલ એનર્જી વોટર ગ્રીડ ગેસ ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અગ્રેસર ગુજરાત નવા યુગના ઉભરતા ક્ષેત્રો સેમીકંડક્ટર ગ્રીન ગ્રોથે વગેરેમાં પણ લીડ લેવા સંપૂર્ણ સજ્જ છે. મુખ્યમંત્રીશ્રીએ ભોપાલમાં વસતા ૨૦૦૦થી વધુ ગુજરાતી પરિવારો સમક્ષ આ સદાકાળ ગુજરાત કાર્યક્રમમાં રાજ્યના વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરવા સાથે દેશના વિકાસ રોલ મોડલ તરીકે ગુજરાતની પ્રગતિ ગાથા વર્ણવી હતી. સદાકાળ ગુજરાત કાર્યક્રમ રાજ્ય સરકારના બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા દર વર્ષે દેશના વિવિધ રાજ્યોમાં યોજવામાં આવે છે.આ કાર્યક્રમનો હેતુ અન્ય રાજ્યોમાં વસતા મૂળ ગુજરાતના પરિવારો- લોકોનો ગુજરાત સાથે ગુજરાતના વિકાસ સાથે સંબંધસેતુ વધુ સંગીના બનાવવાનો છે. આ પરંપરામાં ૨૦૨૫ના વર્ષનો સદાકાળ ગુજરાત કાર્યક્રમ મધ્યપ્રદેશની રાજધાનીમાં યોજવામાં આવ્યો હતો. ૨૦૨૪માં આવો કાર્યક્રમ કર્ણાટક બેંગ્લોરમાં યોજાયો હતો.

મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી રાજેન્દ્ર શુક્લ, સાંસદ શ્રી વિષ્ણુદત્ત શર્મા તથા ગુજરાત રાજ્ય બિન નિવાસી પ્રભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવી આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ



આ અવસરે ગુજરાતી ફૂડ ફેસ્ટિવલનો પણ પ્રારંભ કરાવ્યો હતો અને ગુજરાતી સમાજના અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલએ કહ્યું કે ગુજરાત જ્યારે ૧૯૬૦માં અલગ રાજ્ય બન્યું ત્યારે રણ દરિયો અને ડુંગર ધરાવતું આ રાજ્ય કેવી રીતે વિકાસ કરશે તે સૌના મનમાં પ્રશ્ન હતો. એ જ ગુજરાત આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. તેમણે ઉમેર્યું કે વીજળીની તંગી, પાણીની અછત, રોડરસ્તાનો અભાવ, જેવી વિકટ સ્થિતિ હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસનદાયિત્વ સંભાળતાં સ્થિતિમાં બદલાવ આવ્યો છે. તેમણે નર્મદાનું પાણી કચ્છ સુધી પહોંચાડ્યું, વીજળી ૨૪ કલાક મળતી થઈ, આરોગ્યસેવાઓ ગ્રામીણ વિસ્તારોમાં પહોંચી છે. ગુજરાતે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ કરેલી વાઈબ્રન્ટ સમિટ આજે દેશના અન્ય રાજ્યોમાં શરૂ થઈ છે, તેમા ઉલ્લેખ કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વાઈબ્રન્ટ સમિટ ગુજરાતને રોજગારી સર્જનમાં અગ્રેસર રાખવા સાથે વિદેશના રોકાણકારોને પણ ગુજરાતમાં રોકાણ કરવા પ્રેરિત કર્યા છે. આજે વિશ્વની ટોપ-૫૦૦માંથી ૧૦૦ કંપનીઝ ગુજરાતમાં છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાનશ્રીએ આપેલા એક ભારત શ્રેષ્ઠ ભારતના વિચારને સાકાર કરવામાં આવા સદાકાળ ગુજરાત જેવા કાર્યક્રમો ઉપયુક્ત બન્યા છે, તેની ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે દેશના રાજ્યો એકબીજાની વિકાસ-વાતો બેસ્ટ પ્રેક્ટિસીસનું પરસ્પર આદાન-પ્રદાન કરીને વિકસિત ભારત માટે સૌ સાથે મળીને આગળ વધવું છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે મધ્યપ્રદેશમાં વસતા ગુજરાતી પરિવારો મધ્યપ્રદેશના વિકાસમાં પણ અગ્રીમ યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાતનો મંત્ર સૌ ગુજરાતીઓ દેશમાં જ્યાં પણ વસે છે ત્યાંના વિકાસમાં યોગદાન આપીને પાર પાડે છે તેનો આનંદ પણ તેમણે દર્શાવ્યો હતો.

રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલે મધ્યપ્રદેશના પ્રથમ નાગરિક તરીકે સદાકાળ ગુજરાત જેવા કાર્યક્રમો મધ્યપ્રદેશમાં આયોજન કરવા અંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ગુજરાતીઓની વિશેષતા છે કે જ્યાં જાય ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી જાય છે. મધ્યપ્રદેશમાં અંદાજે બે લાખ જેટલા ગુજરાતીઓ વસવાટ કરે છે તેનું આ પ્રદેશના વિકાસમાં મોટું યોગદાન છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીએ સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસનો મંત્ર આપ્યો છે, તેના પરિણામે દેશના સૌ લોકોનો વિકાસમાં સહયોગ મળે છે. ભારત વડાપ્રધાન શ્રી ના નેતૃત્વમાં આના પરિણામે વિશ્વગુરુ બનશે જ તેમ તેમણે દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું.

## અમદાવાદમાં સોનાનો ભાવ ફરી રેકોર્ડ ટોચે, માર્ચમાં રૂપિયા ૫૫૦૦ સુધી મોંઘું થયું

| (એજન્સી) અમદાવાદ, તા.૩૧ |

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફની જાહેરાતોના કારણે કિંમતી ધાતુમાં તેજીનો જુવાળ જોવા મળ્યો છે. સોના-ચાંદીના ભાવ સતત નવી રેકોર્ડ ટોચ નોંધાવાની સાથે અમદાવાદ સોના-ચાંદી બજારમાં સોનું માર્ચ મહિનામાં રૂ. ૫૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ મોંઘું થયું છે. વૈશ્વિક બુલિયન બજારમાં વર્ષ ૧૯૮૬ બાદ સોનામાં આકર્ષક તેજી જોવા મળી છે.ટ્રમ્પે કાર પર ૨૫ ટકા ટેરિફ લાદવાની સાથે એપ્રિલમાં રેસિપ્રોકલ ટેરિફ લાદવાની મક્કમતા દર્શાવતાં વૈશ્વિક અનિશ્ચિતતાઓ વધી છે. અમેરિકામાં ફુગાવાના અંદાજ સામે ડોલર ઈન્ડેક્સ પણ તૂટ્યો છે. આ અનિશ્ચિતતાઓના વાદળો વચ્ચે રોકાણકારો સેફ હેવન તરફ ડાયવર્ટ થયા છે. સેન્ટ્રલ બેંક્રો પણ મોટાપાયે સોનાની ખરીદી નોંધાવી રહી હોવાથી સોનાના ભાવ રોજ નવી રેકોર્ડ ટોચ નોંધાવી રહ્યા છે. વૈશ્વિક પરિસ્થિતિઓના કારણે સોના-ચાંદીની ખરીદી સતત વધી રહી છે. અમદાવાદમાં સોનું આજે વધુ રૂ. ૮૦૦ ઉછળી નવી રૂ. ૯૩૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. ચાંદ રૂ. ૧,૦૦,૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહ્યું છે.


## ગુજરાતના ૭ જિલ્લાની સુજલામ સુફલામ કેનાલમાં પાણી બંધ કરાશે

| (એજન્સી) ગાંધીનગર, તા.૩૧ |

ગુજરાતમાં ખેડૂતો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. એક તરફ વાતાવરણમાં પલટો આવ્યો છે, ત્યારે હવામાન વિભાગે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી છે. તો બીજી તરફ ભર ઉનાળે રાજ્યના ૭ જિલ્લા માટે જીવાદોરી સમાન સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાનું બંધ કરાશે. કડાણા ડેમમાં પાણીનો જથ્થો ઘટતા કેનાલમાં પાણી છોડવાનું બંધ કરવાનો સિંચાઈ વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે ખેડૂતોની હાલત કફોડી બનશે તે નક્કી છે. સિંચાઈ વિભાગ સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાનું બંધ કરશે તો અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, સાબરકાંઠા, મહેસાણા, મહીસાગર જિલ્લાના ખેડૂતોને ભર ઉનાળે પાણી વગર હાલાકી ભોગવવી પડશે. મોટાભાગના ખેડૂતો શિયાળા બાદ ખેતી કરવા માટે કેનાલના પાણી પર નિર્ભર હોવાથી સિંચાઈ વિભાગના આ નિર્ણય બાદ ખેડૂતોને પોતાના પાકની ચિંતા સતાવી રહી છે.

## હવે કટરાથી શ્રીનગરની મુસાફરીમાં ફક્ત 3 કલાક લાગશે

### વંદે ભારત સાથે આ રૂટ પર મુસાફરી હવે સરળ બનશે



| અમદાવાદ, તા.૩૧ |

USBRL પ્રોજેક્ટ પછી, ઘણા વર્ષોની રાહનો અંત આવશે. જમ્મુ અને શ્રીનગર વચ્ચે વંદે ભારત ચલાવવાથી ઘણા કલાકોનો સમય બચશે. કટરાથી શ્રીનગરની મુસાફરી હવે ફક્ત ૩ કલાકમાં થશે. હાલમાં રોડ માર્ગે મુસાફરી કરવામાં ૬ થી ૭ કલાક લાગે છે. હાલમાં,કટરા અને શ્રીનગર વચ્ચે વંદે ભારત ચલાવવાનું આયોજન છે. હાલમાં, ખીણમાં શ્રીનગરથી સાંગલદાન સુધી ટ્રેનો દોડે છે. હવે, સાંગલદાનથી કટરા સુધીની રેલ્વે લાઈન ખુલ્યા પછી, આ ટ્રેનો કટરા સુધી દોડી શકાશે.

USBRL પ્રોજેક્ટ: કાઝીગુંડ-બારામુલ્લા સેક્શન વર્ષ ૨૦૦૯ માં શરૂ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૩ માં ૧૮ કિમી બનિહાલ-કાઝીગુંડ સેક્શન, વર્ષ ૨૦૧૪ માં ૨૫ કિમી ઉધમપુર-કટરા, વર્ષ ૨૦૨૩ માં બનિહાલ થી સાંગલદાન અને હવે સાંગલદાન થી કટરા વચ્ચે શરૂ થવા જઈ રહ્યું છે. વિશ્વનો સૌથી ઊંચો રેલ આર્ચ બ્રિજ - ચેનાબ બ્રિજ આ પ્રોજેક્ટનો એક ભાગ છે. હવે ટનલ, પુલ અને ખીણોને કારણે રેલ મુસાફરી વધુ આનંદપ્રદ બનશે.

### ૩૦થી વધુ વાહન બળીને ખાખ

## અમદાવાદના ઓઢવ બ્રિજ નીચે લાગી ભીષણ આગ

### ટ્રાફિક પોલીસ દ્વારા ડિટેઇન કરેલા વાહનો મૂકવામાં આવ્યા હતાં : ફાયર બ્રિગેડ આગને કાબૂમાં લીધી હતી

| (એજન્સી) અમદાવાદ, તા.૩૧ |

અમદાવાદ રીંગરોડ પર ઓઢવ બ્રિજ નીચે સોમવારે સવારે વાહનોમાં આગ લાગી હતી, જ્યાં ટ્રાફિક પોલીસ દ્વારા ડિટેઈન કરેલા વાહનો મૂકવામાં આવ્યા હતાં. ફાયર બ્રિગેડની બે ગાડીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. આગમાં કુલ ૩૩ ટુ વ્હીલર અને ૨ ગાડીઓ ખાક થઈ ગઈ હતી. જેમાં ૨૨ ડિટેઈન કરેલાં વાહનો હતાં અને ૧૧ ટુ વ્હીલર અન્ય લોકોનાં પાર્ક કરેલાં હતાં. ઓઢવ બ્રિજ નીચે પોલીસે કાર્યવાહી દરમિયાન ડિટેઈન કરેલા વાહનો પાર્ટ કરવામાં આવ્યા હતા. સવારે સાત વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો



કે, રિંગરોડ પર ઓઢવ પોલીસ સ્ટેશનની સામે બ્રિજની નીચે વાહનોમાં આગ લાગી છે. જેથી તાત્કાલિક ધોરણે ઓઢવ ફાયર સ્ટેશનની બે ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ પહોંચી ત્યારે બ્રિજની નીચે પડેલાં ટુ-વ્હીલર અને ગાડીમાં આગ લાગી હતી. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી.

## ઝાલોદની ઈદગાહમાં સામૂહિક ઈદ ઉલ-ફિત્રની નમાજ અદા કરી મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ઈદની શુભેચ્છા પાઠવી

### પવિત્ર રમજાન માસના અંતે ચાંદ જોઈને એ ઈદુલ ફિત્ર મનાવવામાં આવે છે





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ |

ઝાલોદ નગરમાં સવારે સાત વાગ્યાના બધા મુસ્લિમ સમાજના લોકો ભેગા થઈને બજાર તરફથી મુસલમાન ઈદગાહ તરફ જઈ અને ઈદગાહમાં ઈદની નમાજ અદા કરતા હોય છે ઈદની નમાજ પછી કબ્રસ્તાનમાં પોતાના પરિવારના મરહુમો યાદ કરીને ફાતિયા દુરુદ પડી ને પાછા પોતાના ઘર તરફ આવતા હોય છે અને એક બીજા ને ઈદ ની શુભેચ્છા પાઠવતા હોય છે અને બાળકોને ઈદી સ્વરૂપે પૈસા આપતા હોય છે.

ઈસ્લામ ધર્મનો એક પવિત્ર તહેવાર છે રમજાન માસના અંતે ચાંદ જોઈને આ તહેવાર મનાવવામાં આવ્યો આવે છે એટલા માટે આ દુનિયાના અલગ અલગ દેશમાં ઈદની તારીખ અલગ અલગ પડે છે કેટલીક જગ્યાએ આજે ઈદ મનામા આવશે ઈસ્લામ ધર્મના પર્વને મીઠી ઈદના નામથી પણ ઓળખવામાં આવે છે મીઠી ઈદ એટલા માટે કારણ કે આ ઈદમાં ખાસ પ્રકારના મીઠા પકવાન બનાવવામાં આવે છે

ઈદના તહેવાર ખુશીઓનો તહેવાર છે હકીકતમાં આ કરવા પહેલાં રમઝાનના ધાર્મિક મહિના ઈસ્લામિક ધર્મને માનતા લોકો એક મહિના સુધી રોજા રાખે છે રમજાન મહિનામાં મુસલમાનોનું રોજા રાખવું જરૂરી હોય છે આ પર્વત ત્યાગ અને પોતાના ધર્મ પ્રત્યે સમર્પણ દર્શાવે છે આ પર્વ દર્શાવે છે કે માનવતા માટે પોતાના શ્રેષ્ઠ ઉત્સાહનો ત્યાગ કરવો જોઈએ જેનાથી એક શ્રેષ્ઠ સમાજનું નિર્માણ થઈ શકે છે

### ગુજરાતનો વિચિત્ર કિસ્સો

## સરદાર વલ્લભભાઈ પટેલની ૬ વીઘા જમીન હડપી લીધી

| (એજન્સી) અમદાવાદ, તા.૩૧ |

ગુજરાતમાં ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જમીનને નકલી દસ્તાવેજ બનાવીને વેચવાનો કેસમાં કોર્ટે ત્રણ લોકોને બે વર્ષની જેલની સજા ફટકારી છે. રાજ્યમાં ચોંકાવનારો આ કેસ ખેડા જિલ્લામાંથી સામે આવ્યો છે. જો કે લાંબા ચાલેલા આ કેસમાં એક આરોપીનું મૃત્યુ થઈ ચુક્યુ છે. લોખંડી પુરુષ સરદાર પટેલની જમીન હડપવાના આઓ કેસમાં કોર્ટનો ચુકાદો આવ્યો બાદ સૌ કોઈ ચોંકી ગયા હતા. ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકાની કોર્ટે આ ચુકાદો સંભળાવ્યો છે. ચુકાદા અનુસાર, મહેમદાબાદના ગડવા ગામમાં સર્વે નંબર ૨૭૦ પર એક જમીનનો ટુકડો ગુજરાત પ્રાંતીય સંઘ સાથે સરદાર વલ્લભભાઈ જાવરભાઈના નામ પર રજીસ્ટર્ડ હતો. જ્યારે સરકારે ૨૦૦૪ માં મહેસૂલ રેકોર્ડનું કમ્પ્યુટરાઈઝેશન કર્યું, ત્યારે જમીનની લાક્ષણિકતાઓ ભૂલથી બદલવામાં આવી.

### એક મહિના બાદ ખૂલ્યું રહસ્ય

## પતિની શંકાથી કંટાળી પત્નીએ પોતાના બાળકની કરી હત્યા

### એક મહિના પહેલાં ૨ વર્ષના બાળકનો મૃતદેહ કૂવામાંથી મળી આવ્યો હતો : તપાસ બાદ હત્યાનો ખુલાસો થયો

| (એજન્સી) રાજકોટ, તા.૩૧ |

રાજકોટમાં એક મહિના પહેલાં ૨ વર્ષના બાળકનો મૃતદેહ કૂવામાંથી મળી આવ્યો હતો. આ મામલે પોલીસ તપાસ બાદ હવે હત્યાનો ખુલાસો થયો છે. એક મહિના બાદ પોલીસ તપાસમાં ખુલાસો થયો કે, પિતાની શંકાથી કંટાળીને બાળકની સગી માતાએ જ બાળકની હત્યા કરી દીધી હતી. રાજકોટમાં બેડી નજીક ૨૩ ફેબ્રુઆરી કૂવામાંથી શંકાસ્પદ રીતે ૨ વર્ષના બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર બ્રિગેડની મદદથી ત્યારે મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. બાદમાં બાળકનું પોસ્ટમોર્ટમ કરી આપસાપસના વિસ્તારમાંથી ગુમ થયેલા બાળકની વિગતોના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. અંતે એક મહિના બાદ થોરાળા પોલીસને આ મામલે સફળતા મળી હતી. જેમાં સામે આવ્યું કે, આ બાળક થોરાળાના ભારતનગરમાં રહેતી ભાનુબેન કીહલ નામની મહિલાનું હતું. તેણે પોલીસ સ્ટેશનમાં બાળક ગુમ થયા હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ મામલે તે પોતાના પતિને ફસાવવા માટે કાવતરૂ ઘડી રહી હતી. પરંતુ, પોલીસ તપાસમાં બાદમાં તેણે સત્ય હકીકતનો ખુલાસો કર્યો હતો.

## ડુંગળીના ભાવ ગગડતા ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો

| (એજન્સી) રાજકોટ, તા.૩૧ |

રાજ્યમાં ખેડૂતોને લઈને ફરી એકવાર ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવકોમાં સતત વધારો થઈ રહ્યો છે, પરંતુ એકાએક ભાવમાં ઘટાડો થતાં ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. હાલમાં રાજકોટ માર્કેટ યાર્ડમાં ડુંગળીના ભાવ મણ દીઠ ૧૦૦ થી ૩૦૦ બોલાઈ રહ્યાં છે, જેના કારણે ઉત્પાડન પડતર કરતાં ખેડૂતો નીચા ભાવે ડુંગળી વેચવા મજબૂર બન્યા છે. ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ડુંગળીનો મબલખ પાક થયો છે પંરતુ ભાવ ના મળતા ડુંગળીના ખેડૂતોને ફરી એકવાર રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. તાજા અપડેટ પ્રમાણે, અત્યારે રાજકોટ સહિતના માર્કેટયાર્ડમાં ડુંગળીના ભાવમાં ભારે ભરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. અહીં એક મણ ડુંગળીનો ભાવ માત્ર ૧૦૦થી ૩૦૦ મળતો હોવાનો ખેડૂતોનો દાવો છે. લાલ ડુંગળી, સફેદ ડુંગળી અને પીળીપતી ડુંગળીની મબલખ આવકથી ભાવ ગગડ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. રાજકોટ માર્કેટયાર્ડમાં દરરોજની ૫ હજાર ગુણી ડુંગળીની આવક નોંધાઈ રહી છે. આ સાથે જ વાંકાનેર સહિતના વિસ્તારોમાંથી પણ પીળીપતી ડુંગળીની આવકો થઈ રહી છે. ખાસ વાત છે કે, ડુંગળીની નિકાસ પરના પ્રતિબંધો હટાવ્યા બાદ પણ સ્થિતિ જેમની તેમ જ છે. ચિંતાની વાત તો એ છે કે, ડુંગળીના ખેડૂતો પોતાની ઉત્પાદન પડતર કરતા ૨૦૦ રૂ. નીચા ભાવે ડુંગળીનું વેચાણ કરવા મજબૂર બન્યા છે. વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી આંબાવાડીઓમાં પુષ્કળ પ્રમાણમાં મોર આવ્યો હતો. પરંતુ કમનસીબે, સમગ્ર મોર ખરી પડતાં કેરીનું ઉત્પાદન થશે કે કેમ તે અંગે ગંભીર સવાલો ઉભા થયા છે. વલસાડ જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખે દાવો કર્યો છે કે જિલ્લામાં કેરીના પાકને ૮૦ થી ૯૦ ટકા જેટલું જંગી નુકસાન થયું છે. ખેડૂત સમાજના પ્રમુખ ભગુભાઈ પટેલના જણાવ્યા અનુસાર, આ વર્ષે આંબાવાડીઓમાં કેરીનો મોર તો ખૂબ સારો આવ્યો હતો, પરંતુ ફલીકરણ ન થવાના કારણે કેરીના પાકને ભારે નુકસાન થયું છે.

## સક્ષમ અધિકારી તથા ખાતેદારોની પરવાનગી લીધા વિના કારઠ ગામે સંયુક્ત માલિકીની 30 ગુંઠા જમીન વેચાણ રાખતાં પોલીસમાં ફરિયાદ નોંધાઇ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ |

ઝાલોદ તાલુકાના કારઠ ગામે ખરસોડ ફળિયામાં કોઈ પણ સક્ષમ અધિકારીની પરવાનગી લીધા વગર તથા અન્ય ખાતેદારોની મંજૂરી લીધા વિના સંયુક્ત માલિકીની જમીનમાંથી ૩૦ ગુંઠા જમીન એક ખાતેદાર પાસેથી બારોબાર વેચાણ રાખી તે જમીનમાં પાકુ ધાબાવાળું બે માળનું મકાન, મંદિર તથા બોર બનાવી જમીન પચાવી પાડી હોવાની એક ફરિયાદ લીમડી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઝાલોદ તાલુકા ના કારઠ ગામના ખરસોડ ફળિયામાં રહેતા ૭૦ વર્ષીય જયંતીભાઈ નારજીભાઈ ડામોરની કારઠ ખરસોડ ફળિયામાં આવેલ સંયુક્ત માલિકીની ખાતા નં-૩૬૨ રે.સ.નં-૬૮/૧ વાળી જમીનમાંથી ૩૦ ગુંઠા જેટલી જમીન ૭૩ (એએ) નવી અને અવિભાજ્ય સત્તા પ્રકારની હોવા છતાં સક્ષમ અધિકારીની પરવાનગી લીધા વગર તેમજ જયંતીભાઈ નારજીભાઈ ડામોરની સંયુક્ત માલિકીની હોવા છતાં તે તે માલિકીની જમીનના બધા ખાતેદારોની કોઈપણ પ્રકારની મંજૂરી મેળવ્યા વગર તે પૈકીના એક ખાતેદાર નૂરાભાઈ શકજીભાઈ ડામોર પાસેથી કારઠ ગામના ખરસોડ ફળિયામાં રહેતા કાંતિભાઈ સોમજીભાઈ ડામોરે વેચાણ રાખી જયંતીભાઈ ડામોર કે જયંતીભાઈ ડામોરના છોકરાઓને તે જમીનમાં ખેતી કામ કરવા નહીં દઈ, તે જમીન ઉપર પાકુ ધાબાવાળું બે માળનું મકાન અને તેની બાજુમાં મંદિર તથા પાણીનો બોર પણ બનાવી દઈ જમીન પચાવી પાડી હતી. આ સંબંધે કારઠ ગામના ખરસોડ ફળિયામાં રહેતા જયંતીભાઈ નારજીભાઈ ડામોરે લીમડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લીમડી પોલીસે આ સંદર્ભે કારઠ ગામના ખરસોડ ફળિયામાં રહેતા કાંતિભાઈ સોમજીભાઈ ડામોર વિરુદ્ધ ગુજરાત જમીન પચાવવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ની કલમ ૩, ૪,૫(ઘ) મુજબ લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી

જોકે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવતા પોલીસ દ્વારા કાંતિ ભાઈની અટકાયત કરતા કાંતિ ભાઈના પુત્ર દ્વારા જયંતિ ભાઈ અને તેમના પુત્રને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાનું પણ જયંતિ ભાઈના પુત્ર અનિલ ભાઈ ડામોર દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ઝાલોદ નગરપાલિકા દ્વારા

## વેસ્ટ કચરાને બાળવામાં આવતા પંચશીલ સોસાયટી વિસ્તારના રહીશોના આરોગ્ય સાથે રમાતી રમત

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ |

ઝાલોદ નગરપાલિકા દ્વારા નગરના અલગ અલગ વિસ્તારો માથી કચરો લઈ જઈ અનાજ ગોડાઉન પાછળ ઠાલવવામા આવે છે. નગરપાલિકા વિસ્તારનો સમગ્ર કચરો અહીંયા જ નાખી બાળવામાં આવતું હોય છે તેથી આ વિસ્તારની નજીક આવેલ પંચશીલ સોસાયટીના રહીશો દ્વારા આ કચરો અહીંયા ન બાળવા માટે એક અરજી પણ કરવામાં આવી છે. ફક્ત પંચશીલ સોસાયટી જ નહીં પરંતુ આ કચરાને બાળવામાં આવતા આ ઝેરી તેમજ દુર્ગંધ મારતા કચરાનો ધુમાડો બીજી અન્ય સોસાયટીમા પણ જતો હોય છે. આ ઝેરી તેમજ દુર્ગંધ મારતા ધુમાડા થી સોસાયટી વિસ્તારના રહીશોમા ખાંસી તેમજ અન્ય બીમારીઓ એ ઘર કરી લીધું છે. આ કચરાને બાળતા મોટી ઉંમરના રહીશો જલ્દી બીમાર થઈ રહેલ છે. આમ નગરપાલિકાને કચરો ન બાળવા લેખિત તેમજ મૌખિક રજૂઆતો કર્યા બાદ પણ પાલિકા તંત્ર બિલકુલ બે ધ્યાન બની બિન્દાસ રીતે સોસાયટી વિસ્તારના રહીશોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહેલ હોય તેવું લાગી રહેલ છે. પાલિકા તંત્ર આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં લઈ રસ દાખવી આ સમસ્યાનું સચોટ નિરાકરણ લાવે તેવું સોસાયટી વિસ્તારના રહીશો ઈચ્છી રહેલ છે. હવે જોવાનું રહ્યું પાલિકા તંત્ર પોતાની આળસ ખંખેરી આ મુદ્દા પર કેટલું ધ્યાન આપે છે.